# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 213 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ભાદ્રપદ વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 September 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


તરોતાજા પૂર્તિ ૭ ૮ ૯ ૧૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નેપાળમાં હિંસાઃ ૨૪નાં મોત, ૨૫૦ ઘાયલ

## સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મુકાતા યુવાનોનું રમખાણઃ કર્ફ્યૂ લદાયો, લશ્કર ગોઠવાયું






કાઠમંડુઃ નેપાળ સરકારે સોશ્યલ મીડિયા પર લાદેલા પ્રતિબંધના વિરોધમાં યુવાનોએ કરેલા હિંસક રમખાણમાં ઓછામાં ઓછા ૨૪ જણનાં મોત થયાં હોવા ઉપરાંત અંદાજે ૨૫૦થી વધુ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. રમખાણો વધુ હિંસક બનતાં વટીવટી તંત્રને કાઠમંડુમાં પરિસ્થિતિને અંકુશમાં લેવા સૈન્યની મદદ લેવાની ફરજ પડી હતી. નેપાળના ગૃહ પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું.

નેપાળમાં આકાર લઈ રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે નેપાળ સરહદે પહેરો વધારી દીધો હતો.

નેપાળમાં કાઠમંડુ, પોખરા સહિત અનેક સ્થળે કર્ફ્યૂ લદાયો હતો. જનરેશન ઝેડના બેનર હેઠળ શાળાના વિદ્યાર્થીઓ સહિત હજારો યુવાનો કાઠમંડુસ્થિત સંસદની ઈમારતની સામે પોલીસ સાથે અથડામણમાં ઊતર્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા લશ્કરને બોલાવવું પડ્યું હતું.

અમુક પ્રદર્શનકર્તાઓ સંસદના પરિસરમાં પ્રવેશ્યા બાદ વિરોધપ્રદર્શન હિંસક બન્યું હતું જેને કારણે લોકોને

(જુઓ પાનું ૨) ▶▶

# સોના, ચાંદીમાં તેજી

## શુદ્ધ સોનામાં ₹ ૧૬૯૯નો, ચાંદીમાં ₹ ૧૨૪૩નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના રોજગારીના ડેટા નબળા આવ્યા હોવાથી આગામી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો જમ્બો રેટ કટ કરે તેવા આશાવાદ સાથે ગત શુક્રવારે સોનાના ભાવમાં ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે તેજીનું વલણ જળવાઈ રહેતા એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૩૬૨૨.૦૭ ડૉલરની સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા હતા તેમ જ ચાંદીના ભાવમાં પણ ૦.૮ ટકા જેટલી તેજી આવી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૯૨થી ૧૬૯૯નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવે રૂ. ૧.૦૮ લાખની સપાટી કુદાવી હતી. તેમ જ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૪૩નો ચમકારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૯૨ વધીને રૂ.

(જુઓ પાનું ૨) ▶▶






# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જીતવી રાધાકૃષ્ણન માટે સરળ હશે

નવી દિલ્હીઃ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જીતવી એનડીએના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણન માટે બહુ સરળ હશે.

રાજ્યસભામાં છ અને લોકસભામાં એક બેઠક ખાલી હોવાને કારણે હાલમાં મતદાર સાંસદોનું કુલ સંખ્યાબળ ૭૮૧ છે. એનડીએ પાસે ૪૨૫ તો વિપક્ષની છાવણી પાસે ૩૨૪ સાંસદ છે. ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી જિતવા માટે જરૂરી બહુમતી માટે ૩૯૧ના જાદુઈ આંકડા સુધી

(જુઓ પાનું ૨) ▶▶

## બે પક્ષ દ્વારા બહિષ્કાર

નવી દિલ્હી : ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીનો બહિષ્કાર કરવાનો ઓડિશા અને તેલંગણાના મુખ્ય વિરોધ પક્ષોએ લીધો છે. બીજુ જનતા દળ અને ભારતીય રાષ્ટ્ર સમિતિ ચૂંટણીનો બહિષ્કાર કરશે. રાજ્યસભામાં બીજુ જનતા દળના સાત અને ભારતીય રાષ્ટ્રીય દળના ત્રણ સાંસદો છે એટલે ઓછામાં ઓછા દસ સાંસદો ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં મતદાન નહીં કરે.

બીજુ જનતા દળ (બીજદ)ના સંસદસભ્યો ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ગેરહાજર રહેશે, એવી જાહેરાત આ પક્ષે કરી

(જુઓ પાનું ૨) ▶▶

# 'આધાર'ને મતદારના ઓળખપત્ર તરીકે માન્ય રાખવા આદેશ

## સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કર્યો હુકમ

નવી દિલ્હીઃ બિહારમાં મતદાર યાદીમાં સુધારાની ચાલી રહેલી કવાયત દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)માં મતદારની ઓળખના પુરાવાના ૧૨મા દસ્તાવેજ તરીકે આધાર કાર્ડને માન્ય રાખવાનો ચૂંટણી પંચને સોમવારે આદેશ આપ્યો હતો.

બિહારમાં હાલ ચાલી રહેલી એસઆઈઆર માટે મતદાર યાદીમાં નામ નોંધાવવા મતદારની ઓળખ સ્થાપિત કરવા માટે જુદા જુદા ૧૧ દસ્તાવેજને માન્ય ગણવામાં આવ્યા છે.

ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની

(જુઓ પાનું ૨) ▶▶

# ક્રિકેટનો એશિયા કપ આજથી

## ૧૪ સપ્ટેમ્બરે પાકિસ્તાન સામે ટકરાશે ભારત

દુબઇઃ આજથી એશિયા કપ ક્રિકેટ ૨૦૨૫ શરૂ થશે. ભારતીય ક્રિકેટ ટીમ આ ટૂર્નામેન્ટ જીતવાની સૌથી મોટી દાવેદાર છે. આ વખતે એશિયા કપ ટી-૨૦ ફોર્મેટમાં રમાવાનો છે. ટીમ ઇન્ડિયા ૧૦ સપ્ટેમ્બરથી પોતાનું અભિયાન શરૂ કરશે. ગ્રૂપ-એની પહેલી મેચ ૧૦ સપ્ટેમ્બરે દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે રમાશે. એશિયા કપની બધી મેચ ભારતીય સમય મુજબ રાત્રે ૮ વાગ્યાથી રમાશે.

એશિયા કપ-૨૦૨૫ ની છઠ્ઠી મેચ ૧૪ સપ્ટેમ્બરના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાશે. આ હાઇ-વોલ્ટેજ મેચ પર બધા ક્રિકેટ ચાહકોની નજર છે. ભારતે ૨૦૦૭ થી પાકિસ્તાન સામે કુલ ૧૩ ટી-૨૦ મેચ રમી છે, જેમાંથી નવમાં જીત મેળવી છે. ટીમ ઇન્ડિયાને

(જુઓ પાનું ૨) ▶▶

# સુરતમાં રાહુલ ગાંધીના વકીલની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના વકીલ રહી ચૂકેલા સુરતના જાણીતા ધારાશાસ્ત્રી ફિરોઝ પઠાણે આપઘાત કરતાં વકીલ આલમમાં ઘેરા શોકની લાગણી ફરી વળી હતી. કૉંગ્રેસના પૂર્વ લીગલ કન્વીનર અને જાણીતા એડવોકેટ ફિરોઝ પઠાણ ડિપ્રેશનથી પીડાતા હતા. જેથી આ અંતિમ પગલુંભર્યું હોવાનું મનાય છે.

તેમણે ૫ સપ્ટેમ્બરના રોજ બપોરે લગભગ ૧૧ વાગ્યે કેબલ બ્રિજ પરથી તાપી નદીમાં ઝંપલાવ્યું હતું. મળતી માહિતી મુજબ, નદીમાં કૂદતા પહેલા ફિરોઝ પઠાણે તેમના જુનિયર વકીલ સાથે ફોન પર વાત

(જુઓ પાનું ૨) ▶▶

# બે ત્રાસવાદી ઠાર, બે જવાન શહીદ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : કાશ્મીરના કુલુગામના જંગલમાં લશ્કરની ત્રણ-ચાર આતંકવાદી સાથે અથડામણ થઈ હતી અને બે આતંકવાદીનું ઢીમ ઢાળી દેવાયું હતું અને બે જવાન શહીદ થયા હતા. અથડામણમાં લશ્કરના એક અધિકારી સહિત ચાર જવાન ઘાયલ થયા છે. બીજી બાજુ બીએસએફએ જમ્મુના આરએસ પુરામાં એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી છે. અધિકારીઓએ કહ્યું હતું કે સોમવારે દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના ગુડાર વનક્ષેત્રમાં આતંકવાદીઓ અને

(જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલનાં પત્ની ને રેખા ગુપ્તાના પતિમાં શું ફરક?

**દિલ્હીનાં** મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પોતાના સત્તાવાર નિવાસસ્થાનને આલિશાન બનાવવા પાછળ લાખો રૂપિયાનું આંધણ કર્યું તેનો વિવાદ શમ્યો નથી ત્યાં રેખા ગુપ્તાએ બોલાવેલી સત્તાવાર બેઠકમાં તેમના પતિદેવ મનિષ ગુપ્તા હાજર રહ્યાનો નવો ડખો ઉભો થયો છે. રેખા ગુપ્તાના પોતાના મતવિસ્તાર શાલિમાર બાગનાં વિકાસ કાર્યોની સમીક્ષા માટે ગુપ્તાએ અધિકારીઓ સાથે બોલાવેલી બેઠકમાં ગુપ્તાજી સદેહે હાજર તો રહ્યા પણ અધિકારીઓને સૂચનાઓ પણ આપી એવો આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે.

બહુ વખણાયેલી પંચાયત વેબ સિરીઝમાં મહિલા સરપંચ બનતાં નિના ગુપ્તા શોભાના ગાંઠિયા જેવાં સરપંચ હોય છે. તેમના બદલે તેમના પતિ બનતા રઘુવીર યાદવ જ નિર્ણયો લે છે અને પંચાયતની બેઠકોમાં હાજર રહે છે, બધો કારભાર એ સરપંચના પતિ જ કરે છે. આ વેબ સિરીઝને હવાલો આપીને આપના નેતાઓએ કટાક્ષ કર્યો છે કે, ભાજપે દિલ્હીને ફુલેરા ગ્રામ પંચાયત બનાવી દીધી છે. આપનું કહેવું છે કે, મુખ્યમંત્રીના પતિની સરકારી બેઠકમાં ગેરહાજરી સંપૂર્ણપણે ગેરબંધારણીય છે. ભાજપ દ્વારા દેશની રાજધાનીમાં, લોકશાહી અને બંધારણીય વ્યવસ્થાની મજાક ઉડાવવામાં આવી રહી છે. વંશવાદી રાજકારણ માટે કૉંગ્રેસની સતત ટીકા કરતી ભાજપે સમજાવવું જોઈએ કે, આ વંશવાદી રાજકારણ નથી?

ભાજપે રેખા ગુપ્તાના પતિદેવની સરકારી બેઠકમાં હાજરીનો બચાવ કરીને કહ્યુ છે કે, રેખા ગુપ્તાના પતિદેવ ગુપ્તાના મતવિસ્તારની દેખરેખ રાખે છે તેથી બેઠકમાં હાજર રહે તેમાં કશું ખોટું નથી. ભાજપે તો ભૂતકાળમાં ક્યા ક્યા મુખ્યમંત્રીનાં સગાં તેમના મતવિસ્તારની દેખરેખ રાખતાં હતાં તેની વિગતો પણ આપી છે.

ભાજપના આઈટી સેલના કર્તાહર્તા અમિત માલવિયે ટ્વિટ કરી છે કે, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને નિશાન બનાવવા માટે આમ આદમી પાર્ટીએ કંઈક વધારે નક્કર મુદ્દા શોધવો જોઈએ. રેખા ગુપ્તા પોતાના મતવિસ્તારની સમીક્ષા બેઠક કરી રહ્યા હતાં તેમાં મનિષ ગુપ્તા હાજર હતા કેમ કે આ મતવિસ્તારની દેખરેખ તેમના પતિ રાખે છે. ભૂતકાળમાં શીલા દીક્ષિતના મતવિસ્તારની દેખરેખ તેમનાં બહેન રમા ધવન કરતાં હતાં અને સુનિતા કેજરીવાલ અરવિંદ કેજરીવાલના મતવિસ્તારની દેખરેખ રાખતા હતા. ભાજપે ફુલેરા પંચાયતના કટાક્ષ સામે વળતો કટાક્ષ એ પણ કર્યો છે કે, મનિષ ગુપ્તા બેઠકમાં હાજર હતા પણ સુનિતા કેજરીવાલની જેમ મુખ્યમંત્રીનાી ખુરશી પર બેઠા ન હતા કે ગેરકાયદે આદેશો આપતા નથી. કેજરીવાલના સમયમાં સીનિયર અધિકારીઓને ''મુખ્યમંત્રી મેડમના નિર્દેશ મુજબ'' કામ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું એવું કશું મનિષ ગુપ્તાએ કર્યું નથી. માલવિયે તો મહિલા કાર્ડ રમીને એવો દાવો પણ કર્યો છે કે, રેખા ગુપ્તાને મહિલા છે અને સારું કામ કરીને અરવિંદ કેજરીવાલને સામાન્ય સાબિત કરી રહી છે.

ભાજપનો બચાવ સાવ વાહિયાત છે એ કહેવાની જરૂર નથી કેમ કે નિયમ પ્રમાણે મનિષ ગુપ્તા મતવિસ્તારની દેખરેખ રાખતા હોય તો પણ તેમને હાજર ના રાખી શકાય. ભૂતકાળમાં કેજરીવાલ કે શીલા દીક્ષિતે નિયમભંગ કરીને ખોટું કર્યું તેને આધાર બનાવીને ભાજપ પોતાને નિયમભંગનો અધિકાર છે એવું માને એ બકવાસ કહેવાય. લોકો પહેલાં કૉંગ્રેસ ને પછી આમ આદમી પાર્ટીથી કંટાળ્યાં એટલે ભાજપને ફરી સત્તા આપી છે. ભાજપ એ લોકોએ ખોટા કરેલાને આધાર બનાવીને પોતે પણ ખોટું કરવાનો હોય તો કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી કરતાં ભાજપ કઈ રીતે અલગ કહેવાય ?

રેખા ગુપ્તાના પતિ સરકારી બેઠકમાં હાજર ના રહી શકે કેમ કે, રેખા ગુપ્તાના પતિ કોઈ હોદ્દા પર નથી. મનિષ ગુપ્તા તો વેપારી છે અને શાલિમાર બાગ વિસ્તારમાં કપડાંની દુકાન ચલાવે છે. ભાજપ સાથે તેમને કંઈ લેવાદેવા નથી એવું તો ના કહી શકાય પણ ભાજપમાં એ કોઈ હોદ્દા પર નથી એ સ્પષ્ટ છે. એ જ રીતે રેખા ગુપ્તાએ તેમને પોતાના મતવિસ્તારની દેખરેખ રાખવા માટે નિમણૂક કરી છે કે નહીં એ પણ સ્પષ્ટ નથી.

ભાજપ ભેરવાયો છે એટલે મનિષ ગુપ્તાને રેખા ગુપ્તાની વિધાનસભા બેઠકના પ્રતિનિધિ બનાવી દીધા હોય એવું બની શકે, બાકી સામાન્ય રીતે રાજકીય કાર્યકરની આ કામ માટે નિમણૂક થતી હોય છે. કોઈ પણ મંત્રી કે બીજા હોદ્દા પર બેઠેલા જનપ્રતિનિધીના મતવિસ્તારની દેખરેખ રાખનારે લોકોને મળવાનું હોય છે ને સરકારી પ્રોજેક્ટ્સ, વિકાસનાં કામો તથા કલ્યાણ યોજનાઓનો લાભ લોકોને મળે છે કે નહીં તેનો રિપોર્ટ આપવાનો હોય છે. તેના આધારે જન પ્રતિનિધિ સરકારી તંત્ર પાસે જવાબ માગી શકે. પણ પોતાના પ્રતિનિધિને સમીક્ષા બેઠકમાં બેસાડીને અધિકારીઓને ફરમાનો ના અપાવી શકે. વિધાનસભા મતવિસ્તારની દેખરેખ રાખનારને મંત્રી સરકારી બેઠકોમાં હાજર રાખતા હોય છે. નિયમ પ્રમાણે હાજર ના રાખી શકાય પણ આપણે ત્યાં નિયમની કોઈને પડી નથી ને નિયમો તો તોડવા માટે જ બનાવાય છે એમ માનીને સૌ વર્તે છે. ભાજપ પણ એ રીતે જ વર્તી રહ્યો છે અને નિયમોની ઐસીતસી કરી રહ્યો છે.

ભાજપે કેજરીવાલનાં પત્ની સુનિતા કેજરીવાલ અધિકારીઓને ફરમાન કરતાં હતાં ને મુખ્યમંત્રીની ખુરશીમાં બેસી જતાં હતાં એવી ટીકા કરી છે. આ વાત સાચી છે કે નહીં એ ખબર નથી પણ સુનિતા કેજરીવાલ એવું કરતાં હોય તો તેમના અને રેખા ગુપ્તાના પતિના વર્તનમાં ફર્ક માત્ર મુખ્યમંત્રીની ખુરશી પર નહીં બેસવાનો છે. મનિષ ગુપ્તા મુખ્યમંત્રીની ખુરશી પર બેઠા વિના સુનિતા કેજરીવાલ કરતાં હતાં એ જ કામ કરી રહ્યા છે એ જોઈને ભાજપના નેતાઓએ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ. જેની ટીકા કરીને સત્તા હાંસલ કરી તેના જ રસ્તે ચાલવું પડે એ ખરેખર શરમજનક કહેવાય

ભાજપ કૉંગ્રેસના વંશવાદની ટીકા કરે છે અને રેખા ગુપ્તાના વંશવાદને પોષે છે એ વાત પણ ખોટી નથી. રેખા ગુપ્તા ગામડાની મહિલા સરપંચની જેમ વર્તીને પોતાના પતિને આગળ કરે એ વંશવાદ જ કહેવાય. ભાજપ આ પ્રકારના વર્તનને પોષે ને તેનો ખુલ્લેઆમ બચાવ કરે એ શરમજનક કહેવાય. કૉંગ્રેસના કારણે દેશના રાજકારણનું પતન થયું એવું જ્ઞાન ભાજપના નેતા છાસવારે પિરસે છે ત્યારે પોતે શું કરી રહ્યા છે ? આપણી કમનસીબી પાછી એ છે કે, આપણા નેતા ચોરી પર સિનાજોરી કરે ને પ્રજા તમાશો જોયા કરે છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન-સૌરશરદઋતુ, મંગળવાર, તા. ૯-૯-૨૦૨૫, દ્વિતીયા શ્રાદ્ધ, પંચક

- ભારતીય દિનાંક ૧૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૧૮-૦૬ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૮, મધ્યરાત્રે ક. ૦૦-૦૯
- ઓટઃ રાત્રે ક. ૧૮-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દ્વિતીયા. દ્વિતીયા શ્રાદ્ધ, પંચક, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૩, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુની, વાહન મહિષી.
- મુહૂર્ત વિશેષઃ અહિર્બુધન્ય દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, નિત્ય થતાં દુકાન-નોકરી, મિલકત લેવડદેવડ, ખેતીવાડી સંબંધિત કમકાજ.
- શ્રાદ્ધ પર્વઃ આજ રોજ બીજ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ કરવું, શ્રાદ્ધ પર્વ એ નૈમિત્તિક, ફરજિયાત છે. શ્રાદ્ધનો સમય ૧૧ થી મધ્યાહ્ન સુધીનો ગણવામાં આવે છે. સવાર અને સાંજનો સમય દેવતાઓનો છે. મધ્યાહ્નનો સમય પિતૃઓનો ગણવામાં આવે છે. ભગવાન કપિલ મુનિએ માતા દેવહૂર્તિને આ જ્ઞાન આપીને વચન આપેલું કે જે શ્રાદ્ધ કરશે તેનો હું ઉદ્ધાર કરીશ. પીપળાને પાણી રેડશે તેના પિતૃઓને મોક્ષ મળે છે તેવું કથન છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ (તા. ૧૦)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# જેરુસલેમમાં ગોળીબારમાં છનાં મોત, ૨૦ ઘાયલઃ બે હુમલખોરને ઠાર કરાયા

જેરુસલેમઃ સોમવારે સવારે જેરુસલેમના એક મુખ્ય હાઇવે પર ગોળીબારમાં છ જણ માર્યા ગયા હતા અને ઓછામાં ઓછા ૨૦ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી ઘણાની હાલત ગંભીર છે.

જેરુસલેમમાં સોમવારે સવારે થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ૨૦ લોકો ઘાયલ થયા હોવાનું ઇઝરાયલ પોલીસ અને ઇમરજન્સી રિસ્પોન્ડર્સે જણાવ્યું હતું.

ઇઝરાયલની ઇમરજન્સી રિસ્પોન્સ સર્વિસના મેગેન ડેવિડ એડોમે જણાવ્યું હતું કે તેમાંથી છ લોકોની હાલત ગંભીર છે.

આ ઘટના એવા દિવસે બની છે જ્યારે ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાત્ઝે કડક ચેતવણી આપી હતી કે ઇઝરાયલી સૈન્ય ગાઝા શહેર પર હુમલો કરી રહ્યું છે ત્યારે એક ''શક્તિશાળી વાવાઝોડું'' ગાઝા શહેર પર ત્રાટકશે.

''આજે, એક શક્તિશાળી વાવાઝોડું ગાઝા શહેરના આકાશમાં ત્રાટકશે, અને આતંકવાદી ટાવર્સની છતો ધરાશાયી થશે,'' એવું કાત્ઝએ એક્સ પરની એક પોસ્ટમાં લખ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, ''ગાઝા અને વિદેશમાં લક્ઝરી હોટલોમાં હમાસના ખૂનીઓ અને બળાત્કારીઓ માટે આ અંતિમ ચેતવણી છેઃ બંધકોને મુક્ત કરો અને તમારા શસ્ત્રો મૂકો - નહીં તો ગાઝાનો નાશ થશે, અને તમારો નાશ થશે.''

તીવ્ર હવાઈ હુમલાઓ વચ્ચે હજારો રહેવાસીઓ પહેલાથી જ શહેર છોડીને ભાગી ગયા છે, દક્ષિણ તરફ જતા રસ્તાઓ ગાડા અને ટ્રકમાં પોતાનો સામાન લઈ જતા લોકોથી ભરેલા છે.

**હમાસને ટ્રમ્પનું અલ્ટીમેટમ**

ઇઝરાયલની ચેતવણી પહેલા રવિવારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હમાસને આપેલા અલ્ટીમેટમને ''છેલ્લી ચેતવણી'' ગણાવી હતી, જેમાં તેમણે જૂથને ગાઝામાંથી બંધકોને મુક્ત કરવા માટેના સોદા પર સંમત થવા કહ્યું હતું.

''ઇઝરાયલીઓએ મારી શરતો સ્વીકારી લીધી છે. હમાસ માટે પણ સ્વીકારવાનો સમય આવી ગયો છે,'' ટ્રમ્પે તેમના ટ્રુથ સોશ્યલ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં લખ્યું હતું.

''મેં હમાસને ન સ્વીકારવાનાં પરિણામો વિશે ચેતવણી આપી છે. આ મારી છેલ્લી ચેતવણી છે, બીજી કોઈ ચેતવણી નહીં હોય!'' એમ તેમણે ઉમેર્યું હતું. ■

# હરિયાણામાં ભારે વરસાદને કારણે ૧૨નાં મોત

## શોકગ્રસ્ત પરિવારોને ૪ લાખ રૂપિયાની સહાય જાહેર

ચંદીગઢ : હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ સોમવારે જણાવ્યું હતું કે તાજેતરમાં રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદને કારણે ઘર તૂટી પડવાની ઘટનાઓમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે.

શોકગ્રસ્ત પરિવારોને ૪ લાખ રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યનાં પૂર/પાણીથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત પગલાંની વિગતો આપતા સૈનીએ અહીં પત્રકારોને આ માહિતી આપી હતી. આ જીવલેણ ઘટનાઓ ફતેહાબાદ, ભિવાની અને કુરુક્ષેત્ર સહિતના જિલ્લાઓમાં બની હતી.

ગયાં અઠવાડિયે, ભિવાની જિલ્લાના કલિંગા ગામમાં, ભારે વરસાદને કારણે પરિવાર સૂતો હતો ત્યારે તેમનાં ભાડાનાં મકાનની છત તૂટી પડતાં ત્રણ છોકરીનાં મોત થયાં હતાં અને તેમના માતાપિતા અને એક સગીર ભાઈ ઘાયલ થયા હતા.

સૈનીએ વધુમાં જણાવ્યું હતું કે તેમના પ્રધાનમંડળના તમામ પ્રધાન, પક્ષના ધારાસભ્યો અને ભાજપ સરકારને ટેકો આપતા ત્રણ અપક્ષ સભ્ય પૂરગ્રસ્ત લોકો માટે એક મહિનાનો પગાર આપશે.

સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, સામાજિક સંગઠનો, ઉદ્યોગોને પણ વિનંતી કરવામાં આવી છે કે તેઓ હરિયાણા મુખ્યમંત્રી રાહત ભંડોળમાં ગમે તેટલી રકમનું યોગદાન આપે, એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે જ્યારે હરિયાણા પણ તાજેતરમાં ભારે વરસાદને કારણે ઊભી થયેલી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે તેના લોકોની ભાવના એક સાથે અન્ય પડોશી પૂરગ્રસ્ત રાજ્યોને મદદ કરવાની પણ છે.

એમણે કહ્યું કે જ્યારે તેઓ પૂરથી પ્રભાવિત એક ગામના ગ્રામજનોના જૂથને મળ્યા ત્યારે તેમણે તેમને કહ્યું કે હરિયાણા સરકાર અને રાજ્યના લોકોએ પંજાબ, હિમાચલ અને જમ્મુ અને કાશ્મીર સહિત પડોશી પૂરગ્રસ્ત રાજ્યોને મદદનો હાથ લંબાવ્યો છે.

દરમિયાન, સૈનીએ કહ્યું કે હરિયાણા સરકાર રાજ્યમાં ભારે વરસાદને કારણે થયેલા નુકસાનનું સતત મૂલ્યાંકન કરી રહી છે અને પૂરને કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓને ઘટાડવા માટે એક નિયુક્ત પોર્ટલ ખોલ્યું છે.

તેમણે કહ્યું કે અમે પૂર અને પાણી ભરાયેલા વિસ્તારોમાં તાત્કાલિક રાહત માટે પ્રાથમિકતાઓ ઓળખી કાઢી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ તમામ વિસ્તારોમાં રાહત કામગીરી સતત ચાલી રહી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### નેપાળમાં હિંસા

વિખેરવા પોલીસને લાઠીચાર્જ કરવાની, અશ્રુવાયુ અને રબ્બરની બુલેટ છોડવાની ફરજ પડી હતી.

નેપાળ પોલીસના પ્રવક્તાના જણાવ્યાનુસાર સુરક્ષા અધિકારીઓ સહિત ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા અને હાલ આ તમામ કાઠમંડુસ્થિત સરકારી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

હિંસામાં ૨૪થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હોવાના અહેવાલ છે. જોકે, પોલીસે આ અહેવાલને સમર્થન આપ્યું નહોતું. પરિસ્થિતિને કાબૂમાં લેવા સૈન્યની મદદ લેવામાં આવી હતી.

બેકાબૂ ટોળાંને અંકુશમાં લેવા સંસદની ઈમારતના આસપાસના વિસ્તારમાં બપોરના ૧૨:૩૦થી રાત્રિના ૧૦:૦૦ના સમયગાળા માટે કાઠમંડુ જિલ્લા વહીવટી તંત્રએ પ્રતિબંધિત આદેશ બહાર પાડ્યો હતો.

બાદમાં આ આદેશ અંતર્ગત રાષ્ટ્રપતિ ભવન અને ઉપરાષ્ટ્રપતિના નિવાસસ્થાનને પણ આવરી લેવામાં આવ્યા હતા.

ફરજિયાત રજિસ્ટ્રેશનની પ્રક્રિયાનું પાલન ન કરતી ફેસબુક, વૉટ્સએપ અને એક્સ સહિતની સોશ્યલ મીડિયા વૅબસાઈટ પર નેપાળ સરકારે ૪, સપ્ટેમ્બરે પ્રતિબંધ મૂક્યો હતો.

સોશ્યલ મીડિયા સાઈટને નિયમ અંતર્ગત લાવવા માટે આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાની નેપાળ સરકારે અગાઉ જ સ્પષ્ટતા કરી દીધી હતી, પરંતુ નેપાળના લોકોનું માનવું છે કે આ પ્રતિબંધ તેમની વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર પરનો હુમલો છે અને તે સેન્સરશિપ સુધી જઈ શકે છે. (એજન્સી)■

### ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી

પહોંચવાનું છે. લોકસભા અને રાજ્યસભાના સાંસદો દ્વારા મંગળવારે સવારે ૧૦થી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન થશે અને સાંજે છ વાગ્યે મતગણતરી શરૂ થશે. આ પરિણામ ટૂંક સમયમાં જ આવી જશે.

દરમિયાન ઉપરાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણીની પૂર્વસંધ્યાએ એટલે કે સોમવારે વિપક્ષે એકતા દર્શાવવા અનેક સાથી પક્ષ સાથે મળીને સંસદભવનના પરિસરમાં બેઠકનું આયોજન કર્યું હતું. કૉંગ્રેસ, સમાજવાદી પક્ષ, દ્રમુક, ટીએમસી, રાજદ, જેએમએમ, શિવસેના (યુબીટી), એનસીપી-એસપી, સામ્યવાદી પક્ષ, માર્ક્સવાદી પક્ષના ટોચના નેતાઓ સોમવારે સંવિધાન સદન (સંસદભવનની જૂની ઈમારત)ના સેન્ટ્રલ હૉલમાં મળ્યા હતા અને ચૂંટણી પ્રક્રિયા અંગે માહિતી આપી હતી.

શાસક એનડીએના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણન અને સંયુક્ત વિપક્ષના ઉમેદવાર સુદર્શન રેડ્ડી વચ્ચે ઉપરાષ્ટ્રપતિપદ માટે સીધી સ્પર્ધા હશે. (એજન્સી)■

### સોના, ચાંદીમાં

૧,૦૭,૮૦૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૯૯ વધીને રૂ. ૧,૦૮,૦૩૭ના મથાળે રહ્યા હતા. જોકે, ગત સપ્તાહથી સોનામાં એકતરફી તેજીનું વલણ રહ્યું હોવાથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ તળિયે બેસી ગઈ હોવાનું બજારનાં સાધનોએ જણાવતા ઉમેર્યું હતું કે જો આગામી તહેવારોની મોસમ દરમિયાન ઊંચી ભાવસપાટી જળવાઈ રહેશે તો અપેક્ષિત માગનો વસવસો જોવા મળશે. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોનો નવી લેવાલીમાં અભાવ રહ્યો હતો અને છૂટીછવાઈ ઔદ્યોગિક વપરાશકારોની માગ રહી હતી તેમ છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૪૩ની તેજી સાથે રૂ. ૧,૨૪,૪૧૩ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૬૧૭.૭૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ આસપાસ ઔંસદીઠ ૩૬૫૭.૯૦ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીમાં આરંભિક તબક્કે નરમાઈ રહ્યા બાદ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૧.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકાના જોબ ડેટા નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટના જમ્બો રેટકટના આશાવાદે સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું છે. જોકે, મોટા રેટકટની શક્યતા અત્યંત પાતળી છે, પરંતુ ફેડરલ રિઝર્વ તેનાં નીતિવિષયક વલણમાં બદલાવ લાવી શકે છે, એમ કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતા ઉમેર્યું હતું કે જો આ સપ્તાહે જાહેર થનારા ફુગાવાના ડેટા આંચકાજનક ન આવે તો સોનાના ભાવમાં તેજીની આગેકૂચ જોવા મળી શકે છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ઑગસ્ટ મહિનામાં અમેરિકામાં બેરોજગારીનો દર વધીને ચાર વર્ષની ઊંચી ૪.૩ ટકાની સપાટીએ પહોંચ્યો હોવાથી જમ્બો રેટ કટનો આશાવાદ સર્જાયો છે. જોકે, હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૧૦૦ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી આઠ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે. આથી જ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૩૭ ટકા જેટલો ઉછાળો નોંધાઈ ગયો છે.■

### બે પક્ષ દ્વારા

છે. પક્ષે ભારપૂર્વક જણાવ્યું હતું કે પક્ષ એનડીએ અને ઈન્ડિયા બ્લોક બન્નેથી સરખું અંતર રાખશે. બીજુ જનતા દળના રાજ્યસભામાં સાત સાંસદ છે.

બીજદના નેતા સસ્મિત પાતરાએ કહ્યું હતું કે પક્ષની પ્રાથમિકતા ઓડિશાના સાડાચાર કરોડ લોકો છે. અમારા માનદ્ પક્ષપ્રમુખ નવીન પટનાયકે પક્ષના સિનિયર નેતા, રાજકીય બાબતની સમિતિ અને સાંસદો સાથે ચર્ચા કર્યા બાદ આજની ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ગેરહાજર રહેવાનું નક્કી કર્યું છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે બીજદ એનડીએ અને ઈન્ડિયા જોડાણથી સરખું અંતર રાખશે. અમે ઓડિશાના વિકાસ અને કલ્યાણ તથા ઓડિશાના સાડાચાર કરોડ લોકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં શાસક એનડીએના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણન અને વિરોધ પક્ષના સંયુક્ત ઉમેદવાર બી. સુદર્શન વચ્ચે હરીફાઈ છે. ચૂંટણી સંસદભવનમાં યોજાશે અને સંસદના બન્ને ગૃહોના સભ્યો સવારના દસથી સાંજના પાંચ વાગ્યા સુધી મત આપશે. (એજન્સી)■

### સુરતમાં રાહુલ ગાંધીના

કરી હતી. ત્યાર બાદ ફાયર બ્રિગેડની ટીમે બંને કાંઠે તાપી નદીમાં શોધખોળ શરૂ કરી હતી. આ શોધખોળ દરમિયાન ૬ સપ્ટેમ્બર વહેલી સવારે તેમનો મૃતદેહ ઉભરાટના દરિયાકાંઠે મળી આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, મોદી અટક 'પર ટિપ્પણી કરવા બદલ સુરત પશ્ચિમથી ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ રાહુલ ગાંધી વિરુદ્ધ ગુનાહિત માનહાનીનો કેસ નોંધાવ્યો હતો. તે સમયે ફિરોઝ પઠાણ રાહુલ ગાંધીના વકીલ હતા. ફિરોઝ પઠાણ કૉંગ્રેસના અગ્રણીઓમાં ગણાતા હતા. જ્યારે તેમના પિતા કૉંગ્રેસના કોર્પોરેટર રહી ચૂક્યા છે. ફિરોઝ પઠાણે સુરત કૉંગ્રેસમાં લીગલ ચેરમેન તરીકે સેવા આપી હતી. ■

### બે ત્રાસવાદી ઠાર

સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ. એક અધિકારીએ માહિતી આપી હતી કે આતંકવાદીઓ સંતાયેલા છે એવી બાતમી મળતા પોલીસ, લશ્કરની નવ આરઆર અને સીઆરપીએફની સંયુક્ત ટીમે સર્ચ ઑપરેશન શરૂ કર્યું હતું. આતંકવાદીએ ગોળીબાર શરૂ કર્યો હતો. સુરક્ષા દળોની જવાબી કાર્યવાહીમાં એક આતંકવાદી માર્યો ગયો હતો. એક જુનિયર કમિશન અધિકારી સહિત ચાર જવાન ઘાયલ થયા હતા. બજી બાજુ સીમા સુરક્ષા દળોએ મોડી રાત્રે જમ્મુ જિલ્લાના આરએસ પુરા સેક્ટરમાં એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી હતી. બીએસએફના જવાનોએ રવિવારે રાત્રે એક સીમા સ્તંભ પાસે શંકાસ્પદ ગતિવિધિ જોઈ હતી. બીએસએફએ એક પાકિસ્તાની નાગરિકને પકડ્યો હતો અને તેની પૂછપરછ કરી હતી. પાકિસ્તાની યુવાને કબૂલ્યું હતું કે તે સિરાજ ખાનનો પુત્ર છે અને તે પાકિસ્તાનના પંજાબના જિલ્લા સરગોધા ગામ તાલુકા ભલવાલ ગામ ૨૭ ચકનો રહેવાસી છે. તેની પાસે પાકિસ્તાની ત્રીસ રૂપિયા મળ્યા હતા. ■

### ક્રિકેટનો

ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. એક મેચ ટાઇ રહી હતી. ભારતે પાકિસ્તાન સામે છેલ્લી ૧૦ ટી-૨૦ મેચમાંથી સાત જીતી છે. પાકિસ્તાનની ટીમે છેલ્લે ૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ભારત સામે ટી-૨૦ મેચ જીતી હતી.

ભારતે અત્યાર સુધીમાં આઠ વખત એશિયા કપનું ટાઈટલ જીત્યું છે. (સાત વખત વન-ડે અને એક વખત ટી-૨૦ ફોર્મેટમાં). આ વખતે ટ્રોફી જીતવી ટીમ માટે મજબૂરી હશે, કારણ કે હારવાની સ્થિતિમાં કેપ્ટન સૂર્યકુમાર અને કોચ ગંભીર બંનેને ટીકાનો સામનો કરવો પડી શકે છે. ૧૯ સપ્ટેમ્બરના રોજ ટીમ ઇન્ડિયા ગ્રૂપ-એની છેલ્લી મેચ ઓમાન સામે અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે રમશે. એશિયા કપ ૨૦૨૫માં ભારતીય ટીમનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ છે. ભારતીય ટીમ માટે અફઘાનિસ્તાન સામેની મેચ પડકારરૂપ માનવામાં આવે છે. તેમની પાસે મજબૂત સ્પિન આક્રમણ છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં તેમની બેટિંગમાં પણ ઘણો સુધારો થયો છે. યુએઈ, ઓમાન અને હોંગકોંગ જેવી ટીમો આ ટૂર્નામેન્ટને તેમના પ્રદર્શનના માપદંડ તરીકે ગણશે. આ સ્પર્ધા તેમના માટે આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની પ્રગતિ દર્શાવવાની એક શ્રેષ્ઠ તક છે.

**એશિયા કપ ૨૦૨૫ માટે ટીમ ઈન્ડિયા**

સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ, સંજુ સેમસન, અભિષેક શર્મા, તિલક વર્મા, રિંકુ સિંહ, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, જિતેશ શર્મા, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહ.■

### 'આધાર'ને

બનેલી ખંડપીઠે જોકે એ સ્પષ્ટતા કરી હતી કે આધારને દેશની નાગરિકતાનો પુરાવો ગણવામાં નહીં આવે અને મતદારે મતદાર યાદીમાં નામ નોંધાવવા આપેલા આધાર નંબરની સત્યતાની ચકાસણી ચૂંટણી પંચે કરવાની રહેશે.

ગેરકાયદે સ્થળાંતરીઓનો મતદાર યાદીમાં સમાવેશ કરવાનું કોઈ નથી ઈચ્છતું એ વાતની નોંધ લઈને ખંડપીઠે કહ્યું હતું કે એ સ્પષ્ટ છે કે માત્ર સાચા નાગરિકોને જ મતદાન કરવાની પરવાનગી આપવામાં આવશે અને બનાવટી દસ્તાવેજોને આધારે પોતે સાચા હોવાનો દાવો કરતા મતદારોનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવશે. આધાર કાર્ડનો ઓળખના પુરાવાના દસ્તાવેજ તરીકે સ્વીકાર કરવામાં આવે તે સમયગાળા માટે જરૂરી આદેશ બહાર પાડવાનું પણ ખંડપીઠે ચૂંટણી સમિતિને જણાવ્યું હતું.

મતદારો પાસે આધાર કાર્ડ ન સ્વીકારવાને લગતી ચૂંટણી અધિકારીઓ માટે બહાર પાડવામાં આવેલી કારણદર્શક નોટિસને મામલે પણ ખુલાસો કરવાનું ખંડપીઠે ચૂંટણી પંચને જણાવ્યું છે.

ચૂંટણી સમિતિ વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ ઍડવોકેટ રાકેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે બિહારના ૭.૨૪ કરોડ મતદાતાઓમાંથી ૯૯.૬ ટકા મતદારોએ દસ્તાવેજો સુપરત કરી દીધા છે ત્યારે અરજકર્તાએ ઓળખના પુરાવા માટે ૧૨મા દસ્તાવેજ તરીકે આધારનો ઉમેરો કરવાની માગણી કરી છે તેને કારણે કોઈ વ્યવહારુ આશય સિદ્ધ નહીં થાય.

ખંડપીઠે આધાર ઍક્ટ ૨૦૧૬ અને રિપ્રઝન્ટેશન ઑફ પીપલ્સ ઍક્ટને ટાંકતા જણાવ્યું હતું કે આધાર દેશની નાગરિકતાનો પુરાવો નથી, પરંતુ તેને વ્યક્તિની ઓળખનો પુરાવો ગણી શકાય. (એજન્સી)■

# શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગથી સગીર બાળકીનું મોત

## પરિવારના ચાર સભ્યો બીમાર

થાણેઃ મહારાષ્ટ્રના થાણેમાં શંકાસ્પદ ફૂડ પોઇઝનિંગ બાદ ત્રણ વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું અને તેના પરિવારના ચાર સભ્યોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

રવિવારે રાત્રે ભાયંદર વિસ્તારમાં પરિવારે તેમના ઘરે રાત્રિભોજન કર્યા પછી આ ઘટના બની હતી. ભાયંદર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર જિતેન્દ્ર કાંબલેએ જણાવ્યું હતું કે, છોકરીના પિતાએ ચિકન ખરીદ્યું હતું, જેને રાંધીને પરિવારે બાફેલા ઈંડા, ભાત અને વડાંપાંઉ સહિત અન્ય ખાદ્ય પદાર્થ સાથે ખાધું હતું.

ભોજન પછી, તે વ્યક્તિની પત્ની, ૩, ૬ અને ૮ વર્ષની ત્રણ પુત્રીઓ અને તેના સાળાએ ઉબકા, ઊલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ કરી હતી.

ખોરાક ખાધાના થોડા સમય પછી તેમની ત્રણ વર્ષની પુત્રીનું મૃત્યુ થયું. પ્રાથમિક શબપરીક્ષણ અહેવાલમાં ખોરાકી ઝેરને મૃત્યુનું શંકાસ્પદ કારણ દર્શાવવામાં આવ્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

વ્યક્તિના રહેઠાણમાંથી ખોરાકના નમૂના લેવામાં આવ્યા છે અને વિશ્લેષણ માટે મોકલવામાં આવ્યા છે. ''અમે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો છે અને તેની વધુ તપાસ કરી રહ્યા છીએ.

આ તબક્કે, અમને બજારમાંથી લાવવામાં આવેલા ચિકનમાંથી ફૂડ પોઇઝનિંગ થયું હોવાની શંકા નથી. આનું કારણ કોઈ અન્ય સ્ત્રોત સાથે જોડાયેલું હોઈ શકે છે, પરંતુ રાસાયણિક વિશ્લેષણ રિપોર્ટ ઉપલબ્ધ થયા પછી જ ચોક્કસ કારણની પુષ્ટિ થશે,'' કાંબલેએ જણાવ્યું હતું.■

# કામકાજના કલાકોમાં વધારો કરતો નિર્ણયઃ હિંદ મઝદૂર સભાની આંદોલનની ચીમકી

થાણે : હિંદ મઝદૂર સભાએ સોમવારે જણાવ્યું હતું કે જો ફેક્ટરીઓ, દુકાનો અને અન્ય સંસ્થાઓમાં કામકાજના કલાકો વધારવાનો તાજેતરનો નિર્ણય રદ કરવામાં નહીં આવે તો તેઓ સમગ્ર મહારાષ્ટ્રમાં આંદોલન શરૂ કરશે. રાજ્ય સરકારે આ કામદાર વિરોધી નિર્ણય તાત્કાલિક રદ કરવો જોઈએ કારણ કે તે કામદારોના ''શોષણને કાયદેસર'' બનાવશે, એમ મહારાષ્ટ્ર હિંદ મઝદૂર સભા કાઉન્સિલના જનરલ સેક્રેટરી સંજય વાધવકરે જણાવ્યું હતું. કેન્દ્ર સરકારના દબાણ હેઠળ ટ્રેડ યુનિયન સાથે પરામર્શ કર્યા વિના આ નિર્ણય લેવામાં આવ્યો છે જેથી કામદારોના સ્વાસ્થ્ય અને અધિકારોના ભોગે કોર્પોરેટ માલિકોનો નફો વધારી શકાય,'' તેમણે ઉમેર્યું.

મહારાષ્ટ્ર કેબિનેટે ૩ સપ્ટેમ્બરના રોજ ફેક્ટરી એક્ટ ૧૯૪૮ અને મહારાષ્ટ્ર શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ (રોજગારનું નિયમન અને સેવાની શરતો) એક્ટ ૨૦૧૭માં સુધારા કરીને મહત્તમ દૈનિક કામકાજના કલાકો વધારવા માટે કાયદામાં સુધારો કરવાની મંજૂરી આપી હતી.

આ સાથે, ઉદ્યોગોમાં દૈનિક કામકાજના કલાકોની મર્યાદા નવથી વધીને ૧૨ કલાક થશે, અગાઉ કામદારને ૫ કલાક કામ કર્યા પછી ૩૦ મિનિટ આરામ કરવા મળતો હતો જે હવે,૬ કલાક પછી મળશે. કામદારોની ફરજિયાત લેખિત સંમતિથી, કાનૂની ઓવરટાઇમ મર્યાદા પ્રતિ ક્વાર્ટર ૧૧૫ થી વધીને ૧૪૪ કલાક થશે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે, સાપ્તાહિક કામકાજના કલાકો પણ ૧૦.૫ કલાકથી વધારીને ૧૨ કલાક કરવામાં આવશે. એ જ રીતે, દૈનિક કામકાજના કલાકો નવથી વધારીને ૧૦, ઓવરટાઇમ મર્યાદા ૧૨૫ થી વધારીને ૧૪૪ કલાક અને કટોકટી ફરજના કલાકો ૧૨ કલાક કરવામાં આવશે. આ ફેરફારો ૨૦ કે તેથી વધુ કામદારો ધરાવતી સંસ્થાઓને લાગુ પડશે, એમ તેમાં ઉમેર્યું હતું. કેન્દ્રીય ટાસ્ક ફોર્સ દ્વારા ભલામણ કરાયેલા આ ફેરફારો મહારાષ્ટ્રને કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને ત્રિપુરા જેવા રાજ્યોની હરોળમાં લાવશે, જેમણે પહેલાથી જ સમાન સુધારા લાગુ કર્યા છે. ■




# માંદગીથી કંટાળી છરીથી પત્નીનું ગળું ચીરી વૃદ્ધ પતિનો આપઘાતનો પ્રયાસ

પાલઘરઃ લાંબી માંદગીથી કંટાળેલા વૃદ્ધ પતિએ છરી વડે પત્નીનું ગળું ચીર્યા પછી પોતે પણ કથિત આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પાલઘર જિલ્લાના વસઈ પરિસરમાં બની હતી.

વસઈમાં રહેતા ૮૧ વર્ષના પતિ અને ૭૪ વર્ષની પત્ની છેલ્લાં અનેક વર્ષોથી બીમારીથી પીડાતાં હતાં. માંદગીને કારણે જ દંપતી અંતિમ પગલું ભરવા પ્રેરાયા હોવાનું પોલીસનું માનવું છે.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના શનિવારની સાંજે દંપતીના ઘરમાં બની હતી. દંપતીનો પુત્ર પત્ની અને દીકરી સાથે બહાર ગયો હતો. રાતે તે પાછો ફર્યો ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી.

પ્રથમદર્શી પોલીસને જણાયું હતું કે પતિએ રસોડામાંની છરીથી ગળું ચીરી પત્નીની હત્યા કરી હતી અને બાદમાં પોતાનું કાંડું કાપી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પુત્ર ઘરે આવ્યો ત્યારે ઘરનો દરવાજો અંદરથી લૉક હતો. વારંવાર ખટખટાવ્યા છતાં કોઈ પ્રતિસાદ ન મળતાં દરવાજો તોડવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ઘરમાં વૃદ્ધા લોહીના ખાબોચિયામાં પડેલી હતી, જ્યારે તેનો પતિ ગંભીર હાલતમાં મળી આવ્યો હતો. સારવાર માટે વૃદ્ધને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં તે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હોવાનું કહેવાય છે. પોલીસે વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી તેના પતિ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# ટીએમસી પાળેલા પ્રાણીઓ માટે સ્મશાનગૃહ સ્થાપશે

થાણેઃ આગામી એક મહિનામાં શહેરમાં પાળેલા પ્રાણીઓ માટે ત્રણ સ્મશાનગૃહ બનાવવાનું થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને જણાવ્યું હતું.

ટીએમસીએ રવિવારે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોપરી, કલવા-મનિષાનગર અને માજીવાડા વિસ્તારોમાં સીએનજી-આધારિત પ્રણાલીઓ પર સંચાલન કરવા અને મૃતદેહોનો પર્યાવરણને અનુકૂળ નિકાલ સુનિશ્ચિત કરવા માટે પાળેલા પ્રાણીઓ માટે સ્મશાનગૃહો બનાવવામાં આવશે.નાગરિક સંસ્થા પાલતુ પ્રાણીઓ અને નાના પ્રાણીઓ માટે સુસજ્જ મોબાઇલ વેટરનરી ક્લિનિક અને એમ્બ્યુલન્સ સેવા પણ શરૂ કરશે, એમ તેમાં જણાવાયું છે. પ્રકાશન મુજબ, શહેરમાં અંદાજે ૧૫,૦૦૦ પાળેલા પ્રાણીઓ છે, જેમાં મુખ્યત્વે કૂતરા અને બિલાડીઓ સામેલ છે.







# પ્રવાસીઓ પાસેથી નાણાં પડાવવા મામલે જીઆરપીના ૧૩ અધિકારી સસ્પેન્ડ

મુંબઈઃ મુંબઈ અને થાણેનાં રેલવે સ્ટેશનો પર પ્રવાસીઓને ધમકાવી નાણાં પડાવવા મામલે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) દ્વારા છેલ્લાં પાંચ મહિનામાં એક સિનિયર ઈન્સ્પેક્ટર સહિત ૧૩ અધિકારીને સસ્પેન્ડ કરી દેવાયા હતા. મુંબઈ અને આસપાસનાં રેલવે સ્ટેશનો પર ખંડણી વસૂલવાનું સુનિયોજિત રૅકેટ ચલાવવામાં આવી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓ મોટા ભાગે કીમતી મતા સાથે લાંબા અંતરની ટ્રેનમાં મુસાફરી કરનારાઓને ટાર્ગેટ કરતા હતા. આવા પ્રવાસીઓ પછી ફરિયાદ કરવાનું પણ ટાળતા હોય છે. મુંબઈ સેન્ટ્રલ, દાદર, કુર્લા, બાન્દ્રા ટર્મિનસ, બોરીવલી, થાણે, કલ્યાણ અને પનવેલ જેવાં સ્ટેશનો પર પ્રવાસીઓ પાસેથી નાણાં પડાવવામાં આવતાં હતાં. આરોપીઓની મોડસ ઑપરેન્ડી વિશે અધિકારીએ જણાવ્યું હતું કે લગેજ ચેકિંગ પૉઈન્ટ્સ ખાતે રોકડ કે કીમતી વસ્તુઓ લઈ જનારા પ્રવાસીઓ પર નજર રાખવામાં આવતી. કોઈ પ્રવાસીના સામાનમાં મૂલ્યવાન વસ્તુઓ કે મોટી સંખ્યામાં રોકડ હોવાનું જણાય તો તેને સિનિયર અધિકારીને મળવાનું કહેવામાં આવતું. પછી તે પ્રવાસીને પ્લૅટફૉર્મ્સ પરના જીઆરપી પરિસરમાં લઈ જવામાં આવતો, જ્યાં સીસીટીવી કૅમેરા લગાવવામાં આવ્યા ન હોય. અધિકારી સમક્ષ પ્રવાસીને રોકડ અને દાગીના તેના જ હોવાની ખાતરી આપવાનું કહેવામાં આવતું. બાદમાં પ્રવાસીને તેની મતા જપ્ત કરી લેવાની ધમકી આપી કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે, એમ કહેવામાં આવતું. અમુક કેસમાં તો પ્રવાસીની મારપીટ સુધ્ધાં કરવામાં આવતી. પ્રવાસીના છુટકારાનો એક માત્ર માર્ગ રહેતો કે તેણે અધિકારીને નાણાં ચૂકવી દેવા પડતાં, એમ જીઆરપીના જ એક અધિકારીનું કહેવું છે.

ગયા મહિને આ જ રીતે રાજસ્થાનના રહેવાસીને તેની પાસેના ૩૧ હજાર રૂપિયામાંથી ૩૦ હજાર રૂપિયા જીઆરપીના અધિકારીને ચૂકવવાનું દબાણ કરાયું હતું. આ પ્રવાસી તેની દીકરી સાથે મુસાફરી કરતો હતો ત્યારે મુંબઈ સેન્ટ્રલ પર આરોપીઓએ તેને લૂંટી લીધો હતો. રાજસ્થાન પહોંચ્યા પછી પ્રવાસીએ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. એ કેસ તપાસ માટે મુંબઈ ટ્રાન્સફર કરાયો હતો. (પીટીઆઈ) ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**Shri Vile Parle Kelavani Mandal**
SVKM's New Building, 10th Floor (West Wing),
V.L. Mehta Road, Vile Parle (West), Mumbai-400 056

**NOTICE**

To,
The Members of
SHRI VILE PARLE KELAVANI MANDAL

Shri/Smt.

Notice is hereby given that the Annual General Meeting of SHRI VILE PARLE KELAVANI MANDAL will be held on Tuesday, 30th September, 2025, at 10.30 a.m. at Mukesh R. Patel Auditorium, Vile Parle (West), Mumbai - 400 056 and at NMIMS Campus Auditorium Shirpur (online), to transact the following business:

1. To confirm the minutes of the Annual General Meeting held on Monday- 30th September, 2024.
2. To receive and adopt the Annual Report and Audited Statement of Accounts of the Mandal for the year ended 31st March, 2025.
3. To appoint Auditors for the year 2025-2026 and fix their remuneration.
4. To dispose of such matters as may be referred to it by the Managing Committee.
5. To transact any other business of a general interest as may be allowed by the Chairman of the Meeting.

You are requested to be present.

Yours faithfully,
For & On behalf of
SHRI VILE PARLE KELAVANI MANDAL

Place: Mumbai
Dated: 8th September, 2025

Dr. Jayant P. Gandhi
Hon. Secretary

**Shri Vile Parle Kelavani Mandal**
SVKM's New Building, 10th Floor (West Wing),
V.L. Mehta Road, Vile Parle (West), Mumbai-400 056

**NOTICE**

To,
The Members of
SHRI VILE PARLE KELAVANI MANDAL

Shri/Smt.

Notice is hereby given to the members that the Extra Ordinary General Meeting of Shri Vile Parle Kelavani Mandal will be held on **Tuesday, 30th September 2025 at 9.30 a.m.** at Mukesh R. Patel Auditorium, Vile Parle (West), Mumbai - 400 056 and at NMIMS Campus Auditorium Shirpur (online), to transact the following business:

1. To consider and if thought fit, to pass with or without modifications the following resolution:

   **RESOLUTION**

   "**RESOLVED THAT** the draft amendments to the objects clause in Rule 3 of the Rules and Regulations of Shri Vile Parle Kelavani Mandal, circulated along with the notice of this Annual General Meeting, and placed before the meeting be and are hereby approved, adopted and passed as proposed.

2. To consider and if thought fit to pass with or without modification the following resolution.

   **RESOLUTION**

   "**RESOLVED THAT** the draft amendments to the Rules and Regulations of Shri Vile Parle Kelavani Mandal, pertaining to the structure and composition of the Managing Committee, circulated with the notice of this Extra-ordinary General Meeting, and placed before the meeting be and are hereby approved, adopted and passed as proposed.

You are requested to be present.

Yours faithfully,
For & On behalf of
SHRI VILE PARLE KELAVANI MANDAL

Place: Mumbai
Dated: 8th September, 2025

Dr. Jayant P. Gandhi
Hon. Secretary

# પાંચ દિવસ કામ કરીને જ્વેલર્સની દુકાન 'સાફ' કરનારો નોકર પકડાયો

## લગ્નમાં થયેલા ખર્ચનું સાટું વાળવા નવી મુંબઈની દુકાનમાં ચોરી કર્યાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈના કામોઠે ખાતેની જ્વેલરીની દુકાનમાં માત્ર પાંચ દિવસ કામ કરીને ૭૨ લાખ રૂપિયાની મતા ચોરનારો નોકર બોરીવલીમાં ઝડપાઈ ગયો હતો. લગ્નમાં થયેલા છથી સાત લાખ રૂપિયાના ખર્ચની ભરપાઈને ઇરાદે હાથફેરો કર્યાની કબૂલાત આરોપીએ કરી હતી.

કસ્તુરબા માર્ગ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ કરણસિંહ નાથુસિંહ ખારવાર (૨૦) તરીકે થઈ હતી. રાજસ્થાનના રાજસમંદ જિલ્લામાં રહેતો ખારવાર વતન ફરાર થવાની તૈયારીમાં હતો ત્યારે પકડાઈ ગયો હતો. તેની પાસેથી ૭૮ તોલા સોનાના દાગીના, ૧૮ નાના હીરા અને ૧.૩૯ લાખની રોકડ હસ્તગત કરવામાં આવી હતી.

ગણેશવિસર્જન હોવાથી શનિવારે મુંબઈમાં ઠેકઠેકાણે નાકાબંધી કરવામાં આવી હતી અને પોલીસનું પેટ્રોલિંગ પર વધારી દેવામાં આવ્યું હતું. કસ્તુરબા માર્ગ પોલીસ પણ પેટ્રોલિંગ પર હતી ત્યારે તેમની નજર બોરીવલી રેલવે સ્ટેશન પરિસરમાં શંકાસ્પદ રીતે ફરતા આરોપી પર પડી હતી. શંકાને પગલે તાબામાં લઈ તેની પાસેની બૅગની તપાસ કરવામાં આવી હતી.

આરોપી પાસેની બૅગમાંથી સોનાના દાગીના, હીરા અને રોકડ મળી આવતાં પોલીસે તેની પૂછપરછ કરી હતી. શરૂઆતમાં ઉડાઉ જવાબ આપનારા આરોપીએ બાદમાં ચોરીની કબૂલાત કરી હતી. કામોઠે સેક્ટર-૧૨ ખાતે આવેલી પારસનાથ જ્વેલર્સ દુકાનમાંથી દાગીના ચોર્યા હોવાનું આરોપીએ કહ્યું હતું. આ પ્રકરણે પોલીસે નવી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક સાધતાં આરોપીની કબૂલાતને સમર્થન મળ્યું હતું. ■


# હૈદરાબાદમાં નક્સલવાદી પકડાયો

ગઢચિરોલીઃ હત્યા અને સુરક્ષા જવાનો સાથેનાં એન્કાઉન્ટમાં સંડોવાયેલા નક્સલવાદીને ગઢચિરોલી પોલીસે હૈદરાબાદમાંથી પકડી પાડ્યો હતો. તેના માથે બે લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરાયું હતું.

સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ નીલોત્પલના માર્ગદર્શન હેઠળ સી-૬૦ કમાન્ડો યુનિટ દ્વારા એક સિક્રેટ ઑપરેશન હાથ ધરી છત્તીસગઢના રહેવાસી શંકર ઉર્ફે અરુણ મિચ્છા (૨૫)ને ચોથી સપ્ટેમ્બરે પકડી પાડવામાં આવ્યો હતો.

સુરક્ષા જવાનો સાથેનાં ચાર એન્કાઉન્ટર અને એક હત્યા કેસમાં શંકર સંડોવાયેલો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. નવેમ્બર, ૨૦૨૩માં મૌજે કાપેવાંચાના એક ગામના રહેવાસીની હત્યામાં તેની સંડોવણી હતી.

ગયા વર્ષે જ તેણે નક્સલવાદીઓ સામેની પોલીસની કાર્યવાહીથી ડરીને પ્રતિબંધિત પેરમિલ્લી દાલમ ચળવળ છોડી દીધી હતી અને ઘરે પાછો ફર્યો હતો. હૈદરાબાદ જતાં પહેલાં સાતથી આઠ મહિના તે તેના ખેતરમાં કામ કરતો હતો. જાન્યુઆરી, ૨૦૨૨થી ગઢચિરોલી પોલીસે ૧૦૮ નક્સલવાદીની ધરપકડ કરી હોવાનું પોલીસની અખબારી યાદીમાં જણાવાયું હતું. (પીટીઆઈ) ■



# સંસ્થા સમાચાર

## રાજકોટમાં ગોંડલ સંપ્રદાયના પૂ. ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ. સુશીલાબાઈ મ.સ. કાળધર્મ પામ્યાં, પાલખી યાત્રા નીકળી: મંગળવારે ગુણાનુવાદ સભા



ગોંડલ સંપ્રદાયના પૂ. ધીરગુરુદેવની આજ્ઞાનુવર્તી પૂ. કુંદન-પુષ્પાબાઈ મ.સ.ના સુશિષ્યા બા.બ્ર. પૂ. સુશીલાબાઈ મ.સ. ૮૧ વર્ષની વયે ૫૬ વર્ષના દીક્ષા પર્યાય સહિત ૮-૯-૨૫ને સોમવારે બપોરે ૩ કલાકે સમાધિસમાધિભાવે કાળધર્મ પામ્યા છે. પૂ. ઉષાજી મ.સ., પૂ. પ્રવીણાજી મ.સ., પૂ. પુનિતાજી મ.સ. વૈયાવચ્ચમાં હતા.

જેતપુરમાં નરભેકુંવરબેન અને જયંતીલાલ કામદારના ગૃહાંગણે તા. ૨૫-૧-૧૯૪૪ના જન્મેલા સુશીલાબહેને ૨૫ વર્ષની વયે જામનગરમાં બા.બ્ર.પૂ. સમર્થગુરુણીના શ્રીમુખે તા. ૨૨-૫-૧૯૬૯ના પૂ. પુષ્પાબાઈ મ.સ.ની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરેલ, અનેકવિધ તપશ્ચર્યા તેમજ ૧૧ આગમ કંઠસ્થ, પોલાદી મનોબળધારક હતા. છેલ્લા બે વર્ષથી કેન્સરની બીમારીમાં સમતાભાવ વંદનીય હતો. શ્રમજીવી ઉપાશ્રય, ઢેબરભાઈ રોડ, રાજકોટથી પાલખીયાત્રા સાંજે ૬ કલાકે નીકળી હતી. ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જસરાજજી મ. સા., પૂ. ધીરગુરુદેવે ગુણાંજલિ અર્પણ કરેલ.

મંગળવારે સવારે ૯.૩૦ કલાકે શ્રમજીવી ઉપાશ્રયે ગુણાનુવાદ સભા રાખેલ છે.

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ યુથ વિંગ દ્વારા ગણેશોત્સવનું આયોજન

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ યુથ વિંગ દ્વારા ૨૭ ઓગસ્ટથી ૨૯ ઓગસ્ટ સુધી ત્રણ દિવસીય ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે સુશોભનનું મુખ્ય આકર્ષણ રામેશ્વરમ પર આધારિત હતું - જે હિંદુ ધર્મના પવિત્ર જ્યોતિર્લિંગોમાંનું એક તથા ચાર ધામમાંનું એક ગણાય છે. થીમનો વિશેષ આકર્ષણ પરંપરા અને આધુનિકતાનો સમન્વય હતો. સુશોભનમાં અગ્રી તીર્થમનું ધાર્મિક મહત્ત્વ દર્શાવતા તથા સરકાર દ્વારા થયેલા વિકાસના પ્રતીકરૂપે નવું પંબન બ્રિજ દર્શાવતા બેનરો મૂકવામાં આવ્યા હતા. સમગ્ર સુશોભનનું કામ શરૂથી કરવામાં આવ્યું હતું, જે શ્રદ્ધા અને સર્જનાત્મકતાનું પ્રતિબિંબ હતું.

પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ રહી, ગણપતિની પ્રતિમા તથા સુશોભનમાં પર્યાવરણમિત્ર સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે ઢોલ અને શેહનાઈ સાથે ગજાનનનું ધૂમધામપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. બીજા દિવસે ભક્તિપૂર્વક સત્યનારાયણ કથા યોજાઈ, જ્યારે ત્રીજા દિવસે અથર્વશીર્ષ પાઠ યોજાયો. અંતે, ઉત્સવનો સમાપન બેન્જોની ધૂન અને ભવ્ય રેલી સાથે થયો.

## છેલ્લા પાનાનું ચાલુ

### વર્સોવા-બાંદ્રા

છે. માછીમારોની માગ મુજબ કેટલાક કનેક્ટિંગ રોડ (જોડ રસ્તા)ની લંબાઈમાં ફેરફાર કરી તેમાં વધારો કરવામાં આવતા ખર્ચમાં વધારો કરવામાં આવ્યો છે. એમાં પ્રત્યક્ષ બાંધકામ ખર્ચમાં રૂ. ત્રણ હજાર ૯૦૦ કરોડનો વધારો થયો છે.

એમએસઆરડીસીએ વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર તણાવ ઓછો કરવા અને દક્ષિણ મુંબઇથી ઉત્તર મુંબઇ સુધી ઝડપથી ઉત્તર મુંબઇ પહોંચવા માટે આ દરિયાઇ પુલનું નિર્માણ શરૂ કર્યું છે. હાલ મુખ્યત્વે દરિયામાં થાંભલાઓનું નિર્માણ ચાલી રહ્યું છે. પુલના હાલના મૂળ માળખા મુજબ જુહુ અને વર્સોવાના જંક્શન પર ટ્રાફિકની ભીડની સંભાવના હોવાથી સ્થાનિક માછીમારોએ ફેરફાર અને વધારો કરવાની માગ કરી હતી. આ સાથે જ કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયની ટીમે હાલમાં જ આ બ્રિજનો સર્વે કરી આ બ્રિજને જોડતા તમામ જંક્શન પર ટ્રાફિક-જામની શક્યતા ધ્યાનમાં રાખીને રોડ બદલવાનું સૂચન કર્યું છે. સાથે જ બ્રિજના જુહુ અને વર્સોવા કનેક્ટરને વેસ્ટર્ન એક્સપ્રેસ વે સાથે જોડવાની જરૂરિયાત પણ સામે આવી છે. આથી જ આ પુલને લઈને મહત્ત્વના ફેરફાર કરવામાં આવશે. પરિણામે ખર્ચમાં વધારો થઈ રહ્યો છે.

એમએસઆરડીસીએ આ અંગે મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન રેગ્યુલેટરી ઑથોરિટી (એમસીઝેડએમએ)ને અરજી કરી હતી. એ અનુસાર આ બ્રિજમાં બ્રિજના બે ભાગને ખસેડવામાં આવશે અને એક ભાગની લંબાઈ ૧૦૦ મીટરથી વધારીને ૧૧૦ મીટર કરવામાં આવશે. જુહુ કનેક્ટરની લંબાઈ ૩.૫૪ કિલોમીટરથી વધારીને ૪.૪૫ કિલોમીટર કરવામાં આવનાર હોવાથી બ્રિજમાં ૧૨૦ મીટર લંબાઈના બે વધારાના વિભાગો ઉમેરવા પડશે. સાથે જ જુહુ કનેક્ટરને દરિયાનું પાણી ન સ્પર્શે એ માટે થાંભલાના બદલે કેબલ આધારિત બ્રિજ બનાવવામાં આવશે. એમસીઝેડએમએએ બ્રિજમાં ફેરફાર માટે એમએસઆરડીસીની અરજીને મંજૂરી આપી દીધી છે. હવે આ પ્રોજેક્ટને વધુ મંજૂરી માટે સ્ટેટ એન્વાયર્મેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઑથોરિટી સમક્ષ ભલામણ કરવામાં આવી છે.

### ફડણવીસ સીએમ

(એનસીપી)ના અધ્યક્ષ અજિત પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. વિધાનસભા ચૂંટણીમાં જીત બાદ એકનાથ શિંદે ફરી મુખ્ય પ્રધાન બનવા ઉત્સુક હતા. જોકે ૧૩૨ બેઠક જીતી હોવાથી ભાજપે મુખ્ય પ્રધાન પોતાનો હોવાનો આગ્રહ રાખ્યો હતો. શિંદે સીએમ હતા ત્યારે મહાયુતિના મુખ્ય નેતા હતા. ભાજપનો તેમને મજબૂત ટેકો હતો. જોકે ફડણવીસ સીએમ બન્યા પછી ભાજપ શિંદેની અવગણના કરી રહ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. એકનાથ શિંદેએ આ અંગે વિસ્તૃત જવાબ આપ્યો છે. ફડણવીસ મુખ્ય પ્રધાન બન્યા પછી ભાજપ તમારી અવગણના કરી રહ્યો છે? એવા સવાલના જવાબમાં એકનાથ શિંદેએ કહ્યું કે 'ના, મને એવું નથી લાગતું. કારણ કે હું સીએમ હતો ત્યારે બંને નાયબ મુખ્ય પ્રધાન અને હું મળીને એક ટીમ તરીકે કામ કરતા હતા. હવે દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન છે. હવે તેઓ અને અમે બંને (બંને નાયબ મુખ્ય પ્રધાન) એવી અમારી ટીમ છે.' એકનાથ શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે 'વિકાસ અમારો મુખ્ય એજન્ડા છે, અમે ઇચ્છીએ છીએ કે મહારાષ્ટ્રને વધુ ન્યાય મળે. કોઈ વ્યક્તિગત એજન્ડા નથી. હાલ મહારાષ્ટ્રમાં ઘણું રોકાણ આવી રહ્યું છે.

### સરકારી ઠરાવ

આવ્યો છે. જરાંગેએ છત્રપતિ સંભાજીનગરની એક હૉસ્પિટલમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'સરકાર રાજ્યની તાલુકા કક્ષાની ઓફિસોને જીઆર પર કાર્યવાહી કરવા કહેશે અને એ કામ ૧૭ સપ્ટેમ્બર પહેલાં શરૂ કરવામાં આવશે એવી અમારી અપેક્ષા છે. જો તેમ નહીં થાય તો મારે આકરા નિર્ણયો લેવા પડશે.'

ગયા અઠવાડિયે મુંબઈમાં આંદોલન અટકાવ્યા બાદ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરાંગેએ વધુમાં જણાવ્યું હતું કે 'જો સરકાર યેવલાની કોઈ વ્યક્તિ (ઈશારો પ્રધાન છગન ભુજબળ તરફ છે)ની વાત કાને ધરશે અને કંઈપણ ગરબડ થશે તો અન્ય લોકોને અમારું આરક્ષણ આપતા ૧૯૯૪ના જીઆરને પણ અમે પડકારીશું.' (પીટીઆઈ)

### વેનગંગા-નળગંગા

ભંડોળ રાજ્ય સરકાર માંગશે અને સાથે સાથે તેના પોતાના સંસાધનો પણ પૂરા પાડશે.' આ પ્રોજેક્ટની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી રહેલા ફડણવીસે જળ સંસાધન વિભાગને પર્યાવરણીય મંજૂરી મેળવ્યા બાદ પ્રથમ તબક્કો ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હોવાનું મુખ્ય પ્રધાનના કાર્યાલય (સીએમઓ) તરફથી એક નિવેદનમાં જણાવાયું હતું. (પીટીઆઈ)

### મુંબઈ ઍરપોર્ટ પર

૧૧.૮૩ કરોડ રૂપિયાની કિંમતનો ૧૧.૮૩૪ કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

બંને પ્રવાસીઓ વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ એક્ટ (એનડીપીએસ) હેઠળ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી. પ્રવાસીઓએ બેંગકોકમાં ગાંજો ક્યાંથી મેળવ્યો હતો અને તે કોને આપવા માટે મુંબઇ લાવ્યા હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### મહારાષ્ટ્રમાં વિઝન

વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્યપ્રધાનના કાર્યાલયના જણાવ્યા મુજબ, પાણી, ઉર્જા, શિક્ષણ, સમાજ કલ્યાણ, ઉદ્યોગો અને સેવાઓ, ટેકનોલોજી અને અર્થતંત્ર પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યા હતા.

ફડણવીસે પ્રેઝન્ટેશન વિશે સંતોષ વ્યક્ત કરતા કહ્યું કે આપણે સાચા માર્ગ પર છીએ. વિઝન એટલે દિશા અને આપણા લક્ષ્યો, અને તેમને પ્રાપ્ત કરવાનો માર્ગ સ્પષ્ટ હોવો જોઈએ. આ કાગળ પર ન રહેવું જોઈએ પરંતુ સંપૂર્ણ ક્ષમતા સાથે અમલમાં મૂકવું જોઈએ. તેમણેઉમેર્યું હતું કે, જો આપણે આગામી પાંચ વર્ષ સુધી આ વિઝન પર સતત કામ કરીશું, તો મહારાષ્ટ્ર ૨૦૪૭ સુધીમાં ચોક્કસપણે વિકસિત રાજ્ય બનશે.

ફડણવીસે સહકારી ક્ષેત્રના મહત્વ, કાર્યક્ષમ વહીવટ માટે માહિતી ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ, ભારત નેટ કનેક્ટિવિટીનો ઝડપી વિકાસ અને સાયબર સુરક્ષામાં વૈશ્વિક સહયોગ પર ભાર મૂક્યો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાજ્યનો દસ્તાવેજ દેશમાં 'શ્રેષ્ઠ વિઝન દસ્તાવેજ' તરીકે ઉભરી આવશે. તેમણે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની ગુણવત્તા સુધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી.

નાયબ મુખ્યપ્રધાન શિંદેએ જણાવ્યું હતું કે આ વિઝન ૨૨ વર્ષ પછી મહારાષ્ટ્ર કેવું દેખાવું જોઈએ તેનું સ્પષ્ટ ચિત્ર પૂરું પાડે છે. 'આ એક રોડમેપ છે જે ભવિષ્યની જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં લે છે. જ્યારે આપણે મોટા સ્વપનો જોઈએ છીએ ત્યારે જ આપણે આગળ વધી શકીએ છીએ. આ વિઝનની તાકાત લોકોની અપેક્ષાઓ પૂરી કરવાની અને સમાજના છેલ્લા વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાની ક્ષમતામાં રહેલી છે,' તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)

### લાડકી બહિણના

લાગે છે કે હપ્તામાં વિલંબ થઈ રહ્યો છે. ઓગસ્ટ મહિનાના પૈસા હજુ સુધી તેમના ખાતામાં આવ્યા ન હોવાથી મહિલાઓમાં મૂંઝવણ છે. સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં પૈસા જમા થવાની અપેક્ષા હતી. જોકે, હવે પહેલું અઠવાડિયું પસાર થઈ ગયું છે, પૈસા જમા થયા નથી.

આ અંગે પૂછવામાં આવતા, મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ કહ્યું કે, ઓગસ્ટ મહિનાનો હપ્તો ટૂંક સમયમાં બહેનોના ખાતામાં જમા કરવામાં આવશે. સરકાર લાડકી બહિણ યોજનાને સફળતાપૂર્વક ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે. તેમ છતાં મહિલાઓ મૂંઝવણમાં છે કે શું ઓગસ્ટ અને સપ્ટેમ્બરના હપ્તા એકસાથે આવશે? જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

### કૉંગ્રેસ નેતા

વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાની નિમણૂક અંગે પણ ચર્ચા કરી હતી' એમ થોરાતે ઠાકરેને માતોશ્રીમાં મળ્યા બાદ સંવાદદાતાઓને જણાવ્યું હતું.

નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણી સાથે વડેટ્ટીવારની મુદત પૂરી થઈ ત્યારથી વિધાનસભામાં વિપક્ષના નેતાનું પદ ખાલી પડ્યું છે. શિવસેના (યુબીટી) સાથે સંકળાયેલા વિપક્ષના નેતા અંબાદાસ દાનવેની મુદત ઓગસ્ટમાં પૂરી થયા બાદ વિધાન પરિષદમાં એલઓપીનું પદ ખાલી પડ્યું છે.

સેના (યુબીટી)એ વિધાનસભામાં એલઓપીના પદ માટે પહેલેથી જ દાવો કર્યો હતો, જ્યારે કોંગ્રેસની નજર કાઉન્સિલમાં પણ આ જ પદ પર છે. શિવસેના (યુબીટી)ના ૨૦ વિધાનસભ્યો છે, જે વિરોધ પક્ષોમાં સૌથી વધુ છે. રાજ્ય વિધાનસભાના ૭૮ સભ્યોના ઉપલા ગૃહમાં કોંગ્રેસ પાસ સાત એમએલસી, સેના (યુબીટી) છ અને એનસીપી એસપી (૩) છે. ત્રણ ધારાસભ્યો અપક્ષ છે.

ભાજપ પાસે ૨૨ એમએલસી, એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેના પાસે સાત અને અજિત પવારના વડપણ હેઠળની એનસીપી પાસે આઠ એમએલસી છે. હાલ ૨૨ જગ્યા ખાલી છે. વડેટ્ટીવારે જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતાઓ ટૂંક સમયમાં એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારને પણ મળશે. (પીટીઆઈ)

### જરાંગેએ આઠ મહિના

જરાંગે અને શિંદેએ એકબીજા પર ગુલાલ છાંટી આનંદ વ્યક્ત કર્યો હતો. એ જોતા સવાલ પૂછાઈ રહ્યો છે કે આઠ મહિના જરાંગે ફરી કેમ પાછો મુંબઈ આવ્યા? નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ અંગે વિગતવાર પ્રતિક્રિયા આપી છે.

એકનાથ શિંદેએ જણાવ્યું છે કે મનોજ જરાંગેનો મુખ્ય મુદ્દો મરાઠવાડામાં મરાઠા સમુદાયને અનામત આપવાનો છે. કારણ કે નિઝામના રાજ્યમાં મહારાષ્ટ્રના મરાઠવાડાનો એક ભાગ હતો. જ્યારે હું વાશી (નવી મુંબઈ)માં મનોજ જરાંગેને મળ્યો ત્યારે મેં તેમને અમારી સરકારનો નિર્ણય બતાવ્યો હતો. એ વાંચી તેમણે મંજૂરી આપી હતી. જોકે, હવે સાતારા, હૈદરાબાદ અને ઔંધ.

ગેઝેટિયરનો મુદ્દો ઉપસ્થિત થયો છે. તેમનું કહેવું છે કે મરાઠવાડાના તમામ મરાઠાઓને ઓબીસીમાં સામેલ કરો. અમે ત્યારે જ આવું કરવું ગેરકાયદેસર કહેવાય એવી સ્પષ્ટતા અમે કરી હતી. એ પ્રમાણે કરી શકાય નહીં અને જો એમ કરશું તો અદાલતમાં એ નિર્ણય ટકી નહીં શકે.'

નાયબ મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'અમારી બાજુ સાંભળ્યા પછી મનોજ જરાંગેએ આ બાબત તપાસ કરવા અમને સમય આપ્યો હતો. 'તપાસ કરી નિષ્ણાતોના મંતવ્ય મેળવો' એમ તેમણે જણાવ્યું હતું. કાયદો કહેશે એ પ્રમાણે મરાઠા સમાજને અનામત આપવામાં આવશે એમ છત્રપતિ શિવાજી મહારાજના શપથ લઇ મેં તેમને જણાવ્યું હતું. વચન આપ્યા મુજબ અમે ન્યાયમૂર્તિ શુક્રેની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી. સમિતિએ વિશાળ પાયે સર્વે કર્યો હતો. એ વખતે જ અમે મરાઠા સમુદાયને ૧૦ ટકા એસઇબીસી અનામત આપી છે.'

### મરાઠા દેખાવકારો

પોલીસે ટોળાં પર કરેલા લાઠીચાર્જના રાજ્યભરમાં પ્રત્યાઘાત પડયા હતા. કેટલીક જગ્યાએ આગચંપી અને તોડફોડના બનાવો બન્યા હતા. આ ઘટનાને પગલે પોલીસે રાજ્યભરના વિવિધ પોલીસ સ્ટેશનમાં દેખાવકારો સામે કેસ નોંધ્યા હતા.

મરાઠા દેખાવકારો સામે અત્યાર સુધીમાં એક ડઝનથી વધુ કલમ હેઠળ ૮૨૬ કેસ નોંધાયા છે, જેમાં હત્યાનો પ્રયાસ, સરકારી કામમાં અવરોધ ઊભો કરવો, જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવું, કર્ફ્યુનો ભંગ કરીને રમખાણોનો પ્રયાસ કરવો, ગુનો આચરવો, રમખાણો અને ગેરકાયદેસર રીતે ભેગા થવું સામેલ છે.

પરભણીમાં ૧૪૪, બીડ જિલ્લામાં ૧૩૨, નાંદેડમાં ૯૮, જાલનામાં ૬૯, હિંગોલીમાં ૫૩ અને ધારાશિવમાં ૬૪ કેસ નોંધાયા છે. ભૂખ હડતાલ દરમિયાન મરાઠા વિરોધીઓ સામેના કેસ પાછા ખેંચવાની માગ જરાંગે કરી રહ્યા છે. છત્રપતિ સંભાજી રાજેએ આઝાદ મેદાનમાં ઉપવાસ કરી મરાઠા આંદોલનકારીઓ સામેના કેસ પાછા ખેંચવાની માગ કરી હતી.

એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમણે મરાઠા દેખાવકારો સામેના કેસ પાછા ખેંચવાની જાહેરાત કરી હતી. તદનુસાર, સરકારે સરકારી સંપત્તિને નુકસાન અને પોલીસ પર હુમલાના બે બનાવ સિવાયના કેસો પાછા ખેંચવા માટે ડેપ્યુટી કલેક્ટર, નાયબ પોલીસ અધિક્ષક અને પોલીસ કમિશનરેટના સરકારી અધિકારીઓ અને પોલીસ કમિશનરેટના ડેપ્યુટી કમિશનરેટના અધિક્ષક કક્ષાએ સમિતિઓની રચના કરી હતી. જોકે, છેલ્લાં બે વર્ષમાં આ પ્રક્રિયા ધીમી રહી છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ વડાલા સ્વ. શાંતિલાલ વીરચંદ ગાંધીના પુત્ર હિંમતભાઇ ગાંધી (ઉં. વ. ૮૫) પ્રફુલતાબેનના પતિ. નેહા વિરેન સંઘવી અને નિધિ અજય મિશ્રાના પિતા. નવીનભાઇ, સ્વ. અજીતભાઇ, હર્ષદભાઇ, સ્વ. મનહરભાઇ તથા શશીકલાબેન અરુણકુમાર શાહના મોટાભાઇ. તે સ્વ. હઠીચંદ જેકાભાઇ શેઠ (ટીટોડી) પાલિતાણાવાળાના જમાઇ. મન અને સીયાના નાના રવિવાર, તા. ૭-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૧-૯-૨૫ના ૧૦થી ૧૨. ઠે. આર. જે. ચાંગડાઇવાળા હોલ, એસ.એન.ડી. ટી. કોલેજ, આર. એ. કીડવાઇ રોડ, માટુંગા (ઇસ્ટ). દેહદાન કરેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ મનફરાના કેશવજી રવજી દેઢિયા (ઉં. વ. ૬૫) શનિવાર તા. ૬-૯-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સંતિબેન રવજી કારાના સુપુત્ર. ગુણવંતીના પતિ. જિજ્ઞા, વિરાગ, અમિતના પિતાશ્રી. મિતેશ, રશ્મી, ડિમ્પલના સસરા. જિનાયાના દાદા. ગામ ભચાઉના સ્વ. મોંઘીબેન અરજણ પેથા છાડવાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી.

**સતાવીસ એકડા જૈન**

ઓરાણ નિવાસી હાલ વિલેપાર્લે (ઇસ્ટ) સુબોધચંદ્ર શાહ (ઉં. વ. ૮૨) તા. ૭-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંગુબેન નગીનદાસ શાહના સુપુત્ર. તે સ્વ. શાંતાબેન શાહના પતિ. અજય, નીપા, યોગીતાના પિતાશ્રી. જસમીન તથા ચંદ્રેશના સસરા. નિરાગી, કથન, રાશીના નાના. શિવાની, સલોનીના દાદા. સ્વ.મણીબેન અંબાલાલ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વિજાપુર સત્તાવીસ વીસા શ્રીમાળી જૈન**

ગામ ગેરીતા નિવાસી હાલ દાદર મુંબઇ અતુલભાઇ રમણલાલ શાહ (ઉં. વ. ૭૧) તા. ૭-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શર્મિષ્ટાબહેનના પતિ. સ્વ. જયેશભાઇના ભાઇ. તે હર્ષાબહેનના દીયર. તે અંકિત, અર્પીત તથા મિતલના કાકા. તે મણસા નિવાસી નાથાલાલ વાડીલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૯-૨૫ મંગળવારના સવારના ૧૦થી ૧૨. ઠે. કરસન લધુ નીસર હોલ, જ્ઞાનમંદિર રોડ,. દાદર (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ સાયન મુકુંદભાઇ પરમાણંદ મોદીના ધર્મપત્ની અ. સૌ. જયોત્સનાબેન (ઉં. વ. ૭૮) તે જસ્મીનભાઇ, મનીષાબેનના માતુશ્રી. શીલાબેનના સાસુ. સ્વ. નિર્મળાબેન નગીનદાસ દોશીના દીકરી. દિનેશભાઇ, ભદ્રેશભાઇ, રેખાબેન અને જયશ્રીબેનના બેન શુક્રવાર, તા. ૫-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક રિવાજ બંધ છે. ઠે. ૨૦૧, રીગલ હાઇટસ, પ્લોટ નં. ૨૬૮, રોડ નં. ૩૧, કિકાભાઇ હોસ્પિટલની બાજુમાં, સાયન (ઇસ્ટ).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

પોરબંદર નિવાસી હાલ ભાયંદર, ભાવનાબેન તથા કિરીટભાઈ વૃજલાલ સાવડીયાના પુત્રવધુ, પ્રતિકભાઈના ધર્મપત્ની ભાવિષા સાવડીયા (ઉં. વ. ૩૮) તે સમરના માતુશ્રી. પિયરપક્ષે ખરસાડ નિવાસી સાધનાબેન તથા સુભાષભાઈ મણિલાલ પટેલના સુપુત્રી. વિક્કીના બહેન તા. ૫-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા મંગળવાર, તા. ૯-૯-૨૦૨૫ના ૧૦ થી ૧૨. રાજસ્થાન હોલ, ૬૦ ફુટ રોડ, ભાયંદર વેસ્ટ.

**પાટણ સાંડેસરા જૈન**

પાટણ શાહનો પાડો હાલ બોરીવલી, વીણાબેન શાહ (ઉં.વ. ૭૪ ) તે સ્વ. સુશીલાબેન કાંતિલાલ શાહની સુપુત્રી, સ્વ. નરેન્દ્રભાઈ મફતલાલ શાહના પત્ની, સ્વર્ગીય ડાહીબેન મફતલાલ શાહના પુત્રવધુ, શીતલ, તેજસ, જયના માતા, નેહલકુમાર, જલ્પા, રીતુના સાસુ, મહેશભાઈ, શકુંતલાબેન, નરેશભાઈ તથા શૈલેષભાઈના બેન. તા. ૦૮-૦૯-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૦૯-૨૦૨૫ના ૯ થી ૧૧. પેરેડાઇઝ હોલ, ડી.એમ. સ્કૂલ, દોલતનગર રોડ નંબર ૧૦, બોરીવલી ઇસ્ટ.

**જરાતી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર, યોગેશભાઈ મુકુંદભાઈ ચુનીલાલ વોરા (ઉં.વ.૬૬) શુક્રવાર ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. જીતેન્દ્રભાઈના ભાઈ, એકતા - દીપેન, જતીન - અંતરાના પિતાશ્રી. સ્વ. લક્ષ્મીચંદ જયંતીલાલ પટેલ ( ખીજડીયા)ના જમાઈ, અવિયાન / ધૃતિના દાદા/નાનાજી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના કુંવરજી કરમશી હરશી સાવલા (ઉં.વ. ૭૫)અરિહંત શરણ પામ્યા છે. હાંસબાઇ, મઠાબાઇ કરમશીના પુત્ર. મંજુલાના પતિ. મયુર, ઉષાના પિતા. સ્વ. શામજી, સ્વ. કસ્તુર, હંસરાજ, સ્વ. જેઠાલાલ, સ્વ. શાંતિ, સ્વ. હીરાવંતી, ઝવેર, મીનાના ભાઇ. ગોધરાના જેઠીબાઇ નાનજી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મયુર સાવલા, ૬૦૧, સાંઇકૃપા ટાવર, એલ.ટી.રોડ, દહીંસર (વેસ્ટ).

નવાવાસના રમણીક ઝવેરચંદ ગડા (ઉં. વ. ૭૪) તા. ૬-૯-૨૫ના અવસાન પામેલ છે. મુલબાઈ ઝવેરચંદના પુત્ર. સ્વ. લતાના પતિ. નયન ભાવિનીના પિતા. ડેપા મંજુલા હરખચંદ, સ્વ. વિજય, કોડાય જયા રાયચંદના ભાઈ. નાગલપુર રાજબાઈ મગનલાલ નરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નયન રમણીક ગડા, ૯/૧૬૦૫, સુકુર એન્કલેવ, આનંદ નગર, જી. બી. રોડ, થાણા (વેસ્ટ). મું- ૪૦૦૬૧૫.

ભુજપુરના ચંદ્રકાંત મોરારજી દામજી શેઠિયા (ઉં. વ. ૭૫) તા. ૫-૯-૨૫ ના રોજ અવસાન પામ્યા છે. સ્વ. સાકરબેન મોરારજીના પુત્ર. સુશીલા મોરારજીના ભાઈ. સ્વ. જેઠીબાઈ દામજીના પૌત્ર. ગામ પત્રીના સ્વ. મઠાબાઈ ઉમરશી રવજી ધરોડના દોહિત્ર. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠેકાણું : ચંદ્રકાંત શેઠીયા, એ-૨૦૨, ઓરબીટ ટાવર, શાંતિપથ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈ), મું. ૭૭.

લઠેડીના મધુરીબેન મેઘજી ભાણજી ગડા (ઉં. વ. ૮૯) તા. ૭-૯-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી આશબાઈ ભાણજીના પુત્રવધુ. મેઘજીભાઈના ધર્મપત્ની. સુધીર, સુનીલ, કુમુદ, પ્રીતિ, શૈલાના માતુશ્રી. ડુમરાના

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

મુંબઇ નિવાસી હાલ ઘાટકોપર જયાબેન (ઉં. વ. ૮૩) તે સ્વ. જીતેન્દ્રભાઇ ભાનુપ્રસાદ દેસાઇના ધર્મપત્ની. સ્વ. સાકરબેન રામજી સોમૈયાના સુપુત્રી. ભાવનાબેન સુનીલ, સ્વ. દર્શન, નિમિષ અને ચિંતનના માતુશ્રી. લીનાના સાસુજી. રક્ષાબેન રાજેનભાઇના ભાભી. યશ, દિશા, ઇશાનના દાદીમા તા. ૬-૯-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૯-૯-૨૫ના ૫થી ૭. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી પંચાલ**

અ. સૌ. રેખાબેન ઉર્ફે રત્નમણીબેન તે શરદચંદ્ર નરોતમદાસની પત્ની. ભાવના સ્નેહલ એન્જિનિયર, દર્શના હેતુલ પંચાલ તથા હીરેન શરદચંદ્રની માતા. રેશમા હીરેન પંચાલની સાસુ. તે સ્વ. મોહનલાલ કરશન મિસ્ત્રીની દીકરી તા. ૫-૯-૨૫ના શુક્રવારે સ્વર્ગવાસ થયેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ સલાયાવાળા હાલ સુરત મથુરાદાસ બદીયાણી (ઉં. વ. ૮૯) તા. ૬-૯-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભાનુમતી જેઠાલાલ બદિયાણીના સુપુત્ર. જામજોધપુર નિવાસી સ્વ. વલ્લભદાસ કાનાબારના જમાઇ. તે મંજુલાબેનના પતિ. સ્વ. બીનાબહેન અતુલકુમાર દતાણી, મીતુલ તથા જીજ્ઞેશના પિતા. તે અ.સૌ. કૃપના સસરા. સ્વ. નારણભાઇ, હસમુખભાઇ, દામોદરભાઇ, પરસોતમભાઇ, નરેન્દ્રભાઇ, જગદીશભાઇ, સ્વ. ઇંદુબહેન, સ્વ. નિમુબેન, સ્વ. હીરાબેનના મોટાભાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૯-૨૫ના ૧૧થી ૧. ઠે. શાંતિ મંગલ હોલ, આઇ. સી. ગાંધી હાઇસ્કૂલ પાસે, સુમુલ ડેરી રોડ, સુરત. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર સહસ્ત્ર ઔદીચ્ય બ્રાહ્મણ**

મૂળ જામનગર હાલ સાંતાક્રુઝ ચન્દ્રપ્રસાદ આચાર્ય (ઉં. વ. ૮૦) તે સ્વ. અમૃતલાલ અને સ્વ. વિજયા આચાર્યના સુપુત્ર. સ્વ.રમાકાંત, સ્વ. બેબીબેન, સ્વ. બકુલા ભરત ઉપાધ્યાય, સૌ. હંસા અનિલ દવે, મધુસુદન, ઇશ્વરભાઇ અને વિજયભાઇના ભાઇ. માંગરોળવાળા સ્વ. વ્રજલાલ શાહના જમાઇ. માલવિકાના પતિ. નિશ્ચલ અને હેરતના પિતાશ્રી.અ. સૌ. શિવાલીના સસરા. તા. ૫-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. જોશી ભાઇલાલ જીવરામ રાડીયા કચ્છ ગામ નારાયણ સરોવરવાળાના પુત્ર યોગેશ (પપ્પુ) જોશી (ઉં. વ. ૬૨) હાલ મુલુંડ તા. ૭-૯-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. ત્રિવેણીબેન, ગં. સ્વ. સુકન્યાબેનના પુત્ર. પ્રીતિબહેનના પતિ. ડોલી અને નેહાના પિતાશ્રી. સ્વ. રાજુ (ભરત), સ્વ. ચેતન (નાનુ) અને બાદલના ભાઇ. સ્વ. કસ્તુરબેન ચંદુલાલ (થાનાઇ) રતેશ્વર ગામ અંજારવાળાના જમાઇ. તે નીતિન ભગવાનજી મચ્છર, અજય વસંત ગિરીના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૯-૯-૨૫ના ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસીયા સમાજ**

ટીટોઇ નિવાસી હાલ ચેમ્બુર (તિલકનગર) પદમાબેન (ઉં. વ. ૭૭) તે વિજયભાઇ પ્રહલાદજી વ્યાસના પત્ની તા. ૭-૯-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. વિશાલ અને સુજાતાના માતુશ્રી. તે જલ્પા અને સ્વ. ચેતનકુમાર ખેરડીયાના સાસુ. તે યશ, શ્રુતિ, ઋતુ, યાત્રિક, પ્રિયલ દીપ સંપટના દાદી. તે સ્વ. હીરાબેન મોહનલાલ વ્યાસ, સ્વ. ચંદનબેન નરસિંહ પ્રસાદ આચાર્ય, સ્વ. વિમળાબેન રમણલાલ ઠાકર અને સ્વ. કમુબેન પ્રહલાદજી પંડયાના ભાભી. સ્વ. મંગળાબેન નટવરલાલ પંડયાની પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. તા. ૯-૯-૨૫ને મંગળવારે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળગામ કિલ્લા પારડી હાલ કોલાબા મુંબઇ

---

માતુશ્રી મણીબેન ખીમજી ગાંગજી મારૂના સુપુત્રી. યોગેશ, હેમલતા લીલાધર, અમૃત જયંતિલાલ, ઇન્દુ નાગજી, રંજન સુધીરના બેન. પ્રા. તા. ૯-૯-૨૫, મંગળવાર સાંજે ૪ થી ૪.૩૦ કચ્છી ભવન, હૈદ્રાબાદ-૫૦૦૦૮૨ (મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી)

શેરડીના જયાબેન રતનશી હરીઆ (ઉં. વ. ૯૩) તા. ૬-૯-૨૫નાં અરિહંત શરણ પામેલ છે. કંકુબેન દેવજીના પુત્રવધૂ. રતનશી દેવજીના ધર્મપત્ની. સ્વ. કમલકાંત, દમયંતી, જયશ્રીના માતુશ્રી. ગઢશીશાના ધનબાઇ માલશીના સુપુત્રી. હીરજી માલશી, મકડાના સ્વ. ભચીબાઇ દામજી, કોટડા રોહાના સ્વ. મેઘબાઇ ભાણજી, ગઢશીશાના ગંગબાઇ હરશી, કોટડી મહા. સ્વ. મણીબાઇ વલ્લભજી, કોટડા (રોહા)ના લીલબાઇ મોહનભાઇના બહેન. પ્રાર્થના રાખેલ નથી. સદ્‌ગતના આત્મ શ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા. સરનામું : જયશ્રી દિનેશ છેડા, ફ્લેટ નં. ૧૦૮, ૯-બી, ઓમ સાઇધામ, સાઇવાડી, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૬૯.

માંડવી/નાગલપુર હાલે મલાડના અ.સૌ. રીટાબેન શાહ/ગાલા (ઉં. વ. ૬૦) તા. ૫-૯-૨૫ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. કુંજલતાબેન રમણીકલાલના પુત્રવધૂ. કેકીનના પત્ની. નાયોમી, રોહીનના માતુશ્રી. કાંતાબેન કાંતીલાલના પુત્રી. દેવેન્દ્રના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : કેકીન શાહ, બી-૧૭૦૧, મરીના એન્કલેવ, જન કલ્યાણનગર, મલાડ (પશ્ચિમ).

બાડાના હીતેશ તલકશી સાવલા (ઉં. વ. ૪૭) તા. ૫-૯-૨૦૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ મોણશી પાલણના પૌત્ર. સુશીલા તલકશી મોણશીના પુત્ર. શિલ્પા, પુર્વીના ભાઇ. રાયણના હીરબાઇ હરખચંદ ભાણજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : તલકશી મોણશી પાલણ, ૫૧/સી, રોજ એડન એપાર્ટમેન્ટ, બીજે માળે, રૂમ નં. ૨૦૨, ચેપલ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

રામાણીઆના વિજય હીરજી રાંભીઆ (ઉં. વ. ૬૭) તા. ૭-૯-૨૫ના અવસાન પામ્યા છે. કેસરબેન હીરજીના પુત્ર. તરૂલતાના પતિ. મયુર, વૈભવના પિતા. એડ.લખમશી, ઝવેરચંદ, દેવચંદ, પત્રી કુસુમ ઠાકરશી, બિદડા તારા શાંતિલાલ, કોડાય નિર્મળા પ્રવીણચંદ્ર, કપાયા ભારતી નવીનચંદ્ર, બિદડા મુક્તા સુરેશના ભાઈ. રતનબેન ખીમજીના જમાઈ. પ્રા.યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વામી નારાયણ મંદિરની પાછળ, દાદર (સે.રે.) ટા.૪ થી ૫.૩૦.

# પારસી મરણ

ખુશરૂ જમશેદ દલાલ તે મરહુમ રોશનના ખાવીંદ. તે મરહુમો પીલુ તથા જમશેદજી દલાલના દીકરા. તે નોઝર ને ડો. રયોમદના બાવાજી. તે હુઝાનના સસરા. તે રીયા ને સંકેતના બપાવાજી. તે કેકી, જાલ, ફ્રુસી, હીલ્લા, હોમી ને મરહુમો રતનશાના બનેવી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ફ્લેટ નં. ડી/૨૯૦૨, લોઇડસ એસ્ટેટ, સ્કોલ્ટ પેન રોડ, સંગમ નગર, વડાલા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૩૭.

ફિરોઝ મેહરજી અવાસિયા, (ઉં. વ. ૭૬) તે મરહુમ મેહરજી અને મરહુમ મેહરુ અવાસિયાના પુત્ર. તે નરગીસ પાલનજી, જાસ્મિન કોતવાલ, ફારુખ અવાસિયાના ભાઇ. (ઉં. વ.૭૬) રે. ઠે. બિલ્ડિંગ નં-૪, બ્લોક નં-૩૩, ટાટા મિલ્સ કો.ઓ.સો.લિ.જગન્નાથરાવ ભારતનકર માર્ગ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨.

એરવદ જાલ સોરાબજી બલસારા તે મરહુમ ઓસતી ફ્રેનીના ધની. તે મરહુમ ધનમાય સોરાબજી બલસારા (તોતી)ના દીકરા. તે રશના ને નેવીલના પપા. તે ફરીદા ને વીસપીના સસરા. તે મરહુમો બહાદુર, બહમન, જેમી, તેહમીના, હિલ્લા, ઝરીન, દીના, ને દોલીના ભાઇ. તે મરહુમો ગુલબાનુ સોરાબજી એન્જિનિયરના જમાઇ. (ઉં. વ. ૯૪) રે. ઠે. ગોલવાલા બિલ્ડિંગ, બીજે માળે, રૂમ. નં. ૧૦, ખેતવાડી ૮મી ગલી, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી પર.

શેરુ રુસી બાટલીવાળા તે મરહુમ રુસીના ધન્યાની. તે મરહુમો મેહરબઇ દોસાભાઇ કુપરના દીકરી. તે નેવીલ ને શીરાઝના માતાજી. તે મરહુમો રતામાય અરદેસર બાટલીવાળાના વહુ. તે શીરીન ને દારાયસના સાસુજી. તે કેકી તથા મરહુમો અસપી, ફિરોઝ, કેતી, રોશન, ખોરશેદ ને અરનાવાઝના બહેન. તે કૈયોમઝ ને ફરનાઝાના બપઇજી. (ઉં. વ. ૯૬) રે. ઠે. અહુરા એપાર્ટમેન્ટ, ફલેટ નં.૭-એ, ગનપાઉડર રોડ, મઝગાંવ, મુંબઇ- ૪૦૦૦૧૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૯-૨૫ને બપોરે ૩.૪૦ વાગે. ઉપરની ભાભા નં.૨. ડુંગરવાડી.

---

ઇંદ્રવંદન રામશંકર જોશી (ઉં. વ. ૮૪) બુધવાર તા. ૩-૯-૨૫ના સ્વર્ગવાસ થયા છે. તે સ્વ. રજની જોશીના પતિ. જય અને બિમલ જોશીના પિતા. અ. સૌ. રશ્મી અને ઉર્મીલા જોશીના સસરા. રાજ, મિહિકા અને પાર્થ જોશીના દાદા. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૯-૯-૨૫ના ૫થી ૭. ઠે. કે. સી. કોલેજ, ૧૨૪ દિનશા વાચ્છા રોડ, ચર્ચગેટ, મુંબઇ-૨૦.

**મોઢ વાણીયા**

કશ્યપ ચિત્તરંજન ચોક્સી (ઉં. વ. ૪૬) તા. ૭/૯/૨૫ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તે હંસાબેનના સુપુત્ર. પ્રિયાના પતિ. પ્રવીણભાઈ ગોગરીના જમાઈ, ડૉ. દિનબંધુભાઇ, અશોકભાઈ, ગૌતમભાઈ, મધુબેન, દીપકભાઇ મહેતા તથા કલ્પનાબેન રમેશભાઈ ગોરડિયાના ભત્રીજા, ભુપેન્દ્રભાઈ, નરેશભાઈ, નરેન્દ્રભાઈ, ભરતભાઈ, મહેન્દ્રભાઈ, દીપકભાઈ, ચેતનભાઈ, હેમંતભાઈ અશોકભાઈ અને હેમાબેન, મીનાબેનના ભાણેજ. તેમની લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ પુના, સ્વ. ગુલાલરાય રતિલાલ ગોરડિયાના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૯૨) તા. ૬/૯/૨૦૨૫ને શનિવાર શ્રીજીચરણ પામ્યા છે. તે પિયરપક્ષે ભડિયાદવાળા ભગવાનદાસ લક્ષ્મીદાસ લક્કડના પુત્રી. જયંતભાઈ જાહ્નવીબેન, વિજયભાઈ, પ્રવિણાબેન, મિલનભાઈ, ભામિની, સ્મિતાબેન હરેશભાઇ સંઘવીના માતુશ્રી, જયોત્સના હસમુખભાઈ, ભાનુબેન રમેશભાઈ અને મીનાક્ષીબેન કાંતિભાઈના ભાભી, કવિતા કૌશલ, મિત્તલ યોગેશ, રિતેશ કિંજલ, નિશિત નેહા, મોનિશ નિશા, ઈશા ધ્વનિત, સ્નેહ અનુજ તથા જાહ્નવી ચિતન, ધ્વનિ સ્તવનના મોટીબા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

દામનગર ગામના હાલ બોરીવલી, હિતેન ગણાત્રા (બાવકાકા) (ઉં. વ. ૬૩) તા. ૩/૯/૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શારદાબેન વૃન્દાવનદાસ ગણાત્રાના પુત્ર. સ્વેત અને સ્મિતના પિતા. સ્વ. ગીતાબેન, સ્વ. નીતિનભાઈ અને સ્વ. બિપીનભાઈના ભાઈ. હેમંતિબેન અને જયશ્રીબેનના દિયર. ઉર્વશી, નતાશા, હિમાંશુ અને દેવાંગના કાકા. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ અયાવેજ નં ૧, પાલીતાણા હાલ તુલશીવાડી મુંબઇ, સ્વ. અરવિંદ ભાયાભાઈ વણેલ (ઉં. વ. ૫૩) શુક્રવાર, તા. ૨૯.૮.૨૫ના રામચરણ પામ્યા છે. તે સ્વ. કંકુબેન અને સ્વ. ભાયાભાઈના પુત્ર ગં. સ્વ. દક્ષાબેનના પતિ, આકાશ હાર્ષિકાના પિતા. એમનું બારમું તા. ૯/૯/૨૦૨૫ના મંગળવારે ૫ કલાકે. સાઈ હા.સો. સંતશ્રીવીર મેઘમાયા માર્ગ, મુંબઈ - ૩૪.

**વિશા સોરઠિયા વણિક**

પસનાવાડા વાળા હાલ ગોરેગાંવ, સ્વ. મથુરાદાસ અને સ્વ. હેમકુંવરબેનના સુપુત્ર જયકુમાર શાહ (ઉં. વ. ૭૭) ૭/૦૯/૨૫ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે મિનાક્ષીબેનના પતિ. રિતેશ, કિંજલના પિતા. દિશા, મિથુનના સસરા. સ્વ. જયાબેન, સ્વ. લીલીબેન, સ્વ. જયંતિભાઈ, શકુન્તલાબેન, સ્વ. સુધીરભાઈના ભાઈ. સ્વ. જમનાદાસ અને સ્વ. જસવંતીબેનના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળગામ દ્વારકા હાલ થાણા, કુસુમ ઠક્કર (માવાણી) (ઉં.વ.૮૦) તે સ્વ. પ્રતાપ ઠક્કરના ધર્મપત્ની, સ્વ. શ્યામકુરબેન ગોકલદાસ દામોદર ઠક્કર (માવાણી)ના પુત્રવધૂ. સ્વ. મયુર, મનિષા, મિનાક્ષી દિપકભાઈ જવાણી તથા કેતનના માતુશ્રી, જયના નાની. માસુમના દાદી. શાન્તાબેન લક્ષ્મીદાસ હરિદાસ જટણીયાના પુત્રી. સોમવાર તા. ૮/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૯/૯/૨૫ના ૦૫.૦૦ થી ૦૬.૩૦. સિ.કે.પી. હોલ, ૨ જે માળે, એન.કે.ટી કોલેજની બાજુમાં, ખારકર આળી, થાણા (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળગામ ગુરગટ હાલ થાણા, ગં. સ્વ. પ્રવિણાબેન સચદેવ (ઉં.વ. ૭૬) સોમવાર, તા. ૮/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મુળજીભાઈ વિઠ્ઠલદાસ સચદેવના પત્ની, ભરત, કૃણાલ, મમતા અમીતકુમાર ઠકરારના માતુશ્રી, નીરજા ભરત, અનુરાધા કૃણાલ સચદેવના સાસુ, સ્વ. લક્ષ્મીદાસભાઈ, માધવજીભાઈ, પ્રભુદાસભાઈ, ગીરધરભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. સુખબાઈ ખીમજીભાઇ, ચંપાબેન મથુરાદાસ, ભાનુબેન ગોકુલદાસના ભાભી, સ્વ. ગુણવંતીબેન વલ્લભદાસ જમનાદાસ દાવડાની પુત્રી, તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૯/૯/૨૫ના ૦૪.૩૦ થી ૦૬.૦૦. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણા.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




**BOOK YOUR CABIN NOW!**
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

# અમદાવાદે ₹ ૨,૫૬૧ કરોડના ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઇટ્સનો ઉપયોગ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસથી લઈને હેરિટેજ ઇમારતોના રિનોવેશન સુધી, અમદાવાદે ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઇટ્સ (ટીડીઆર)નો અસરકારક રીતે ઉપયોગ કરીને તેના શહેરી માળખાને નવો આકાર આપ્યો છે. અમદાવાદે ૨૦૨૫ સુધીમાં કુલ ટીડીઆરના ૯૫ ટકા - એટલે કે રૂ. ૨,૭૭૮ કરોડમાંથી રૂ. ૨,૫૬૧ કરોડનો ઉપયોગ કર્યો હતો. અમદાવાદની સૌથી નોંધપાત્ર સફળતા ૨૦૧૩ની ઇન-સિટુ સ્લમ રિડેવલપમેન્ટ પોલિસી છે. આ અંતર્ગત રૂ. ૧,૫૨૫ કરોડના ટીડીઆર ઇશ્યુ કરવામાં આવ્યા હતા, જેમાંથી રૂ. ૧,૭૬૧ કરોડનો ઉપયોગ થયો હતો. આનાથી ૭.૨ હેક્ટર વિસ્તારમાં ૩૩ પ્રોજેક્ટ્સને ટેકો મળ્યો હતો અને ૨૩,૭૦૪ પરિવારને ઘર મળ્યા હતા.

ટીડીઆર આધારિત પ્રોજેક્ટ્સની સાથે અમદાવાદમાં રૂ. ૩,૫૦૯ કરોડના ખાનગી હાઉસિંગ પુનર્વિકાસના ૧૭૮ પ્રોજેક્ટ્સ પણ થયા હતા, જેનાથી ૩૫.૨ હેક્ટર જમીન પર ૧૦,૯૦૯ નવા રહેઠાણ એકમોનું નિર્માણ થયું હતું. અભ્યાસ મુજબ ટીડીઆર-આધારિત પ્રોજેક્ટ્સથી વિપરીત, આ પ્રોજેક્ટ્સ રહેવાસીઓ વચ્ચેના મતભેદો, લાંબી મંજૂરી પ્રક્રિયાઓ અને માનક પ્રક્રિયાઓના અભાવને કારણે વિલંબનો સામનો કરી રહ્યા છે. ટીડીઆરનો ઉપયોગ હેરિટેજ ઇમારતોના રિનોવેશનમાં પણ થયો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અત્યાર સુધીમાં રૂ. ૧૭ કરોડના રાઇટ્સ ઇશ્યુ કરવામાં આવ્યા હતા. ૭૪ હેરિટેજ મકાનોને રિપેર અને રિસ્ટોર કરવામાં મદદ કરીને રૂ. ૧૬ કરોડનો ઉપયોગ થયો હતો. અમદાવાદના અનુભવને અન્ય શહેરો માટે એક મૉડેલ ગણાવીને સૂત્રો કહ્યું કે, જો ભારતને ૧૦ ડોલર ટ્રિલિયન ઇકોનોમી બનવું હોય તો ગતિશીલ અને કાર્યક્ષમ શહેરો હોવા જરૂરી છે. અમદાવાદે હજુ તેની કુલ સંભાવનાના માત્ર એક નાના ભાગનો જ ઉપયોગ કર્યો છે.

# ‘સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના’ અંતર્ગત ૧૫ વર્ષમાં ₹ ૫૭ હજાર કરોડની જોગવાઈ કરાઈ: ઋષિકેશ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ‘સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના’ અંતર્ગત થયેલ વિકાસ કાર્યોના વિધાનસભામાં પુછાયેલ પ્રશ્નના ઉત્તરમાં પ્રધાન ઋષિકેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત રાજ્યમાં પ્રથમ તબક્કા(વર્ષ ૨૦૦૯થી ૨૦૧૨) માટે રૂ. સાત હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. તેવી જ રીતે બીજા તબક્કા(વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭) માટે રૂ. ૧૫ હજાર કરોડ અને વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધી કુલ રૂ. ૩૫,૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. આમ, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯ થી ૨૦૨૪ સુધીમાં રૂ. ૫૭,૭૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં એક લાખથી વધુ વસ્તીવાળા ૫૦૦ શહેરો પસંદ કરી જૂન-૨૦૧૫માં અમૃત મિશન શરૂ કર્યું હતું, જેમાં ગુજરાતના ૩૧ શહેરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકામાં પાણી પુરવઠા યોજનાના કુલ ૦૩ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે, જે પૈકી ૦૧ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે, તેમજ ૦૨ પ્રોજેક્ટમાં કામગીરી પ્રગતિમાં છે, જે વર્ષ ૨૦૨૬માં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી પાછળ કુલ રૂ. ૭૦.૮૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, આ યોજના અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકાના ઝોન-૯ અને ૧૦માં પાણી પુરવઠા યોજનાના રૂ. ૨૨.૧૭ કરોડના કામોમાંથી રૂ. ૨૧.૦૯ કરોડના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઝોન-૩માં પાણી પુરવઠા યોજનાના રૂ. ૨૧.૭૨ કરોડના તેમજ ઝોન-૭માં રૂ. ૧૩.૨૭ કરોડના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

અમૃત ૨.૦ મિશન અંતર્ગત વલસાડ નગરપાલિકાની કામગીરી વિશે પ્રધાને જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં આ મિશન અંતર્ગત વલસાડ નગરપાલિકામાં કુલ ૦૯ કામ હાથ ધરવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૦૩ કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. તેમજ બાકી રહેલા કુલ ૦૬ કામો વર્ષ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.આગામી ૨૦ થી ૨૫ વર્ષના આગોતરા આયોજન થકી પાણી પુરવઠા યોજના અંતર્ગત રાજ્યના દરેક શહેરીજનોને પોતાના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પાઈપ લાઈન મારફત પુરૂં પાડવામાં આવશે.

# સુરતમાં મિલમાં ડ્રમ ફાટતાં મોતનો આંક સાત પર પહોંચ્યો: ગંભીર રીતે દાઝેલ વધુ બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામની સંતોષ ટેક્સટાઇલ મિલમાં સર્જાયેલી દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝેલ વધુ બેનાં સુરતની ખાનગી હોસ્પિટલમાં મોત થયાં હતાં. બે દિવસમાં ચારનાં મોતથી આ ઘટનામાં મૃત્યુ આંક સાત પર પહોંચ્યો છે. મૃતકના પરિવારને મિલના માલિક ૧૫ લાખની આર્થિક સહાય આપશે. જો કે હજુ પણ સુરતની ખાનગી હોસ્પિટલમાં બે દર્દી જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામમાં આવેલી સંતોષ ટેક્સટાઇલ મિલમાં ગત ૧ સપ્ટેમ્બરના રોજ કેમિકલ ભરેલું ડ્રમ અચાનક ફાટતા ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બે કામદારોના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. જ્યારે ૧૫થી વધુ લોકોને ઈજા પહોંચી હતી.

ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને કડોદરા તેમજ પલસાણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં દાઝી ગયેલા ૧૧ વ્યક્તિઓને સુરતના ઉધના વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ત્રણ દિવસ પહેલા એક પ્રિયંકાદેવી (ઉં.વ.૩૬)નું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે રવિવારે ગંભીર રીતે દાઝેલા ૩૫ વર્ષીય જોગેન્દ્ર મુનિલાલ પ્રજાપતિ (રહે.રાધે કિષ્ના સોસાયટી બમરોલી રોડ પાંડેસરા મૂળવતન ઝોનપુર ઉત્તર પ્રદેશ) અને ૨૮ વર્ષીય પ્રીતિ નાગેન્દ્ર સિંહ (રહે.અંબા કોમ્પલેક્ષ તાતીથૈયા ગામ કડોદરા) નું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે સોમવારે વધુ બે ૩૯ વર્ષીય સુષ્મા ગણેશ મિશ્રા અને ૨૪ વર્ષીય મુન્ના વિશ્વનાથ દાસનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટનામાં મા્ત્યુઆંક સાત પર પહોંચ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસમાં ચારના મોત તથા પરિવારમાં શોખનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

મિલના સંચાલકો દ્વારા મૃતકોના પરિવારને ૫૦ હજાર રોકડ આપવામાં આવ્યા છે. અને બાકીના ૪ લાખનો ચેક આપશે.

આ ઉપરાંત ૧૦ લાખ આપવામાં આવશે અને ઈન્સ્યોરન્સના પણ પૈસા આપવાની ખાતરી આપી છે. અને મૃતકના બાળકના અભ્યાસનો ખર્ચ પણ આપવા જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આગના બનાવને મામલે ઈન્ડસ્ટ્રિયલ સેફટી વિભાગે સંતોષ મિલને ક્લોઝર ફટકાર્યું હતું. તેમજ સ્થળ તપાસ પણ કરી હતી. જોકે તેનો રિપોર્ટ આવવાનો બાકી છે.

# અમૂલ અને મધર ડેરીના દૂધના ઉત્પાદનોના ભાવ ૨૨ મીથી ઘટવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકારે દેશના લાખો પરિવારોને ફાયદો પહોંચાડવાના ભાગરૂપે જીએસટીના દરોમાં મોટા ફેરફારો કર્યા છે. જેથી જીવન જરૂરિયાતની ચીજોના ભાવ ઘટવાની આશા બંધાણી છે. આ દરમિયાન અમૂલ અને મધર ડેરીના દૂધના ઉત્પાદનોના ભાવ બાવીસ સપ્ટેમ્બરથી ઘટવાની ધારણા છે. સરકારે જીએસટી કાઉન્સિલની બેઠકમાં દૂધને જીએસટી મુક્ત કરવાની યોજના બનાવી છે. આ ફેરફારથી દૂધના ઉત્પાદનો પરનો વર્તમાન પાંચ ટકા જીએસટી દૂર થશે. આનાથી દૂધના પેકેટના ભાવમાં સીધો ઘટાડો થશે. જો આપણે મે ૨૦૨૫ સુધીના ડેટા પર નજર કરીએ તો, અમૂલ અને મધર ડેરી બંનેના છૂટક ભાવમાં પાંચ ટકા જીએસટીનો સમાવેશ થાય છે. અમૂલના કિસ્સામાં, અમૂલ ગોલ્ડ (ફુલ ક્રીમ દૂધ)ની કિંમત ₹૬૯ પ્રતિ લિટર છે, જ્યારે અમૂલ ફ્રેશ (ટોન્ડ દૂધ)ની કિંમત ₹૫૭ પ્રતિ લિટર છે. અમૂલ ટી સ્પેશિયલનો ભાવ પ્રતિ લિટર ₹૬૩, ભેંસનું દૂધ ₹૭૫ અને ગાયનું દૂધ ₹૫૮ છે. એ જ રીતે, મધર ડેરીનું ફુલ ક્રીમ દૂધ ₹૬૯ પ્રતિ લિટર અને ટોન્ડ દૂધ ₹૫૭ પ્રતિ લિટર છે. મધર ડેરીમાં ભેંસનું દૂધ ₹૭૪ પ્રતિ લિટર, ગાયનું દૂધ ₹૫૯ પ્રતિ લિટર, ડબલ ટોન્ડ દૂધ ₹૫૧ પ્રતિ લિટર અને ટોકન દૂધ (બલ્ક) ₹૫૪ પ્રતિ લિટર છે. બાવીસ સપ્ટેમ્બર, ૨૦૨૫થી દૂધના ભાવમાં ઘટાડો થવાની ધારણા છે. સરકાર હાલમાં પેકેજ્ડ દૂધ પર લાદવામાં આવતા પાંચ ટકા જીએસટીને દૂર કરવાની યોજના બનાવી રહી છે.

અમૂલ માટે, ફુલ ક્રીમ દૂધ (અમૂલ ગોલ્ડ)ની કિંમત પ્રતિ લિટર ₹૬૫ થી ₹૬૬ની વચ્ચે રહેવાની ધારણા છે, જે ₹૩ થી ₹૪નો ઘટાડો છે. અમૂલ ફ્રેશ (ટોન્ડ દૂધ)ની કિંમત પ્રતિ લિટર ₹૫૪ થી ₹૫૫ સુધી આવી શકે છે, જ્યારે અમૂલ ટી સ્પેશિયલની કિંમત પ્રતિ લિટર ₹૫૯ થી ₹૬૦ સુધી થઈ શકે છે, જે લગભગ ₹૩.૧૫નો ઘટાડો છે.

# ધારાસભ્ય ચૈતર વસાવાને વિધાનસભા સત્રમાં હાજરી માટે ત્રણ દિવસના શરતી જામીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને ૬૩ દિવસના જેલવાસ બાદ વિધાનસભાના ચોમાસુ સત્રમાં હાજરી આપવા માટે સોમવારે ત્રણ દિવસના વચગાળાના જામીન મળ્યા હતા. હવે તેઓ ૮થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન વિધાનસભા સત્રમાં ભાગ લઈ શકશે. સોમવારે વડોદરા સેન્ટ્રલ જેલની બહાર તેમના પરિવારજનો અને સમર્થકોએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ તેઓ વિધાનસભાની કાર્યવાહીમાં ભાગ લેવા માટે ગાંધીનગર જવા રવાના થયા હતા.

ધારાસભ્ય વસાવાએ વિધાનસભા સત્રમાં હાજરી આપવા માટે નર્મદાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ૧ સપ્ટેમ્બરના રોજ વચગાળાના જામીન માટે અરજી કરી હતી. શરૂઆતમાં કોર્ટે તેમને ૮થી ૧૦ સપ્ટેમ્બર માટે પોલીસ જાપતા સાથે બહાર રહેવાની મંજૂરી આપી હતી, પરંતુ આ ખર્ચ વધુ લાગતાં તેમના વકીલો આર. વી. વોરા અને કિશોર જે. તડવીએ ગુજરાત હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ૪ સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટે નવી શરતો સાથે પોલીસ જાપતા વગર જામીન મંજૂર કર્યા હતા, જેનાથી વસાવા પોતાના ખર્ચે મુસાફરી કરી શકશે.

કોર્ટે ચૈતર વસાવાને શરતી જામીન આપ્યા છે, જેનું પાલન કરવું તેમના માટે ફરજિયાત છે. આ શરતો જેવી કે, મીડિયા સાથે વાતચીત કરવી નહીં. સમર્થકોને ભેગા નહીં કરવા સહિતનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં કામકાજના કલાકો વધારવા મુદ્દે સરકારના વટહુકમ સામે કર્મચારી સંગઠનો લડી લેવાના મૂડમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે પહેલી જુલાઈએ વટહુકમ બહાર પાડ્યો હતો, જેમાં કામકાજના કલાકો નવથી વધારીને ૧૨ કલાક કરવાની જોગવાઈ હતી, જેનાથી બે કરોડ કર્મચારીને અસર થવાની શક્યતા છે. વટહુકમ બહાર પાડતી વખતે સરકારે કહ્યું હતું કે, રાજ્યમાં રોજગારી વધારવા તથા આર્થિક પ્રવૃત્તિને વેગ આપવા આ પગલું ભરવામાં આવ્યું છે. જોકે હવે સરકારના પગલાંનો વિરોધ થઈ રહ્યો છે. આ વટહુકમનો કામદાર સંગઠનો દ્વારા સખત વિરોધ થઈ રહ્યો છે. સંગઠનોએ સરકારના આ પગલાને કર્મચારીઓનું શોષણ ગણાવીને તેની સામે લડી લેવાની તૈયારી બતાવી હતી. વિવિધ કામદાર સંગઠનો આ વટહુકમનો વિરોધ કરી રહ્યા છે અને તેને હાઇ કોર્ટમાં પડકારવામાં આવી શકે છે. સરકારના આ વટહુકમથી કામના કલાકો વધી જશે., જેની સીધી અસર કામદારોના સ્વાસ્થ્ય પર પડશે. એટલું જ નહીં વટહુકમમાં રાત્રે પણ કામ કરવાની છૂટ આપવામાં આવી છે. જેના કારણે નાઇટ શિફ્ટમાં કામ કરતી મહિલાઓની સુરક્ષા સામે પણ સવાલ ઊભા થઈ શકે છે. આ ઉપરાંત સૂત્રોએ એમ પણ કહ્યું કે, રાજ્ય સરકારે વિધાનસભાના ફ્લોર પર લાવ્યા વગર જ આ સુધારો ૧ જુલાઈ, ૨૦૨૫થી લાગુ થાય તે રીતે વટહુકમ બહાર પાડી દીધો હતો. માત્ર ને માત્ર ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટના દબાણમાં તેમને ફાયદો કરાવવા આ વટહુકમ લાવવામાં આવ્યો છે. જે ઉદ્યોગ પાવરથી ચાલે અને ૧૦થી વધારે કામદારો કામ કરે તેમ જ જે ઉદ્યોગ પાવર વગર ચાલે અને ૨૦થી વધારે કામદારો કામ કરે ત્યાં ફેક્ટરી ઍક્ટ લાગુ પડે છે.

સરકારે કામના કલાકો વધારવાનો નિર્ણય લીધો છે અને તેમનો દાવો છે કે આનાથી આર્થિક વિકાસ થશે અને લોકોને વધુ રોજગારી મળશે. કે, વાસ્તવિકતા અલગ છે. જે મુજબ જો આઠ કલાકની શિફ્ટ હોય, તો એક ફેક્ટરી દિવસમાં ત્રણ શિફ્ટ ચલાવી શકે અને ત્રણ કામદારને નોકરી મળી શકે, પરંતુ, જો ૧૨ કલાકની શિફ્ટ કરવામાં આવે, તો માત્ર બે શિફ્ટ ચાલે અને એક કામદારની નોકરી ઓછી થઈ જાય. આમ, આ નિર્ણયથી રોજગારી વધવાને બદલે ઘટી શકે છે. લાંબા સમય સુધી કામ કરવાથી કામદારોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઈ શકે છે. ફેક્ટરી ઇન્સ્પેક્ટરોની ઘણી જગ્યાઓ ખાલી છે. જો કોઈ કામદાર ફરિયાદ કરે, તો પણ તેનો ઉકેલ આવતા મહિનાઓ લાગી જાય છે. આ કારણે કાયદાનું પાલન થવું મુશ્કેલ છે.

# કવિ હર્ષ બ્રહ્મભટ્ટને વર્ષ ૨૦૨૫નો નરસિંહ મહેતા એવોર્ડ મોરારિબાપુના હસ્તે એનાયત થશે

અમદાવાદ: વર્ષ ૨૦૨૫નો નરસિંહ મહેતા એવોર્ડ સુખ્યાત કવિ હર્ષ બ્રહ્મભટ્ટને અર્પણ કરવામાં આવશે. આ ભવ્ય સન્માન સમારોહ આગામી શરદ પૂર્ણિમા, એટલે કે તા. ૬ ઓક્ટોબર, ૨૦૨૫, સોમવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે નરસિંહ મહેતાના જીવન સાથે જોડાયેલા પવિત્ર સ્થળ ગોપનાથ (તા. તળાજા, જિ. ભાવનગર) ખાતે યોજાશે.

આ ગૌરવવંતો ‘નરસિંહ મહેતા એવોર્ડ’ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ગુજરાતી સાહિત્યના કોઈ એક સમકાલીન કવિના સમગ્ર સર્જનને ધ્યાનમાં લઈને એનાયત કરવામાં આવે છે. ગુજરાતી ભાષાના આ સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારમાં આદિકવિ નરસિંહ મહેતાની પ્રતિમા, શાલ, સૂત્રમાળા અને રૂ. ૧ લાખ ૫૧ હજારની સન્માન રાશિનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં મોરારિબાપુના વરદ હસ્તે કવિ હર્ષ બ્રહ્મભટ્ટને સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે ટ્રસ્ટના અધ્યક્ષ રઘુવીર ચૌધરી અને અનેક ગુજરાતી સાહિત્યકારો, વિદ્વાનો, અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે.

કવિ વિનોદ જોશી કવિ હર્ષ બ્રહ્મભટ્ટના સર્જન વિશે વિશેષ વક્તવ્ય આપશે, અને બાદમાં સ્વયં કવિ હર્ષ બ્રહ્મભટ્ટ દ્વારા કાવ્યપાઠ પણ રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન કવિ પ્રણવ પંડ્યા કરશે, અને મોરારિબાપુ આ પ્રસંગે પોતાના પ્રસંગોચિત પ્રવચનથી સૌને પ્રસન્નતા વ્યક્ત કરશે. કવિ હર્ષ બ્રહ્મભટ્ટ ગુજરાતી ભાષામાં સતત સર્જન કરનારા કવિ છે, જેમણે મુખ્યત્વે ગઝલ સ્વરૂપમાં નોંધપાત્ર ખેડાણ કર્યું છે. તેમની ગુજરાતી કાવ્યસંગ્રહોમાં ‘એકલતાની ભીડમાં’, ‘અંદર દીવાદાંડી’, ’મૌનની મહેફિલ’ અને ‘જીવવાનો રીયાઝ’ જેવી કૃતિઓ મુખ્ય છે.

# મની લોન્ડરિંગ કેસમાં પત્રકાર મહેશ લાંગાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકાર, ઈડીનો જવાબ માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુપ્રીમ કોર્ટે સોમવારે પત્રકાર મહેશ લાંગાની જામીન અરજી પર ગુજરાત સરકાર અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસેથી જવાબ માગ્યો હતો. મહેશ લાંગાએ કથિત નાણાકીય છેતરપિંડી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીન માગ્યા હતા. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે ગુજરાત હાઈ કોર્ટેની જામીન અરજી ફગાવી દેવાના નિર્ણયને પડકારતી લાંગાની અરજી પર નોટિસ પાઠવી હતી. જોકે કોર્ટે તે કેવા પ્રકારના પત્રકાર છે? તેવો સવાલ પણ ઉઠાવ્યો હતો. અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલને ખંડપીઠે કહ્યું, માફ કરજો, કેટલાક ખરેખર સારા પત્રકારો છે. પરંતુ કેટલાક એવા લોકો પણ છે જેઓ સ્કૂટર પર ફરીને કહે છે કે અમે ’પત્રકાર’ છીએ અને તેઓ ખરેખર શું કરે છે તે બધા જાણે છે. સિબ્બલે જવાબ આપ્યો કે આ બધા માત્ર આરોપો છે.

સિબ્બલે રજૂઆત કરી કે, એક એફઆઈઆરમાં તેમને આગોતરા જામીન મળે છે, પછી બીજી એફઆઈઆર દાખલ થાય છે અને ફરીથી આગોતરા જામીન મળે છે, પરંતુ હવે તેમની સામે આવકવેરાની ચોરી માટે ત્રીજી એફઆઈઆર નોંધવામાં આવી છે. તેમની સામે અન્ય બાબતો પણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કેસનું એક બેકગ્રાઉન્ડ પણ છે, જેના પર ખંડપીઠે નોટિસ પાઠવી હતી અને સત્તાવાળાઓ પાસેથી જવાબ માગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૩૧ જુલાઈએ ગુજરાત હાઈકોર્ટે મની લોન્ડરિંગ કેસમાં લાંગાની જામીન અરજી ફગાવી દેતાં કહ્યું હતું કે, જો તેમને જામીન પર મુક્ત કરવામાં આવશે તો કેસની કાર્યવાહી પર વિપરીત અસર થશે. ૨૫ ફેબ્રુઆરીએ ઈડીએ જણાવ્યું હતું કે તેણે કથિત નાણાકીય છેતરપિંડી સંબંધિત મની લોન્ડરિંગ કેસની તપાસમાં લાંગાની ધરપકડ કરી છે.જીએસટી છેતરપિંડીના કેસમાં તેની પ્રથમ ધરપકડ ઑક્ટોબર ૨૦૨૪માં થઈ હતી.

# દવાખાના-હૉસ્પિટલોની નોંધણી ફરજિયાત, મુદતમાં તારીખ ત્રીસ એપ્રિલ સુધીનો વધારો: ઋષિકેશ પટેલ

અમદાવાદ: રાજ્ય સરકાર દ્વારા ખાનગી દવાખાના, હૉસ્પિટલો વગેરેની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. નોંધણી કરાવવાની સરકારની અપીલને નબળો પ્રતિસાદ મળતા વધુ એક વખત નોંધણીની મુદતમાં તા.૩૦ એપ્રિલ સુધીનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ઋષિકેશ પટેલના જણાવ્યા મુજબ મુદત વધારા અંગેનું વિધેયક વિધાનસભામાં રજુ થશે.

ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતું કે ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧માં કલમ ૯માં, પેટા-કલમ (૪) ને બદલે, નીચેની પેટા-કલમ મુકાશે. આ અધિનિયમના આરંભના સમયે, કોઇ ચિકિત્સા સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોય તો તેના

રજિસ્ટ્રેશન માટેની અરજી તા.૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલા કરવી જોઇશે અને આ અધિનિયમના આરંભ પછી જે ચિકિત્સા સંસ્થા અસ્તિત્વમાં આવે તેવી ચિકિત્સા સંસ્થાએ, કલમ ૧૮ની જોગવાઇઓને આધીન રહીને, તેની સ્થાપનાની તારીખથી ૬ મહિનાની મુદતની અંદર અથવા તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલા, એ બેમાંથી જે મોડું હોય તેટલા સમયની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે.

# વિધાનસભા ગૃહમાં ગંભીરા બ્રિજને મુદ્દે સરકારે ચોંકાવનારી કબૂલાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે ગંભીરા બ્રિજનો મુદ્દો પણ ચર્ચાયો હતો. કૉંગ્રેસના ધારાસભ્યએ ઉઠાવેલા મુદ્દે સરકારે ગૃહમાં જવાબ આપ્યો હતો. કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ મુદ્દો ઉઠાવ્યો હતો, જેના જવાબમાં સરકારે કહ્યું હતું કે આ ઘટનામાં ચાર અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. દુર્ઘટના બાદ રાજ્યભરમાં વિવિધ બ્રિજોની ચકાસણી કરવામાં આવી હતી. રાજ્યમાં ૧૦૫૪ મેજર અને ૫૪૭૫ માઇનર બ્રિજની ચકાસણી કરવામાં આવી હતી, જ્યારે જોખમી બ્રિજ અંગે પણ સરકાર દ્વારા તાકીદના પગલા ભરવાની હૈયાધારણ આપી હતી.

આ ઉપરાંત સરકારે એમ પણ જણાવ્યું કે, ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્યમાં ૧૪૮ બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૮ બ્રિજ તમામ વાહનો માટે બંધ કર્યા છે. ગંભીરા બ્રિજની દુર્ઘટનાના બે મહિના પહેલા ચકાસણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જુલાઈ મહિનામાં બનેલી ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ૨૨ લોકોના મૃત્યુ થયા હતા. આ ઉપરાંત, નર્મદા કેનાલ પર ૨૧૨૨માંથી ૫૩ પુલ જર્જરિત હોવાનું પણ સરકારે જણાવ્યું હતું.

# તહેવારો ટાણે ખાદ્યતેલ બાદ શાકભાજીના ભાવમાં ધરખમ વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં એક તરફ તહેવારોની સિઝન ચાલી રહી છે ત્યારે જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. ખાદ્યતેલ બાદ હવે શાકભાજીના ભાવમાં ઉછાળો નોંધાયો છે.

છેલ્લા કેટલાક દિવસથી ગુજરાતમાં ભારે વરસાદને કારણે શાકભાજીના ભાવમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ચોમાસાની ઋતુમાં લીલા શાકભાજીની આવક ઘટી જતાં બજારમાં તેમના ભાવ આસમાને પહોંચ્યા છે. આ વધારાને પગલે ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે, જેના કારણે મધ્યમવર્ગીય પરિવારોને ભયંકર મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે. ગુજરાતમાં શાકભાજીના ભાવ એક સપ્તાહમાં લગભગ બમણા થઈ ગયા છે.

સામાન્ય રીતે સપ્ટેમ્બરથી દિવાળી સુધી શાકભાજીના ભાવમાં વધારો જોવા મળે છે, પરંતુ આ વર્ષે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે શાકભાજીના પાકને મોટું નુકસાન થયું છે. આની સીધી અસર બજારમાં શાકભાજીની સપ્લાય પર પડી છે.

તમામ વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ૫૦ રૂપિયા પ્રતિ કિલોની શાકભાજી હવે ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ મોંઘવારીમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવી મજબૂરી બની ગઈ છે. નવસારીના એપીએમસી (એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી) દ્વારા ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર થયેલા શાકભાજીના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. ૨૦ કિલોના હિસાબે બટાકસનો ભાવ ૧૪૦થી ૪૦૦ રૂપિયા, કાંદાનો ૧૦૦થી ૩૬૦ રૂપિયા, ટામેટાનો ૩૦૦થી ૩૫૦ રૂપિયા, રીંગણનો ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા, કોબીનો ૨૫૦થી ૩૦૦ રૂપિયા, ફ્લાવરનો ૬૦૦થી ૭૦૦ રૂપિયા, ભીંડાનો ૬૦૦થી ૭૦૦ રૂપિયા, ગવારનો ૭૦૦થી ૮૦૦ રૂપિયા, ચૌરીનો ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયા, પાપડીનો ૧૨૦૦થી ૧૩૦૦ રૂપિયા, પરવલનો ૫૦૦થી ૯૦૦ રૂપિયા, તુવરનો ૧૫૦૦થી ૧૬૦૦ રૂપિયા અને કાકડીનો ૪૦૦થી ૫૦૦ રૂપિયા નોંધાયો છે. આજે કાંદાનો ભાવ ૬૦ રૂપિયા પ્રતિ કિલો, ટામેટા ૮૦ રૂપિયા પ્રતિ કિલો અને બટાકાનો ભાવ પણ ઊંચો રહ્યો છે.

# સરકાર દ્વારા છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ ૭૭૬ ટી.પી. સ્કીમ મંજૂર કરાઇ: વર્ષ ૨૦૨૫માં ફક્ત આઠ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરાઇ

અમદાવાદ: રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે વિધાનસભામાં પૂછાયેલા ટી.પી. સ્કીમ સંદર્ભેના એક પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે, રાજ્ય સરકાર પક્ષ-વિપક્ષ વિના રાજ્યની તમામ પ્રજાજનોના વિકાસ કાર્યોમાં અવિરતપણે કાર્ય કરી રહી છે. રાજ્યમાં વધતા જતા શહેરીકરણના પગલે સરકાર દ્વારા સુનીયોજીત પણે આયોજન હાથ ધરીને વિકાસ કાર્યો હાથ ધરાયાં છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૭૭૬ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં આવી છે. તેમાં પણ વર્ષ ૨૦૨૫ ના ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરી છે. જેની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. રાજ્યમાં ટી.પી. એક્ટની તમામ જોગવાઇઓ અને નિયમ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી રહી છે. કેટલાક કિસ્સામાં ટી.પી. સ્કીમની અમલવારીના વિલંબ થવાના ટેકનિકલ કારણો, કોર્ટ મેટર હોઇ શકે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેનો પણ સત્વરે નિકાલ લાવીને તમામ ટી.પી. સ્કીમ સમયમર્યાદામાં જ પૂર્ણ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે.

હાલ રાજ્યમાં ૫૦૬ જેટલી નવી નગર રચના યોજના(ટી.પી,) બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે કાયદાકીય જોગવાઇ અનુસાર સમયમર્યાદામાં કરવામાં આવનાર હોવાનું ઋષિકેશ પટેલએ જણાવ્યું હતું.

# તન-મન-ધનથી રહો તરોતાજા

## સંપત્તિસર્જન માટે બનાવો My GST (My Goal SavingTarget)



### મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

જો વિમાનભાડા પરનો GST વધારી દેવામાં આવે તો આપણામાંથી કેટલા લોકો સપરિવાર વિદેશપ્રવાસે જવાનું માંડી વાળે? આ જ રીતે જો સરકાર હોટેલોના જમણવારના હોલના ભાડા પરનો GST ઘટાડી નાખે તો આપણામાંથી કેટલા લોકો ઘટેલા ભાડાનો લાભ લેવા માટે દીકરા કે દીકરીનાં લગ્ન વહેલાં લેવડાવી દે?

GSTના દરની અસર આપણા જીવનખર્ચ પર પડે એ વાત સાચી, પરંતુ એ આપણા હાથની વાત નથી એટલી જ બીજી સાચી વાત એ છે કે GSTના દર વધે કે ઘટે, આપણા જીવનનાં અમુક નાણાકીય લક્ષ્યો પૂરાં કર્યા વગર છૂટકો હોતો નથી. સંતાનોના શિક્ષણનો ખર્ચ, એમનાં લગ્નનો ખર્ચ, આપણા નિવૃત્તજીવનનો ખર્ચ એ બધા ખર્ચ આપણાં નાણાકીય લક્ષ્યો હોય છે.

આ ઉપરાંત કેટલીક ઈચ્છાઓ-આકાંક્ષાઓ પણ હોય છે, જેમાં સપરિવાર વિદેશ ફરવા જવું, વધુ મોટો ફ્લેટ લેવો, લક્ઝુરિયસ કાર લેવી, વગેરેનો સમાવેશ થાય છે. આમાંથી મોટાભાગની વસ્તુઓનો GSTના કે બીજા કોઈ કરના વધારા-ઘટાડા સાથે સંબંધ રાખી શકાતો નથી. આ વાસ્તવિકતા હોવા છતાં આપણે GST તથા બીજા કરવેરાના દર પર નજર રાખતા હોઈએ છીએ.

ઉક્ત મુદ્દાની ઉદાહરણ સાથે વાત કરું. ફાઇનાન્શિયલ પ્લાનર તરીકેની કારકિર્દીમાં મેં જોયું છે કે ઘણા લોકો કેન્દ્રીય બજેટની રાહ જોતાં બેઠા રહે છે અને પોતાના નાણાકીય આયોજનનો કે રોકાણનો નિર્ણય લેવાનું બજેટ આવે ત્યાં સુધી મોકૂફ રાખે છે. ખરી રીતે તો લોકો પોતાના નાણાકીય આયોજનને પાછળ ઠેલવા માટેનાં અલગ અલગ બહાનાં કાઢતા હોય છે. જોકે, તેમ કરવાને લીધે સંપત્તિસર્જનના માર્ગમાં અવરોધ આવે છે.

GSના દરમાં ફેરફાર કરવા માટે GST કાઉન્સિલની બેઠક હોય ત્યાં સુધી વેપાર બંધ રાખી શકાય ખરો?

આથી જ કહેવાનું કે સંપત્તિસર્જન માટે કે પછી પોતાનાં નાણાકીય લક્ષ્યો સિદ્ધ કરવા માટે નાણાકીય આયોજન આવશ્યક છે. આથી આપણે ખરી ચિંતા GST એટલે કે ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટેક્સ (Goods and Services Tax)ની નહીં, પણ ગોલ સેવિંગ ટાર્ગેટ (Goal Saving Target)ની કરવી જોઈએ.

સૌથી પહેલાં તમામ નાણાકીય જવાબદારીઓ અને ઈચ્છા-આકાંક્ષાઓની યાદી બનાવી લેવી જોઈએ. તેને My GDP - My Goals and Dreams Plan કહી શકાય. એ યાદીમાંની દરેક વસ્તુને પ્રાથમિકતા આપવી પણ જરૂરી છે. એ પ્રાથમિકતાના આધારે દરેક માટે નાણાંની ફાળવણી કરવાનું અને લક્ષ્યપ્રાપ્તિ કરવાનું સહેલું બની જાય છે. દરેક નાણાકીય લક્ષ્ય પૂરું કરવા માટે કેટલા પૈસાની જરૂર છે એ નક્કી કરી લેવું. વિવિધ પ્રકારનાં નાણાકીય લક્ષ્યો પૂરાં કરવા માટે દર મહિને જરૂરી રકમની ગણતરી કરવામાં મદદરૂપ થનારાં સંખ્યાબંધ કેલ્ક્યુલેટર ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે. જો ગણતરી કરવાનું ફાવતું ન હોય તો નિષ્ણાતની મદદ લેવામાં કંઈ ખોટું નથી.

બધાં જ લક્ષ્યો પૂરાં થાય એટલી બચત કરવાનું હંમેશાં શક્ય હોતું નથી. આથી જ દરેક લક્ષ્યની પ્રાથમિકતા નક્કી કરી લેવી જરૂરી છે. એ નક્કી થયા બાદ નિર્ણયો લેવાનું આસાન બની જાય છે. જેમની પ્રાથમિકતા ઊંચી હોય તેમના માટે નાણાં પહેલાં ફાળવવાં અને એનાથી પ્રાથમિકતા હોય તેને પછી.

નાણાકીય લક્ષ્યોની યાદી બનાવીને તેની પ્રાથમિકતા નક્કી કરવાનો લાભ એ છે કે તેનાથી રોકાણ ક્યાં કરવું તેનો નિર્ણય સહેલાઈથી લઈ શકાય છે. રોકાણના વિકલ્પોમાં ઈક્વિટી, સોનું, ફિક્સ્ડ ડિપોઝિટ, બોન્ડ, રિયલ એસ્ટેટ, વગેરે સામેલ છે. રોકાણ સીધું કરવું કે મ્યુચ્યુઅલ ફંડ જેવાં માધ્યમનો ઉપયોગ કરવો એ વિચાર કરી લેવા જેવી બાબત છે. રોકાણ માટેનાં બીજાં માધ્યમો વિશે પણ વિચાર કરી લેવો. ■

### ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

## વૈશ્વિક કવરેજ ધરાવતો આરોગ્ય વીમો કોના માટે જરૂરી છે?


**ભારતમાં વૈશ્વિક આરોગ્ય વીમો?**

જીહા, ભારતમાં રહીને પણ તમે વૈશ્વિક આરોગ્ય વીમો લઈ શકો છો. જો કે, એ રાબેતા મુજબની પૉલિસીઓમાં ઑફર કરવામાં આવતો નથી. અમુક શરતો અને મર્યાદાઓ સાથે તથા વધારાનું પ્રીમિયમ ભરીને એ લઈ શકાય છે. ભારતની આરોગ્ય વીમા પૉલિસીમાં મળતું વૈશ્વિક આરોગ્ય કવર એટલે શું?

આ પૉલિસીનો અર્થ એવો થયો કે વીમાધારક ભારતની બહાર બીમાર પડે અને ત્યાં સારવાર કરાવવાની જરૂર પડે તો એનો ખર્ચ કવરેજ હેઠળ આવરી લેવાય. સામાન્ય રીતે ગંભીર બીમારી, તાકીદની સ્થિતિમાં કરવું પડતું હોસ્પિટલાઇઝેશન અથવા તો પહેલેથી નક્કી કરાયેલા પ્લાન મુજબ વિદેશમાં કરાવાતી સારવારનો સમાવેશ થાય છે.

### વૈશ્વિક આરોગ્ય વીમા હેઠળ કઈ બાબતો આવરી લેવાય છે?

| આવરી લેવાયેલી બાબતો | કદાચ આવરી લેવાઈ ન હોય | સામાન્ય રીતે આ બાબતો આવરી લેવાયેલી હોતી નથી |
|---|---|---|
| ✔ વિદેશમાં હોસ્પિટલાઇઝેશન | ✔ ☐ ડે કેર પ્રોસીજર | ✘ ઓપીડી વિઝિટ |
| ✔ ગંભીર બીમારીઓ (કેન્સર, હૃદયરોગ માટેનું બાયપાસ, વગેરે) | ✔ ☐ ઍર ઍમ્બ્યુલન્સ | ✘ કોસ્મેટિક સર્જરી અથવા જાતે નક્કી કરેલી સર્જરી |
| ✔ ઈમરજન્સીમાં દરદીને એકથી બીજા સ્થળે ખસેડવા માટેની વ્યવસ્થા | ✔ ☐ સેકન્ડ ઓપિનિયન અથવા રોગનિદાન માટેનાં પરીક્ષણો | ✘ પ્રિ અને પોસ્ટ હોસ્પિટલિઝેશન (અમુક પ્લાનમાં) |



**પૉલિસી લેતી વખતે કઈ વાત ધ્યાનમાં લેવી?**

૧) મોટાભાગના પ્લાનમાં કૅન્સર, અવયવ પ્રત્યારોપણ, હૃદયરોગ માટેની શસ્ત્રક્રિયા, વગેરે જેવી ગંભીર બીમારીઓના ઈલાજને આવરી લેવામાં આવે છે. આમ, પૉલિસીમાં કઈ બીમારીઓ આવરી લેવાઈ છે એની વિગતો તપાસી લેવી.

૨) ભૌગોલિક મર્યાદાઃ અમુક પૉલિસીમાં નિશ્ચિત પ્રદેશ (દા.ત. ફક્ત અમેરિકા અને યુરોપ) પૂરતું કવરેજ મળે છે, જ્યારે અમુકમાં કેટલાક દેશોને સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવે છે.

૩) વેઇટિંગ પીરિયડઃ ઘણા પ્લાનમાં વૈશ્વિક કવરેજ માટેનો વેઇટિંગ પીરિયડ ૨થી ૪ વર્ષનો હોય છે.

૪) પ્રી-ઑથોરાઇઝેશન ફરજિયાતઃ કેટલીક સારવાર પહેલેથી નક્કી કરીને કરવામાં આવતી હોય છે. આવા કિસ્સામાં વૈશ્વિક કવરેજના પ્લાનમાં વિદેશમાં સારવાર કરાવવા અર્થે પહેલેથી મંજૂરી લઈ લેવી પડે છે.

૫) રિઇમ્બર્સમેન્ટ મૉડેલઃ

મોટાભાગના વૈશ્વિક ક્લેમ રિઇમ્બર્સમેન્ટ મૉડેલ પ્રમાણે સેટલ કરવામાં આવે છે, અર્થાત્ એમાં કૅશલેસ સુવિધા હોતી નથી. અમુક કૉર્પોરેટ પ્લાનમાં કે વીમા કંપની સાથેની સમજૂતીના કિસ્સામાં આ મૉડેલ અપનાવાતું નથી.

૬) કરન્સી અને ક્લેમનું હેન્ડલિંગઃ ક્લેમના સેટલમેન્ટની રકમ ભારતીય રૂપિયામાં રૂપાંતર કરીને ચૂકવવામાં આવે છે અને ક્લેમના દસ્તાવેજો ફક્ત અંગ્રેજીમાં હોવા જરૂરી હોય છે.

**પ્રીમિયમનો વિચારઃ**

* વૈશ્વિક કવરેજ ધરાવતા પ્લાન અન્ય પ્લાનની તુલનાએ ૨૦થી ૪૦ ટકા વધારે પ્રીમિયમ ધરાવતા હોય છે.
* અમુક પ્લાનમાં વૈશ્વિક કવરેજ વૈકલ્પિક રાઇડર સ્વરૂપે આપવામાં આવે છે.
* વીમાધારકની ઉંમર, કવરેજના ભૌગોલિક વિસ્તાર અને કવરેજની રકમના આધારે પ્રીમિયમ નક્કી થાય છે.

**વૈશ્વિક કવરેજ પ્લાન કોણે લેવો જોઈએ?**

* જેમને પારિવારિક કે બિઝનેસના કારણસર વારંવાર વિદેશપ્રવાસે જવું પડતું હોય.
* જેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કેન્દ્રો (જેવાં કે મેયો ક્લિનિક, ક્લીવલેન્ડ ક્લિનિક, વગેરે)માં સારવાર કરાવવા ઈચ્છતા હોય.
* જેઓ ગંભીર બીમારીની ફેમિલી હિસ્ટરી ધરાવતા હોય અને વિશ્વમાં સર્વોત્તમ સ્થળે સારવાર કરાવવા ઈચ્છતા હોય.
* જેઓ ઊંચું પ્રીમિયમ ભરવાની ક્ષમતા ધરાવતા હોય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સારવાર કરાવવાની ફ્લેક્સિબિલિટી ઈચ્છતા હોય.

**ટ્રાવેલ ઇન્સ્યૉરન્સ વિરુદ્ધ વૈશ્વિક કવરેજ પ્લાન**

| વિગત | ટ્રાવેલ ઇન્સ્યૉરન્સ | વૈશ્વિક કવરેજ પ્લાન |
|---|---|---|
| હેતુ | ટૂંકા ગાળા માટે કરાતા પ્રવાસમાં તાકીદે સારવાર કરાવવાની જરૂર પડે એ સ્થિતિ | લાંબા ગાળા કવરેજ જોઈતું હોય અથવા ગંભીર બીમારીની સારવાર વિદેશમાં કરાવવાની હોય એ સ્થિતિ |
| વૈધતા | ફક્ત પ્રવાસના દિવસો પૂરતી | પૉલિસી જેટલા સમય (એક વર્ષ કે વધુ) માટે લીધી હોય એટલા સમય પૂરતી |
| કવરેજ | અકસ્માત, ઓચિંતી બીમારી આવવી અથવા તાકીદે સારવાર કરાવવી પડે એ સ્થિતિ આવરી લેવાય છે | કોઈ પણ પ્રકારના હૉસ્પિટલાઇઝેશન માટે અને બીમારીની ચોક્કસ સારવાર કરાવવા માટે |
| કૅશલેસ | આંતરરાષ્ટ્રીય સહયોગી કંપની મારફતે કેશલેસ સુવિધા ઉપલબ્ધ હોય છે | મોટાભાગે રિઇમ્બર્સમેન્ટ ધોરણે પૉલિસી આપવામાં આવે છે |
| પ્રીમિયમ | પ્રમાણમાં ઓછું. પ્રવાસના દિવસો તથા અન્ય શરતોના આધારે નક્કી થાય છે | ઊંચું. વાર્ષિક ધોરણે ચૂકવવાનું હોય છે |

**ટૂંકમાં ...**

આમ તો વૈશ્વિક આરોગ્ય વીમો આપણે ત્યાં ઉપલબ્ધ છે, પરંતુ બધાને એની જરૂર હોતી નથી. વારંવાર વિદેશપ્રવાસે જનારા અથવા જેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કેન્દ્રોમાં સારવાર કરાવવા ઈચ્છતા હોય એમના માટે આ વીમો સારો. હાઇ નેટવર્થ ઇન્ડિવિજ્યુઅલ્સ પણ આ વીમો લઈ શકે છે.

**ખાસ નોંધઃ**

વિદેશમાં કયા પ્રકારની સારવાર કે અન્ય બાબતો આવરી લેવાયેલી નથી એ જાણવા માટે પૉલિસીનું લખાણ ધ્યાનપૂર્વક વાંચી જવું જોઈએ. તમારે આ કવરેજ રાઇડર તરીકે લેવું છે કે પછી વૈશ્વિક કવરેજ માટેનો ખાસ પ્લાન લેવો છે એ તમારી જરૂરિયાત પ્રમાણે નક્કી કરવાનું હોય છે. ■

### આરોગ્ય એક્સપ્રેસ

feedback@bombaysamachar.com
રાજેશ યાજ્ઞિક

## એનિમિયા પણ ક્યારેક ઘાતક બની શકે છે




**એનિમિયા** એ એક તબીબી સ્થિતિ છે, જેમાં લોહીમાં સામાન્ય લાલ રક્તકણોનું પ્રમાણ ઓછું હોય છે. વિટામિન બી૧૨ની આવી ઊણપનાં આવાં કારણોમાંનું એક, ઘાતક એનિમિયા, એક સ્વયંપ્રતિરક્ષા સ્થિતિ છે, જે તમારા શરીરને વિટામિન બી૧૨ શોષી લેતા અટકાવે છે. એવું માનવામાં આવે છે કે તે વ્યક્તિને પેટમાં આંતરિક પરિબળ (ઇન્ટ્રિન્સીક ફેક્ટર) નામનો પદાર્થ ઉત્પન્ન કરવામાં અસમર્થ બનાવે છે. નાનાં આંતરડામાં ખોરાકમાંથી મળતા વિટામિન બી૧૨ ને શોષવા માટે આ પદાર્થ જરૂરી છે. પૂરતા પ્રમાણમાં વિટામિન બી૧૨ વિના, તમારા શરીરમાં ઓક્સિજન વહન કરતા લાલ રક્તકણો ઓછા હોય છે.

ઘાતક એનિમિયા એક દુર્લભ સ્થિતિ છે. 'જર્નલ ઓફ બ્લડ મેડિસિન'ના એક છેલ્લાં અભ્યાસ મુજબ, તે સામાન્ય વસતિના ૦.૧ ટકા અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં ૧.૯ ટકા લોકોમાં જોવા મળે છે. જોકે, પુખ્ત વયના લોકોમાં વિટામિન બી૧૨ની ઊણપથી થતા એનિમિયામાંથી ૫૦ ટકા સુધીનો ઘાતક એનિમિયાને કારણે થાય છે.

આ પ્રકારના એનિમિયાને 'ઘાતક' કહેવામાં આવે છે, કારણ કે તે એક સમયે જીવલેણ રોગ માનવામાં આવતો હતો. આનું કારણ ઉપલબ્ધ સારવારનો અભાવ હતો. સારવાર ન કરવામાં આવે તો, ઘાતક એનિમિયા ગંભીર તબીબી સમસ્યાઓનું કારણ બની શકે છે, જેમાં તમારા નર્વસ સિસ્ટમને બદલી ન શકાય તેવું નુકસાન પણ સામેલ છે.

તમારા શરીરમાં ફેરફારો દેખાવા લાગે તે પહેલાં તમને ઘણા વર્ષો સુધી ઘાતક એનિમિયા હોઈ શકે છે.

**ઘાતક એનિમિયાનાં લક્ષણો શું છે?**

સામાન્ય રીતે કહીએ તો, પૂરતા પ્રમાણમાં વિટામિન બી૧૨ વગર જેટલો લાંબો સમય વ્યક્તિ રહે, લક્ષણો તેટલા ગંભીર બનશે. શરૂઆતમાં, લોકોમાં હળવા લક્ષણ હોઈ શકે છે, જે લાગે છે કે તે અન્ય સામાન્ય પરિસ્થિતિઓને કારણે છે. જેવા કે, ઝાડા કે કબજિયાત, ઊભા થવા પર કે શ્રમ કરતી વખતે ચક્કર આવવા, ભૂખ ન લાગવી, નિસ્તેજ ત્વચા (હળવો કમળો અથવા તમારી આંખો અથવા ત્વચા પીળી પડવી). શ્વાસ લેવામાં તકલીફ (મોટે ભાગે કસરત દરમિયાન), હાર્ટબર્ન, સોજો, લાલ જીભ અથવા પેઢામાંથી લોહી નીકળવું.

ઘાતક એનિમિયાને કારણે લાંબા ગાળાનું ઓછા વિટામિન બી૧૨ સ્તર તમારા નર્વસ સિસ્ટમને અસર કરી શકે છે. સંભવિત નર્વસ સિસ્ટમ સમસ્યાઓનાં લક્ષણોમાં સામેલ છે : મૂંઝવણ, ટૂંકા ગાળાની યાદશક્તિ ગુમાવવી, હતાશા, સંતુલન ગુમાવવું, હાથ અને પગમાં નિષ્ક્રિયતા અને ઝણઝણાટ, ધ્યાન કેન્દ્રિત કરવામાં સમસ્યા, ચીડિયાપણું, ભ્રમ, તથા ઓપ્ટિક નર્વ ડિજનરેશન જે તમારી દૃષ્ટિને અસર કરે છે.

**ઘાતક એનિમિયાનાં અનેકવિધ કારણઃ**

ખોરાકમાં વિટામિન બી૧૨ની ઊણપથી એનિમિયા થઈ શકે છે, જ્યારે ઘાતક એનિમિયા વિટામિન બી૧૨ને શોષવામાં અસમર્થતાને કારણે થાય છે. તમને વિટામિન બી૧૨ ની ઊણપ પણ થઈ શકે છે, જો તમારા પેટનો આંશિક અથવા આખો ભાગ દૂર કરવા માટે શસ્ત્રક્રિયા કરાવવી પડી હોય, જે વિટામિન બી૧૨ શોષણને સક્ષમ કરતા કોષોને દૂર કરે છે. સ્થૂળતાની સારવાર માટે ગેસ્ટ્રિક બાયપાસ સર્જરી કરાવતા લગભગ અડધા લોકો વિટામિન બી૧૨ શોષણને સક્ષમ કરતા કોષો ગુમાવે છે.

તમારાં નાનાં આંતરડાનો આંશિક અથવા આખો ભાગ શસ્ત્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવ્યો હોય, જેનાથી તમારા નાનાં આંતરડાની વિટામિન બી૧૨ શોષવાની ક્ષમતા ઓછી થઈ જાય છે.

આ જ રીતે, તમે સ્મોલ ઇન્ટેસ્ટાઇન બેક્ટેરિયલ ઓવરગ્રોથ (સીબો)થી પીડાતા હો. સીબો ત્યારે થાય છે જ્યારે તમારા નાનાં આંતરડામાં ખોટા પ્રકારના બેક્ટેરિયા ખૂબ વધારે હોય. આ બેક્ટેરિયા ઘણીવાર તમારા નાનાં આંતરડા વિટામિન શોષી શકે તે પહેલાં વિટામિન બી૧૨નો ઉપયોગ કરી લે છે. ઉપરાંત તમે કેટલીક એન્ટિબાયોટિક્સ અને ડાયાબિટીસ અને હુમલા માટેની દવાઓ વિટામિન બી૧૨ ના સ્તરને અસર કરે છે. તમે વેગન ડાયટનું પાલન કરતા હો જેમાં પૂરતું વિટામિન બી૧૨ ન હોય.

કેટલાક પાચન શક્તિને અસર કરતા રોગ અને ઓટોઇમ્યુન રોગોના કારણે પણ આ પરિસ્થિતિ ઉદ્ભવી શકે છે.

ઘાતક એનિમિયાનું નિદાન કરવા માટે તમારા ડોક્ટરને સામાન્ય રીતે ઘણાં પરીક્ષણ કરવાની જરૂર પડશે, જેમ કેઃ સંપૂર્ણ રક્ત પરીક્ષણ, તેમાં વિટામિન બી૧૨નું પરીક્ષણ પણ સામેલ છે અને આંતરિક પરિબળ તથા પેરિએટલ સેલ એન્ટિબોડીઝ માટે લોહીનું પણ પરીક્ષણ કરવામાં આવે છે.

ઘાતક એનિમિયાની સારવારમાં સામાન્ય રીતે વિટામિન બી૧૨ ઇન્જેક્શન, ઉપચાર દરમિયાન વિટામિન બી૧૨ ના લોહીના સ્તરનું નિરીક્ષણ કરવું અને વિટામિન બી૧૨ની માત્રામાં તે મુજબ ગોઠવણો કરવી સામેલ હોય છે. ઘાતક એનિમિયા ધરાવતા ઘણા લોકોને લાંબા ગાળાની સારવાર અને દેખરેખની જરૂર પડે છે. આનાથી શરીરની વિવિધ પ્રણાલીઓમાં થતા નુકસાનને રોકવામાં મદદ મળી શકે છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# અનેક બીમારીમાં ઉત્તમ ગણાય છે અમૃતફળ



હાલમાં બજારમાં તાજા-તાજા 'જમરૂખ' કે 'અમૃતફળ' મળી રહ્યા છે. જામફળને સંસ્કૃતમાં 'અમૃતફળ' કહેવામાં આવે છે. ભારતનાં પ્રત્યેક રાજ્યમાં જામફળનો સ્વાદ થોડો અલગ અલગ હોય છે. ક્યાંક થોડા રસદાર મીઠાશ પડતાં હોય છે. તો વળી ક્યાંક દેખાવમાં મોટા પરંતુ સ્વાદમાં તુરા જોવા મળે છે. વળી જામફળ ખાવાનો શોખ અલગ અલગ જોવા મળે છે. કેટલાંક લોકોને થોડાં પાકેલાં જામફળ ખાવાનું પસંદ હોય છે. તો વળી કેટલાંક લોકો કાચા જામફળને ખાવાનું પસંદ કરે છે. રેકડીમાંથી જામફળ લઈએ તો તેઓ 'દઢબીજમ'ને કાપીને તેની ઉપર ખાસ મસાલો બનાવીને છાંટે છે. જેને કારણે તે વધુ સ્વાદિષ્ટ બની જાય છે. કેટલાંકને જામફળનું શાક અત્યંત પસંદ હોય છે. તો વળી કેટલાંકને જામફળની ચટણી કે જામફળનો મોજીતો.

સૌથી વધુ જામફળના શોખીન વાનર હોય છે. રહેણાંક વિસ્તારમાં, જો તેમણે જામફળના ઝાડ ઉપર જામફળ જોયાં કે તરત જ તે તોડીને ખાઈ લે છે. પક્ષીની વાત કરીએ તો પોપટને જામફળ અત્યંત પ્રિય હોય છે. બનારસમાં જમરૂખને અમૃત નામથી જ ઓળખવામાં આવે છે. જામફળને ભારતની વિવિધ ભાષામાં વિવિધ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં અમરૂદ, તેલુગુમાં ઈત્તાજમ કે જમાકાયા, તમિળમાં કોય્યા, સેગપુ, સેગાપ્પૂગોયા, મરાઠીમાં જમ્બા, સંસ્કૃતમાં અમૃતફળ, બિહી, દઢબીજમ, બંગાળીમાં ગોએચી, કે પિયારા, ગુજરાતીમાં જમરૂખ કે જામફળ વગેરે નામે ઓળખવામાં આવે છે.

જમરૂખ માટે એવું કહેવાય છે કે તે ખિસ્સાને પરવડે તેવું હોવાની સાથે પ્રત્યેક મોસમમાં સરળતાથી મળી રહે છે. સ્વાદિષ્ટ હોવાની સાથે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. અમૃતફળનું વૈજ્ઞાનિક નામ 'સાઈડિયમ ગુવાવા' છે. જમરૂખની ખાસ વાત એટલે કે તે ગરમ આબોહવા ધરાવતાં પ્રદેશમાં ઊગે છે. ચોમાસામાં તથા શિયાળામાં તેનો મબલખ પાક મળે છે. મૂળ તે દક્ષિણ અમેરિકાના ગરમ પ્રદેશમાં ઉગાડવામાં આવ્યું હતું. ત્યારબાદ લગભગ ૧૭મી સદીમાં પોર્ટુગલ દ્વારા તેને ભારતમાં લાવવામાં આવ્યું હતું. દઢબીજમ ફળ તથા તેના પાનનો ઉપયોગ આરોગ્યની કાળજી લેવા માટે કરવામાં આવે છે. ભારત, ચીન તથા મેક્સિકો વગેરે દેશોમાં જામફળના પાનનો કાઢો બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ પેટની તકલીફમાં કરવામાં આવે છે. વાગ્યું હોય કે ઘાને ઝડપથી રૂઝ આવે, તે માટે તેના માવાનો ઉપયોગ કરવામાં આવે છે. હવે તો વિશ્વના પ્રત્યેક દેશમાં સરળતાથી તેની ખેતી થવા લાગી છે. ભારતમાં સૌથી વધુ અમૃતનો પાક ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ તથા મહારાષ્ટ્રમાં થાય છે. જમરૂખ બહારથી લીલું અથવા પીળા રગંનું જોવા મળે છે. અંદરના ગરનો રંગ સફેદ તેમજ લાલ હોય છે. હવે તો જામફળ બીજ વગરના કે ઓછા બીજવાળા બજારમાં મળે છે.

એવું કહેવાય છે કે જામફળમાં સંતરાથી પણ વધુ વિટામિન સી હોય છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારવામાં મદદ કરે છે.

## શેકેલા જામફળની ચટણી



૧ નંગ મોટું જામફળ, ૪-૫ નંગ લીલા મરચાં, ૧ નાનો ટુકડો આદું, ૧ મોટું બાઉલ કોથમીર, ૧૨-૧૫ ફુદીનાના પાન, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી લીંબુનો રસ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ જામફળની ઉપર તેલ લગાવી દો, તેની ઉપર નાના નાના કાપ કરી દેવા. ગેસ ઉપર રિંગણ શેકીએ તેમ શેકી લેવું. થોડું ઠંડું થાય ત્યારબાદ ઉપરથી શેકાયેલી કાળી છાલ કાઢી લેવી. હવે એક મિક્સર જારમાં કાપેલું જામફળ, કોથમીર, ફુદીનો, લીલા મરચાં, આદુંનો ટુકડો સ્વાદાનુસાર મીઠું તથા લીંબુનો રસ ભેળવીને વાટી લેવું . જામફળની આ ચટણી સ્વાદિષ્ટ બને છે. તેને પરાઠા, થેપલાં, ઢોકળા, સમોસા કે દાળવડા સાથે પીરસી શકાય છે.

## નિયમિત જામફળ ખાવાથી થતાં સ્વાસ્થ્ય લાભ :

### પેટની સમસ્યામાં લાભકારી

જામફળમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. જેથી કબજિયાતની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે ગુણકારી ગણાય છે. તો વળી જામફળના પાનનો કાઢો બનાવીને પીવાથી પેટમાં વારંવાર ચૂક આવવાની તકલીફથી છૂટકારો મેળવી શકાય છે.

### ડાયાબિટીસની તકલીફમાં લાભકારી

જામફળનું સેવન ડાયાબિટીસની સમસ્યા ધરાવતાં દર્દી માટે લાભકારી ગણાય છે. કેમ કે તેમાં શર્કરાની માત્રા ઓછી હોવાની સાથે ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. આયુર્વેદ મુજબ જામફળની સાથે તેનાં પાન સ્વાસ્થ્ય માટે અત્યંત લાભકારક ગણાય છે. જામફળના પાનનો કાઢો પીવાથી બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

### હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી

જામફળમાં પોટેશિયમ ભરપૂર પ્રમાણમાં હોય છે. જે બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ફાઈબર લોહીમાં રહેલાં ખરાબ કૉલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે. જેને કારણે હૃદય રોગના ખતરાથી બચી શકાય છે.

### વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી

અમૃતફળમાં કેલરીની માત્રા ઘણી ઓછી છે. જેથી તેનું સેવન કરવાથી વજન વધવાના ડરથી બચી શકાય છે. તેથી જ વજન પ્રત્યે સજાગ વ્યક્તિ માટે જામફળનું સેવન કરવું હિતાવહ છે.

### ત્વચાની તંદુરસ્તી જાળવવા માટે લાભકારક

જામફળમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા વિટામિન-સીનું પ્રમાણ વધુ હોય છે. જે ત્વચાને માટે અતિ આવશ્યક ગણાય છે. અનેક વખત યોગ્ય પોષણ શરીરને ના મળવાથી ત્વચા સૂકી બની જાય છે. જેને કારણે ત્વચા ઉપર કરચલી દેખાવા લાગે છે. ક્યારેક ચહેરા ઉપર ખીલનું પ્રમાણ વધી જાય છે. તો ક્યારેક શરીરના વિવિધ ભાગ ઉપરની ત્વચામાં કાળા ડાઘ દેખાવા લાગે છે. જો ઉપરોક્ત સમસ્યાથી બચવું હોય તો વિટામિન સી તથા ઍન્ટિ-ઓક્સિડન્ટ યુક્ત ભોજન નિયમિત લેવું જોઈએ. જામફળનું સેવન તે માટે યોગ્ય ઉપાય ગણી શકાય. જામફળને ખાવાની અન્ય રીતમાં તેને બહારથી શેકીને ખાવાથી તેનો સ્વાદ બહેતરીન આવે છે.

### આંખો માટે ગુણકારી

જામફળમાં વિટામિન એની માત્રા સારા પ્રમાણમાં હોવાથી આંખો માટે અત્યંત ગુણકારી ગણાય છે. જામફળને સગડી ઉપર શેકીને ખાવાથી આંખોની રોશની વધે છે. વળી આંખોને લગતી અન્ય તકલીફમાં રાહત અપાવે છે.

### હાડકાને મજબૂત બનાવવામાં ઉપયોગી

જામફળ શેકેલું હોય કે શેક્યા વગરનું હોય તેના માવામાં ફોસ્ફરસ, કેલ્શિયમ જેવા મિનરલ્સ હોય છે. જે હાડકાંની મજબૂતાઈ વધારવામાં મદદ કરે છે. ઓસ્ટિયોપોરોસિસ જેવી સમસ્યાથી બચાવે છે. વળી હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે.

જામફળનો શીરો, જામફળની કેક, જામફળનું શાક, જામફળની ચટણી,જામફળનો જામ, જામફળની ચૉકલેટ તથા જામફળનો જ્યૂસ, જામફળનો મોજીતો જેવી વિવિધ વાનગી બનાવી શકાય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# મૂત્ર સંબંધી રોગ...

**ગયા અઠવાડિયે આપણે આ વિષય પર ચર્ચા શરૂ કરી હતી. એમાં આપણે મૂત્ર માર્ગમાં અવરોધક એવી પથરીની સમસ્યાની વાત કરી હતી. હવે આ વિષયને લઈને આગળ તબીબી માર્ગદર્શન મેળવીએ...**

આપણાં શરીરના મહત્ત્વનાં અવયવોમાં કિડની એક ખૂબ જ મહત્ત્વનો અંગ છે. તે માનવશરીરની ફિલ્ટર સિસ્ટમ છે. તેના દ્વારા લોહીમાં રહેલી અશુદ્ધિઓ અને ઝેરી તત્ત્વો પેશાબ દ્વારા બહાર નીકળે છે.

સ્વસ્થ કિડનીના આધારે આપણું સ્વાસ્થ્ય નિરોગી રહે છે. આપણા શરીરમાં સરેરાશ ૪થી ૬ લીટર લોહી હોય છે. તેમાંથી એકસાથે ૩ લીટર જેટલાં લોહીને કિડની દિવસમાં ૬૦ વાર શુદ્ધ કરે છે. તેથી રોજ સરેરાશ ૧૮૦ લીટર લોહીનું શુદ્ધિકરણ કિડની દ્વારા થાય છે. તેમાંથી ચોવીસ કલાક દરમિયાન બે લીટર જેટલો શરીરનો કચરો મૂત્ર દ્વારા બહાર કાઢે છે. તેમ જ કિડની શરીરનું બ્લડપ્રેશર નિયંત્રિત રાખે છે.

કિડનીથી લઈને મૂત્રનળી અને મૂત્રાશય (બ્લેડર) સુધીના માર્ગને યુરિનરી સિસ્ટમ કહેવાય છે. આ માર્ગમાં કોઈપણ કારણોસર નાનો એવો ચેપ લાગે તો તેને કાઢવો મુશ્કેલ છે અને તે વારંવાર પણ થઈ શકે છે. મૂત્ર સંબંધી રોગ મોટા ભાગે આપણી અસાવધાનીના કારણે જ થતા હોય છે.

અને એક સંશોધન મુજબ અત્યારે સરેરાશ ૧૨ થી ૧૪ લાખ લોકો કિડનીના રોગના કારણે દર વર્ષે મૃત્યુ પામે છે. તો શું આપણે સાવધાન થઈ આહાર અને જીવનશૈલીમાં બદલાવ લાવી કિડનીના રોગથી બચી ન શકીએ...?

**સાવધાની**

* મૂત્રના રોગને ક્યારેય પણ રોકી ન રાખવો. તેનાથી શરીરમાં અનેક મૂત્ર સંબંધી રોગ ઉત્પન્ન થાય છે.

* સ્ત્રી અને પુરુષ બન્નેએ ગુપ્તાંગ અને તેની આજુબાજુના અંગોની સફાઈ વ્યવસ્થિત રાખવી.

* સ્ત્રીઓએ મળત્યાગ બાદ ગુદા સફાઈ કરતી વખતે હાથને યોનિથી ગુદાની તરફ લઈ જવો જોઈએ. તેનાથી વિરુદ્ધ દિશામાં હાથ ફેરવી સફાઈ કરવાથી યોનિ સંબંધી ચેપી રોગ થવાની સંભાવના વધે છે.

* રોજ ઓછામાં ઓછું ૩ લીટર પાણી પીવું.

* એકસાથે વધારે પ્રવાહી ન પીવું, પરંતુ વારંવાર થોડું થોડું પ્રવાહી પીવું.

* નશીલા પદાર્થોનું સેવન ન કરવું.

* દારૂના વ્યસનથી મૂત્ર સંબંધી રોગ ખૂબ જ વધે છે, માટે તેનો ત્યાગ રાખવો.

* વધુ પડતા ફીટ અને નાઇલોનના કપડાં પહેરવા નહીં.

* મૂત્ર સંબંધી રોગવાળાએ રોજ કમસે કમ ૩૦ મિનિટ શ્રમ કરવો. કેમ કે શ્રમથી શરીરમાં લોહીનું પરિભ્રમણ વ્યવસ્થિત થાય છે. અને તે મૂત્ર સંબંધી રોગ માટે ખૂબ ફાયદાકારક છે.

* મૂત્રમાં ચેપ કે મૂત્રાશયમાં સોજા જેવું જણાય તો યુરિન ટેસ્ટ કરાવી યોગ્ય ચિકિત્સકની સલાહ મુજબ સારવાર કરવી.

**મૂત્ર સંબંધી રોગમાં ફાયદાકારક અમુક કસરતઃ**

અહીં દર્શાવેલી કસરતો પેશાબ કર્યા બાદ જ દિવસમાં બેથી ત્રણ વાર કરવી.




## મૂત્ર સંબંધી ચેપ-ઊનવા

* શરીરમાં થતા દરેક ઈન્ફેક્શનોમાં મૂત્ર સંબંધી ઈન્ફેક્શન બીજા નંબરનું સહુથી વધુ થતું ઈન્ફેક્શન છે.

* સામાન્ય રીતે પુરુષો કરતાં સ્ત્રીઓમાં ઊનવા વધુ પ્રમાણમાં થતો હોય છે.

મૂત્ર સંબંધી ચેપ-ઊનવાનાં લક્ષણઃ

* પેશાબ કરતી વખતે ગુપ્તાંગમાં બળતરા સાથે દુઃખાવો થવો.

* વારેવારે પેશાબ કરવા જવું પડે અને વધુ પડતો પીળો પેશાબ આવવો.

* પેશાબમાં લોહી આવવું.

* પેશાબમાં વધારે પડતી દુર્ગંધ આવવી.

* તાવ આવવો, કમર કે પીઠમાં દુઃખાવો થવો.

**કારણઃ**

* બેક્ટેરિયલ ઈન્ફેક્શન

* વધુ પડતું ગરમીમાં રહેવું તથા પેશાબના વેગને રોકી રાખવો.

* પથરી અને પ્રોસ્ટેટનો સોજો.

* મૈથુન દ્વારા થતી બીમારીઓ

**સાવધાની**

* ઉપરોક્ત લક્ષણો જો ત્રણ દિવસથી વધુ જણાય તો ચિકિત્સક પાસે યોગ્ય સારવાર લેવી.

* જો તાવ અને કમરમાં દુઃખાવો શરૂ થાય તો તે કિડનીનું ઈન્ફેક્શન સૂચવે છે, તેવા સમયે ચિકિત્સકની યોગ્ય સારવાર લેવી.

-આ ચેપ-ઊનવાના ઉપચારઃ

૧) સવાર-બપોર-સાંજ ૧ ચમચી ગોખરુનું ચૂર્ણ પાણી સાથે ફાકવાથી પેશાબના તમામ રોગ મટે છે.

૨) સવાર-બપોર-સાંજ ૧ ચમચી ગળોનું ચૂર્ણ પાણી સાથે લેવું. આ ઉપચારથી સરેરાશ ૧૫ દિવસમાં પૂરો ફાયદો થઈ શકે છે.

૩) ભીંડાનું શાક ખાવાથી પેશાબમાં બળતરા, જલન અને પેશાબ અટકી અટકીને આવતો હોય તેમાં રાહત થાય છે.

૪) દિવસ દરમિયાન વારંવાર માટલાનું ઠંડું પાણી પીવું.

૫) એક અઠવાડિયા માટે રોજ એક ગ્લાસ પાણીમાં બે ગ્રામ ખાવાનો સોડા મેળવીને પી જવું.

૬) એકાદ ચમચી તકમરિયા ૧ કપ પાણીમાં પલાળી તે પાણી પીવું.

૭) બે ગ્રામ જીરું અને પાંચ ગ્રામ સાકર પાણી સાથે સવાર-સાંજ લેવું.

૮) ૧૦થી ૨૦ જવ પાણીમાં ઉકાળીને તે પાણી પીવાથી પેશાબ સાફ આવે છે અને પેશાબની બળતરા મટે છે.

૯) શેરડીનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે, બળતરા મટે છે અને પેશાબમાં લોહી પડતું હોય તો તે પણ મટે છે.

૧૦) પાતળી છાશમાં થોડો સુરોખાર નાખી પીવાથી પેશાબની બળતરા મટે છે.

૧૧) વરિયાળીનું શરબત બનાવી તેમાં થોડો સુરોખાર નાખી પીવાથી પેશાબની બળતરા મટે છે.

૧૨) એકાદ કપ કાકડીના જ્યૂસમાં ૧ ચમચી મધ અને લીંબુનો રસ નાખીને પી જવો.

૧૩) કોથમીરનો રસ સાકર નાખી પીવો.■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# પ્રજનન તંત્ર માટે જરૂરી આર્જિનીન...

શરીરને તંદુરસ્ત અને મજબૂત રાખવા માટે તમામ પ્રકારના પોષક તત્ત્વો જરૂરી છે. વિટામિન્સ અને મિનરલ્સની જેમ જ અમાયનો એસિડ એ પણ જરૂરી પોષક તત્ત્વોમાનું એક છે. જે પ્રોટીનના બંધારણ માટે જરૂરી છે. જે શરીરની દરેક ગ્રંથિને ચલાવવા જરૂરી છે. બાવીસ પ્રકારના ઉપ અમાયનો અને વીસ પ્રકારના મૂળ અમાયનો એસિડ છે. ઘણાં અમાયનો શરીર પોતે જ બનાવે છે. બીજા પ્રાકૃતિક આહાર દ્વારા લેવા પડે છે. પ્રોટીન બનાવવા અમાયનો એસિડ જરૂરી છે. કારણ શરીરની બધી જ કોશિકા પ્રોટીનથી જ બને છે. જે સ્વાસ્થ્યને સ્વસ્થ રાખવા જરૂરી છે.



એક અમાયનો એસિડ જે પ્રજનન કે પુનર્રાત્પાદનની બધી જ ગ્રંથિનું કાર્ય વ્યવસ્થિત ચલાવવા જરૂરી છે તે આર્જિનીન અમાયનો અમ્લ છે, તેમ જ ગ્લાઇસીન અમાયનો અમ્લ જે પ્રજનન માટે જરૂરી પ્રોટીન બનાવે છે. પ્રજનનના સ્નાયુઓની પ્રોટીન જરૂરિયાત તેમ જ તેના સ્નાયુઓની મજબૂતી માટે અંત્યત આવશ્યક અમાયનો અમ્લ છે. આની ઊણપથી પ્રજનન કાર્યમાં બાધા આવે છે. તેમ જ અન્ય અવયવોમાં પણ ખામી સર્જાય છે. શરીરમાં આર્જિનીન અને ગ્લાઇસીન બીજા સ્નાયુઓને પણ પ્રોટીન બનાવામાં સહાયક બને છે. આની ઊણપથી અન્ય બીમારીઓ થાય છે.

આર્જિનીન ઊણપથી સીકલ સેલ ડીસીસ થાય છે. આ એક એનીમીયા (નબળાઇ) છે. જેમાં રક્તકોશિકાઓ કઠોર થઇ જાય, ચિપોચપી થઇ જાય અને સિકલ આકારની થઇ (મૂળ આકાર ન રહે) જેથી રક્ત પ્રવાહ પર અસર શરીરના સેલ ઓકિસજન પૂરતું ન મળે, હિમોગ્લોબીન બનવું મુશ્કેલ બને છે. જેથી ફેફસાં, પ્લીહા, હૃદય, આંખોને નુકસાન થાય છે. આંખનો સફેદ ભાગ પીળાશ રંગનો થઇ જાય છે.

આર્જિનીન અને ગ્લાઇસીન અમાયનોની ઊણપમાં જલદી સુધારો ન થાય તો મલેરિયા એક્યુટ અસ્થમા, બ્રેનટયુમર, કાર્ડિયોવાસ્કયુલર, પ્લમોનરી હાયપરટેશન, ફાયબ્રોસીસ જેવી તકલીફો શરૂ થાય. તેમ જ કિડનીની તકલીફ શરૂ થાય કારણ આર્જિનીનના મેટા બોલીઝમ કરવા માટે કિડની મહત્ત્વનો ભાગ ભજવે છે. આર્જિનીન બનાવવા માટે જે ખાદ્ય પદાર્થમાં નાઇટ્રીક ઓકસાઇડ હોય તે લેવો જોઇએ. તેમ જ જે ખાદ્ય-પદાર્થથી નાઇટ્રીક ઓકસીડ ખરાબ થઇ જતું હોય તે ખોરાક કયારેય ન લેવો. એવા ખોરાકથી શરીરમાં એસિડીટી અને બળતરા વધી જતાં પ્રોટીન બનવું મુશ્કેલ બની જાય તેથી શરીરમાં દુખાવા થાય છે.

આર્જિનીનની ઊણપના કારણો આદુ (અદરક)કે સૂંઠનું સેવન. આદુના કારણે શરીરના અવયવોમાં બળતરા થાય છે. જેથી બ્લડ પ્રેશર વધી જાય છે. આની અસર પ્રોટીનના બનવા પર થાય છે. બધા જ પ્રકારના કેફેન, ચહા, ચોકલેટ કોફી. ઘણાં ડાયટીશ્યન કહે છે કે ચોકલેટમાં આર્જિનીનનું પ્રમાણ વધુ છે. પણ તે કોકવા ફળમાં હોય છે. પ્રોસેસને કેમિકલથી બનેલા ચોકલેટ પાઉડરમાં નહી. બેઠાડું જીવન જીવનાર કે કોઇપણ પ્રકારની ફિઝિકલ એક્ટિવીટીથી દૂર રહેનાર. જેને કારણે હાથ-પગની કોશિકાઓ અને સ્નાયુ કડક થઈ જાય છે. ફિઝિકલ એક્ટિવીટી કરવાથી નાઈટ્રિક ઓક્સિડનો વધારો થાય છે. તેથી જ આર્જિનીન પોતાનું કામ કરી શકે છે. કોશિકા કડક થઈ જતાં હૃદયની બીમારીઓ થાય તેમ જ હલનચલનમાં મુશ્કેલી થાય છે. શરીરના દુઃખાવા વધી જાય છે. આર્જિનીન બનવા માટે પ્રાકૃતિક આહાર લેવો જરૂરી બને છે. લસણ અને લસણના પાંદડમાં નાઈટ્રિક ઓક્સિડ છે. બીટ એ નાઈટ્રિક ઓક્સિડનું પાવર હાઉસ છે. બીટ અને બીટના પાનનો ઉપયોગ કરવો જરૂરી છે, જે સારી ક્ષમતાવાળું આર્જિનીન બનાવે છે. બીટના પાનનો રસ લેવાથી પ્રોટીન મજબૂત બને છે. અળસી (ફ્લેક્સ સીડ) આર્જિનીનથી બનતા પ્રોટીન સ્ત્રોત છે. અળસીનું દૂધ બનાવી લેવાથી ઘણો જ ફાયદો થાય છે. અખરોટ જે વાળ, બ્રેન, ત્વચાના પ્રોટીન માટે જરૂરી છે. અખરોટનું દૂધ કે ચટણી બનાવી લેવાથી વાળ અને ત્વચા નીખરે છે. અખરોટમાનું મેલેનીન વાળને કાળો રંગ આપે છે. બટેટા અને બટેટાના પાનમાં ગ્લાયકોસીન અમાયનો એસિડ છે, જે શરીરની સ્ટાર્ચને મજબૂત બનાવે છે. નસોને પાવર આપે છે. બટેટાના પાન પ્રજનન તંત્રના કેન્સરથી રક્ષણ આપે છે. સોજા અને મધુમેહના સોજાથી પણ રક્ષણ આપે છે. આંખોના મસલ્સ મજબૂત બનાવે છે, જેથી આંખોમાં તેજ આવે છે. અલ્ફા ધાન્યને ફણગાવીને લેવા. આનું ગ્લાયકોસીન જે પ્રોટીન બનાવે છે તે વૃદ્ધત્વને આવતું રોકે છે. એનિમીયાથી બચાવે છે. એ એનર્જીનો સ્ત્રોત છે.

સ્ત્રીઓ અને પુરુષો બન્નેના પ્રજનન તંત્રના અવયવના સ્વાસ્થ્ય માટે આર્જિનીન યુક્ત ખોરાક જરૂરી છે. યુવતીઓ જે બજારું અને જંકફુડનું સેવન કરે છે, એ કેમિકલ અને પ્રોસેસ કરેલા હોય છે, તે ખામી ભરેલા છે. જેના કારણે નાની ઉંમરમાં જ પી.સી.ઓડીની તકલીફનો શિકાર બને છે. વજન વધી જાય છે. તેમ જ શરીર બેડોળ બને છે.

મસલ્સને જોઈએ તેટલો પ્રોટીન મળતો નથી. એક પ્રોટીન ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે સમગ્ર અમાયનોની સામગ્રીના અનુપાતમાં અમાયનો એસિડ પૂરતી માત્રામાં હાજર હોય. બજારું કે જંકફુડ કે ઘરમાં બનતા ભોજનમાં જો અમાયનોની ઓછપ સર્જાય જેથી પ્રોટીનની ખામી થાય છે. આજની યુવાપેઢી તણાવમાં કે કામનો બોજ વધી જતાં થોડું પણ સહન કરી શકતાં નથી. બીમાર પડી જાય છે. યુવાપેઢીમાં પ્રજનન ક્ષમતાની મોટી ખામી સર્જાય છે.

સાંગલીની પાસે આવેલા ઈચલકરજી શહેરના ત્રણ કપલને બાળક થવામાં મુશ્કેલી થતી હતી. એક કપલ જેમણે બેથી ત્રણવાર આઈ.વી.એફ.નો સહારો લીધો. તે નિષ્ફળ ગયો. તેઓ મારી પાસે આવ્યા હતાં. બે મહિનાની ટ્રીટમેન્ટ (આહારમાં સુધાર અને પાણીની ટ્રીટમેન્ટ)થી જ તેણી પ્રેગ્નન્ટ થઈ અને બેબી બૉય આવ્યું. બીજા બન્ને કપલને પણ ત્રણથી ચાર મહિનામાં જ રિઝલ્ટ આવ્યું તેઓ આજે મારા ઘરના મેમ્બર જેવા બની ગયા. કહેવાનું એટલું જ કે પ્રાકૃતિક ઈલાજથી આ શક્ય બન્યું. આહાર શુદ્ધિ અતિ જરૂરી છે.

અન્ય આર્જિનીનયુક્ત ખોરાક જે પ્રજનન તંત્રને મજબૂત બનાવે છે તે બદામ, અંજીર, રાસબેરી, દાડમ, તરબૂચ, ગાજર, ગાજરના પાન, કેળા, કેળાના દાંડા, નોલવોલ, નોલવોલના પાન, સંતરા, મૂળા, મોગરી, મૂળાના પાન જેવો આહાર આપના ભોજનમાં સામેલ કરો. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# સમાધિના અભ્યાસથી ચિત્તમાં નવા સંસ્કાર જાગૃત થાય છે



'પ્રત્યયોના વિરામનો અભ્યાસ જેની પહેલા કરવામાં આવ્યો છે અને જેમાં હજુ સંસ્કારો શેષ રહ્યા છે, તેવા સમાધિ સ્વરૂપને 'અન્ય' કહેવામાં આવે છે.

આ વ્યાખ્યામાં 'અન્ય' સમાધિ વિશે ત્રણ લક્ષણો સૂચિત કરવામાં આવ્યાં છે.

(I) પૂર્વના સમાધિ સ્વરૂપોમાં પ્રત્યયોની હસ્તિ રહે છે. અહીં પ્રત્યયો પણ વિરામ પામે છે.

(II) સંપ્રજ્ઞાત સમાધિમાંથી 'અન્ય'માં જવા માટે પર્યાપ્ત પ્રમાણમાં પ્રત્યયોના વિરામનો અભ્યાસ કરવામાં આવે તે આવશ્યક છે.

(III) સમાધિના આ સ્વરૂપમાં પણ સંસ્કારો બાકી રહે છે. આ સમાધિ નિર્બીજ સમાધિ કે કૈવલ્ય નથી. અહીં પ્રત્યયોનો વિરામ છે, પરંતુ સંસ્કારોનો ક્ષય હજુ બાકી છે.

(૨) નિર્બીજ સમાધિઃ

માનવચિત્તમાં અનેક પ્રકારના સંસ્કારો હોય છે. સમાધિના અભ્યાસથી ચિત્તમાં નવા સંસ્કારો ઉદિત થાય છે. આ સમાધિજન્ય સંસ્કારો અન્ય સંસ્કારોનો પ્રતિબંધ કરે છે.

तज्ज: संस्कारोडन्य संस्कार प्रतिबन्धी । – यो. सू.; १-५०

અહીં યોગજન્ય સંસ્કારો ભોગજન્ય સંસ્કારોનો પ્રતિબંધ કરે છે. સાધક સમાધિમાંથી પાછો આવે છે, ત્યારે નવો પ્રકાશ, નવું જ્ઞાન લઈને આવે છે. સમાધિનો આ અનુભવ સાધકના ચિત્ત પર રૂપાંતરકારી અસર ઉપજાવે છે. આ અસર તે જ तज्ज: संस्कार છે. જો સમાધિના અનુભવો સાધકના જીવનને બદલી ન નાખે તો તે સમાધિ ખરી સમાધિ નથી. સમાધિના વારંવારના અભ્યાસથી જન્મેલા આ યોગ જ સંસ્કારોઃ માયિક ભોગજન્ય સંસ્કારોને ભૂંસી નાખે છે. પરિણામે સાધકનું ચિત્ત સંસ્કારોથી મુક્ત થવા માંડે છે.

તેથી પણ આગળ વધીને માયિક સંસ્કારોથી મુક્ત થયેલું ચિત્ત સમાધિજન્ય સંસ્કારોથી પણ મુક્ત થાય, તેનો પણ નિરોધ થાય ત્યારે નિર્બીદ સમાધિ ઘટે છે.

નિર્બીજ સમાધિના સ્વરૂપ વિશે પતંજલિ કહે છે –

तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीज समाधि:। यो. सू.; १-५१

'તેના (સમાધિજન્ય સંસ્કારો)ના પણ નિરોધથી સર્વનિરોધ થતાં નિર્બીજ સમાધિ સિદ્ધ થાય છે.'

ચિત્તવૃત્તિના નિરોધની અને સંસ્કારોના ક્ષયની યાત્રા અહીં પૂરી થાય છે, છતાં અધ્યાત્મયાત્રાનો અહીં અંત નથી. અધ્યાત્મયાત્રા અનંતની યાત્રા છે. તેનો કદી અંત આવતો નથી. અધ્યાત્મ-હિમાલયની યાત્રામાં એક શિખર પર ચઢીએ ત્યારે અનેક નવાં શિખરો દષ્ટિગોચર થાય છે. કોઈકે ઠીક જ કહ્યું છે –

It starts but never ends.

'તેનો (અધ્યાત્મયાત્રા)નો પ્રારંભ થાય છે, પરંતુ તેનો અંત કદી આવતો નથી.'

આ તો અનંતની યાત્રા છે. અનંતનો અંત કેવી રીતે લઈ શકાય?

(૩) ધર્મમેઘ સમાધિઃ

યોગસૂત્ર પ્રમાણે સમાધિના ઉચ્ચત્તમ સ્વરૂપને ધર્મમેઘ સમાધિ કહે છે.

प्रसंरण्यानेडप्यकुसीदस्य सर्वथा विवेकरण्यातेधर्ममेध: समाधि: । – यो. सू.; ४-२८

'ઉચ્ચ પ્રકારના પ્રકૃતિ વિષયક જ્ઞાન પ્રત્યે પણ વિરક્તને નિરંતર વિવેકજ્ઞાનથી ધર્મમેઘ સમાધિ થાય છે.'

प्रकर्षेण सम्यक् आरण्याते इति प्रसंरण्यान: ।

પ્રકૃત્તિના ગુહ્ય સ્વરૂપને આ જ્ઞાન સમ્યક્ અને ઉત્કૃષ્ટ રીતે સમજાવે છે. એટલે આ જ્ઞાન પ્રકૃત્તિ વિષયક ક્ષેત્રમાં સર્વોત્તમ છે. યોગસૂત્રના વિભૂતિપાદમાં પતંજલિ સ્પષ્ટ રીતે અને વિસ્તારથી સમજાવે છે કે સંયમની કળા દ્વારા યોગી પ્રકૃત્તિના ગહન રહસ્યો ખોલી શકે છે, અને ઈન્દ્રિય કે તર્કથી ન પામી શકાય તેવા ગુહ્ય જ્ઞાનને આ સંયમની કળાથી પામે છે. આ જ્ઞાન પ્રકૃત્તિના ક્ષેત્રમાં ઉચ્ચત્તમ છે. પરંતુ આ પુરુષનું જ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન નથી; તેથી સાચો આધ્યાત્મિક પુરુષ તેનાથી પણ વિરક્ત થાય તે આવશ્યક છે. આવા જ્ઞાન પ્રત્યેની આસક્તિ પણ આધ્યાત્મિક વિકાસમાં બાધારૂપ બની શકે.

આવા રહસ્યપૂર્ણ જ્ઞાન-પ્રસંખ્યાન પ્રત્યે પણ અકુસીદ – વિરક્ત રહેનારને સર્વથા વિવેકખ્યાતિ એટલે કે નિરંતર પ્રકાશમાન વિવેકજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ વિવેકજ્ઞાનના બળથી સાધક ધર્મમેઘ સમાધિ પામે છે.

प्रकर्षेण योगधर्मम् मेहति वर्षति इति धर्ममेध: ।

'યોગધર્મ જેમાં ઉત્કૃષ્ટ સ્વરૂપ વરસે છે, તે ધર્મમેઘ સમાધિ છે.'

કૈવલ્યાવસ્થામાં પ્રવેશવાનું આ અંતિમ દ્વાર છે. આ સમાધિમાં યોગીની ચેતનામાં જ્ઞાન, આનંદ, શાંતિ, શક્તિ આદિ યોગધર્મોની વર્ષા થાય છે.

(૪) કૈવલ્યઃ

ધર્મમેઘ સમાધિથી ક્લેશ અને સંસ્કારોની આત્યંતિક નિવૃત્તિ થાય છે. આત્મા પ્રકૃતિના બંધનથી પૂર્ણતઃ મુક્ત થાય છે અને કેવળ પુરુષસ્વરૂપે પ્રકાશે છે. આ અવસ્થાને યૌગિક પરિભાષામાં 'કૈવલ્ય' કહે છે. યોગવિદ્યા પ્રમાણે આ કૈવલ્યવસ્થાને સર્વોચ્ચ આધ્યાત્મિક અવસ્થા ગણવામાં આવે છે. આને જ મોક્ષ કે આત્મપ્રાપ્તિ કહે છે.

કૈવલ્યાવસ્થા તે સમાધિની અવસ્થા નથી, પણ સ્વરૂપસ્થિતિ છે. કૈવલ્યાવસ્થાએ પહોંચનાર પુરુષ તે સ્થિતિમાંથી કદી ચ્યુત થતો નથી. જો ચ્યુત થાય તો તે કૈવલ્યાવસ્થા હતી જ નહિ એમ સમજવું. યૌગિક અધ્યાત્મવિદ્યા પ્રમાણે સમાધિ સતત રહેતી અવસ્થા નથી. સાધક સમાધિના કોઈ સ્વરૂપમાં અમુક નિશ્ચિત સમય સુધી રહે છે. સમાધિનો પ્રારંભ અને અંત હોય છે. તે આવે અને જાય તેવી અવસ્થા છે. કૈવલ્યાવસ્થામાં આવું નથી. કૈવલ્યાવસ્થા તો આધ્યાત્મિક વિકાસની અંતિમ પરિણતિ છે. કૈવલ્યાવસ્થા એવી સર્વોચ્ચ અવસ્થા છે, જેમાંથી ચ્યુત થવાનું હોય જ નહિ.

આ અવસ્થામાં પુરુષ પ્રકૃતિના કોઈ પણ પ્રભાવ હેઠળ રહેતો નથી. પ્રકૃતિનો દર્શન કર્મ પૂરો થાય છે.

रड्गस्य दर्शयित्वा निर्वतते नर्तकी तथा नृत्यम ।
पुरुषस्य तथाडडत्मानं प्रकाश्य विनिवर्तते प्रकृति: ।।
– सांरण्यकारिका; ५९

'જેવી રીતે નર્તકી પોતાનું નૃત્ય રંગભૂમિ પર પ્રદર્શિત કરીને નિવૃત્ત થાય છે, તેવી રીતે પ્રકૃતિ પણ પુરુષની સમક્ષ પોતાને પ્રગટ કરીને નિવૃત્ત થાય છે.'

યોગસૂત્રના અંતે ભગવાન પતંજલિ કૈવલ્યાવસ્થાનું વર્ણન આ રીતે કરે છે –

पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरुप प्रतिष्ठा वा चितिशक्तिरिति । – यो. सू.; ३-३४


'પુરુષાર્થશૂન્ય થયેલા ગુણોનું પોતાના કારણમાં વિલીન થવું અથવા ચિતિશક્તિ-પુરુષનું પોતાના સ્વરૂપમાં અવસ્થિત થવું તે કૈવલ્ય છે.'

પ્રકૃતિના અપસર્ગ ક્રમે પાછા ફરતાં ફરતાં એવી અવસ્થા આવે છે કે ત્રિગુણાત્મક પ્રકૃત્તિ પુરુષાર્થશૂન્ય બની જાય છે. હવે પ્રકૃતિના ગુણોને પુરુષ માટે કશું કરવાનું રહેતું નથી. એટલે ગુણોનો પ્રતિપ્રસવ થાય છે. પુરુષ સામેથી પ્રકૃતિનો પથારો સમેટાઈ જાય છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

ફોકસ
નિધિ ભટ્ટ

# સમય પહેલા વાળ ગુમાવતા જનરેશન ઝેડના પુરુષ



નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં ૨૦૧૩માં પ્રકાશિત થયેલ ૨૦૨૩ના એક સર્વે અનુસાર પુરુષોના વાળ ખરવા એક હેરિડિટરી સ્થિતિ કહેવાય જે ખૂબ જ કોમન છે. એની ખાસિયતો એ છે કે, ફ્રન્ટરોમ્પોરલ અને વીંટેક્સ સ્કેલ્પથી વાળનું ખરી જવું. ૨૦૧૩માં થયેલ સર્વે મુજબ એમ જાણવામાં આવ્યું છે કે, ૫૦.૩૧ % જેટલા પુરુષોના વાળ ખરે છે તે ૨૫ વર્ષથી ઓછી આયુના છે. આ સર્વેમાં લગભગ ૫ લાખ પુરુષોના આંકડા સામેલ કરવામાં આવેલ છે.

એક સમય એવો હતો જયારે વાળ ખરવા એ મધ્યમ આયુવર્ગના પુરુષોમાં વધારે ચિંતાનો વિષય હતો. હવે આ ટાલ પુરુષોમાં નાની ઉંમરે જ જોવામાં આવે છે. આનાથી તેમનામાં ન માત્ર શરીરિક પરિવર્તન જોવામાં આવે છે, પરંતુ મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક પરિણામો પણ જોવામાં આવે છે .

**પ્રાથમિક શરૂઆત –**

૨૫ વર્ષીય યુવરાજે જયારે તે એન્જિનિયરીંગ કરીને કલકતામાં આઇઆઇએમમાં એમબીએ કરી રહ્યો હતો ત્યારે તેને વાળ ખરવાની સમસ્યા સામે આવી હતી. તેના થોડા દિવસો પછી તેના ઘણા વાળ ખરવા માંડ્યા અને તેને ટાલ દેખાવા લાગી એને કારણે તે તેના મિત્રોમાં હાસ્યને પાત્ર બન્યો.

૨૩ વર્ષીય સાકેત શર્મા માટે તો આ ઘણું ચુનોતી પૂર્ણ હતું. તેને તો હજી એલએલબીનું ભણવાનું ચાલુ કર્યું હતું અને અચાનક જ તેના વાળ ખરવા મંડ્યા હતા. આ અચાનક બદલાવથી તે ઘણો આશ્ચર્યચકિત થઇ ગયો હતો. નાની ઉમરમાં જ તેની ટાલ દેખાવાને કારણે તે ઉંમર કરતાં મોટો લાગવા મંડ્યો. મારી ગર્લ ફ્રેન્ડ સુધ્ધાંએ મારી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ વાતથી મને ખૂબ જ ડિપ્રેશન આવી ગયું હતું અને મેં આ વિષય પર વિચારવાનું જ છોડી દીધુ.

૩૦ વર્ષીય આનંદ ભટનાગરનું ક્હેવું છે કે, સૌથી પહેલા બધાની નજર મારા ખરતા વાળ અને ટાલ પર જ જાય. કોઈ પણ મારો મજાક બનાવવાનું છોડતા નથી. જેને જુએ એ મને સલાહ આપ્યા કરે કે ખરતા વાળની અટકાવવવા માટે શું કરવું જોઈએ. મારા માટે તો મને લાગે છે કે, પુરુષોમાં તો આ વસ્તુ ખૂબ જ કોમન છે, અને તેઓને લગ્ન માટે કોઈ સારું યોગ્ય પાત્ર પણ નથી મળતું. જે યુવતી તેમની સાથે લાંબા સમયથી સાથે હોય તેઓ આ જ કારણે લગ્ન માટે તૈયાર થતી નથી..

જેમના વાળ ખૂબ જ ઘટ્ટ અને સુંદર હોય છે તેમને વારસાગત રીતે વાળ ખરવાની સમસ્યાનો કોઈ પ્રોબ્લેમ આવતો નથી. પરંતુ જેમના ફેમિલીમાં વારસાગત રીતે વાળ ખરવાની સમસ્યા હોય છે તેમને નાની ઉંમરમાં વાળ ખરવા તેમજ ટાલ દેખાવી જેવી સમસ્યાનો સામનો કરવો પડે છે જે તેમના માટે ખરેખર એક ચિંતાનો વિષય હોય છે. સમયથી પહેલા ટાલ થઈ જવી તેને એન્ડ્રોજેનિક એલોપેસિયા કહેવામાં આવે છે કે જેમાં ૩૦ વર્ષ સુધીમાં કે તેની પહેલા જ વાળ ખરવા માંડે છે અને યુવાનીમાં જ પુરુષોને ટાલ પડી જાય છે. આ પ્રક્રિયા એક ક્રમિક પ્રક્રિયા છે જે ધીરે ધીરે થાય છે એનો તેનો ખ્યાલ પણ આવે છે જેમકે શરૂઆતમાં કોઈ પણ એક ભાગમાંથી વાળ ઓછા થવા માંડે છે જેમકે સેંથામાંથી કે પછી કાનની ઉપરના ભાગમાં કે પછી પાછળના ભાગમાં. જ્યાંથી વાળ ખરવાના ચાલુ થાય છે ત્યાંથી ટાલ દેખાવા લાગે છે. ખાસ કરીને જયારે આગળના કિનારાથી વાળ ખરવાનું ચાલુ થાય છે ત્યારે ચહેરો સપાટ લાગવા માંડે છે. વાળ ખરવા એ પ્રક્રિયા ખૂબ જ દેખીતી અને સહજ છે. રોજ કોઈ પણ વ્યક્તિના ૧૫ થી ૩૦ વાળ ખરે જ છે. પરંતુ જેમના વાળ ખરતા હોય છે તેમને તે પ્રક્રિયાનો ખ્યાલ હોવા છતાં તેઓ અસહાય હોય છે.

**કારણ**

ટાલ પડવી કે વાળ ખરવા એ આનુવંશિક છે અને ઉંમર વધવાની સાથે તે ધીમે ધીમે ઘટતું જાય છે. ૨૧ વર્ષ પહેલાથી જ વાળ ખરવાના લક્ષણ દેખાવા માંડે છે. ૫૦ વર્ષની ઉંમર સુધી તેમના અડધા વાળ ખરી ગયા હોય છે. ઘણીવાર ૨૫% પુરુષો ૨૧ થી ૩૦ વર્ષની ઉંમરમાં જ પોતાના વાળ ખોઈ બેસે છે. તબીબી નિષ્ણાતો અને સંશોધકોનું માનવું છે કે હોર્મોનલ ઈમ્બેલેન્સ પણ એનું એક મુખ્ય કારણ હોઈ શકે છે. એન્ડ્રોજન સેક્સ હોર્મોનનો એક સમૂહ છે, જે પુરુષોમાં તેમને શારીરિક રૂપથી પરિપક્વ બનાવે છે. આનાથી ચહેરા, ખોપડી, છાતી, બગલ, અને જનાંગો પર વાળ વિકસિત થાય છે. પુરુષોમાં ડાયહાઇડ્રો ટેસ્ટોસ્ટેરોન અને વાળના ફોલિકલ્સના સંકોચન વચ્ચે એક જોડાણ છે. જેમાં તેમની એ આર જીન્સની સંવેદનશીલતા પુરુષોમાં ટાલ પડવા માટે જવાબદાર હોય છે. આ ઉપરાંત ખોપરીમાં કોઈ પણ જાતનું ઈંફેકશન ટાલ પડવાનું કારણ હોઈ શકે છે. એડ્રોજેનિક એલોપેસિયા પુરુષ અને મહિલા પેટર્ન ટાલ પડવાના રૂપમાં જાણ્યું જાય છે જે વારસાગત હોય છે. જેમાં વાળની વચ્ચેથી ધીરે ધીરે વાળ ખરે છે અને ચહેરાની આગલી બાજુથી વાળના ખરવાને કારણે જયારે તેને પાછળ કરવામાં આવે છે ત્યારે ટાલ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. એલોપેસિયા એરીટામાં વાળ નાના નાના પેચમાં ખરે છે.


**જલ્દી ટાલ પડવાની સારવાર શું છે?**

માત્ર પુરુષોમાં જ નહિ પરંતુ અત્યારે મહિલાઓમાં પણ વાળ ખરવાથી ટાલની સમસ્યા વધી રહી છે તો આને માટે માર્કેટમાં થોડા ઘરેલુ ઉપચાર, દવા અને કોસ્મેટિક વિકલ્પો પણ ઉપલબદ્ધ છે. પુરુષોમાં ટાલ ન પડે તેની માટે મિનોક્સિડીલઃ નામની એક ખાસ દવા કે જે લિક્વિડ હોય છે તેને વાળ પર લગાડવામાં આવે છે. આ દવાથી વાળ ખરવાના અટકી જાય છે અને ઘણા પુરુષોમાં તો આ દવાના ઉપયોગથી નવા વાળ પણ ઉગવા માંડે છે. આ દવા બજારમાં આસાનીથી ઉપલબ્ધ છે. જોકે આનો ઉપયોગ નિયમિત રીતે થવો જોઈએ. આ દવાનો ઉપયોગ જો છોડી દેવામાં આવે તો વાળ પાછા ખરવા માંડે છે. તે ઉપરાંત ટેસ્ટોસ્ટેરોનના ઉત્પાદનને અટકાવીને વાળ ખરવાનું પણ ધીમું કરે છે. વાળ ખરવાની પ્રક્રિયાને ધીમી કરવા માટે એક ખાસ પ્રકારની દવા આપવામાં આવે છે, પરંતુ તેનો ઉપયોગ પણ સતત કરવો પડે છે. આ ઉપરાંત, શરીરના સ્વસ્થ વાળ ધરાવતા ભાગોમાંથી લેવામાં આવે છે અને તેને ટાલવાળા અથવા ખોપરી ઉપરની ચામડીના પાતળા ભાગો પર ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. આ ખૂબ જ પીડાદાયક અને બળતરાકારક પ્રક્રિયા છે જે ઘણી આડઅસરો પણ પેદા કરે છે. આ ઉપરાંત, નવા વાળ ઉગાડવા માટે, શરીરમાંથી લોહી લેવામાં આવે છે અને માથાની ચામડીમાં ઇન્જેક્ટ કરવામાં આવે છે જેથી માથાની ચામડી પરના વાળ જે ખરી ગયા છે તે પાછા ઊગી શકે. આ બધા ઉપયોગો ઉપરાંત, બજારમાં એવા કોસ્મેટિક વિકલ્પો ઉપલબ્ધ છે જે આપણને અકાળ ટાલ પડવાની સમસ્યાનો સામનો કરવામાં મદદ કરી શકે છે.માથાના તે ભાગો માટે જ્યાં વધુ પડતા વાળ ખરી ગયા છે, ત્યાં હેર પીસ અથવા વિગ, હેર વીવિંગ અથવા કેમો ફલેજ સ્પ્રેનો ઉપયોગ કરી શકાય છે. સિન્થિટિક વિગ પણ એક સસ્તો વિકલ્પ છે જેનો હંમેશાં ઉપયોગ ન થઈ શકે.હા, તેનો ઉપયોગ ક્યારેક ક્યારેક થઈ શકે છે કારણ કે તેના વધુ પડતા ઉપયોગથી માથામાં ગરમી અને ખંજવાળ આવે છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ
સુભાષ ઠાકર

# ICUમાં ઈશ્વર બધાને કાનમાં કહે છે આઈ સી યુ...




'જો બેટા, નીચેવાળાને ભલે થતું હોય કે ડોહો હવે ઉપરવાળા પાસે ઉપર ઉપડે તો સારું, પણ મને લાગે છે એકાદ વર્ષ તો હું માંદા-માંદા પથારીમાં જ કાઢી નાખીશ' ચંપકલાલ બોલ્યા

'એમ થોડું ચાલે, પરિવાર કેટલી આશા સાથે તમને ક્યારે કાઢી જવાનું વિચારે છે ને તમારે હજુ વર્ષ કાઢવું છે?' ચંબુ થોડો ઉગ્ર થયો :

'બાપુ તમારાં મૃત્યુના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા છે. જમાઈએ કપાતે પગારે રજા લીધી, બેને એની બેનપણી પાસેથી ઉછીની સફેદ સાડી મગાવી, મારા સાઢુભાઈ પાર્લાથી સીધા મારામાર આવી ગયા, કેટલા લોકોએ એમના પ્રોગ્રામ કેન્સલ કરી તમારી સ્મશાનયાત્રામાં જોડાઈ જવાનુ નક્કી કર્યું ને હવે હું એમ કઉ કે 'બાપુજી જીવે છે 'તો મારી તો વાટ લાગી જાય ને અમારે પણ બીજા કામ હોય કે નઈ? જેને હું રોજ 'જયશ્રીકૃષ્ણ' કહેતો હોઉ એને 'બાપુજીનું જ જેશ્રીકૃષ્ણ થઈ ગયું છે' કહેતા મારો જીવ કેવો બળતો હશે?. ૧૨૭ તો કોલમાં જે નહોતા માનતા એમને 'તમે નથી' મનાવતાં આંખે પાણી આવ્યા છે. અરે, 'ફેસબુક' ઉપર તો જેવું મુક્યું કે બાપુજી ગયા કે તુર્ત જ ૨૦૦૦ લાઈક આવ્યા ને ૨૦૦ કોમેન્ટ આવી અભિનંદન.. વેલડન...! વિશ્વાસ ન હોય તો આ જુઓ. અમે દોણી, ખાદીનું કફન, સ્મશાનની ફી, ડેથ સર્ટિફિકેટ,ગંગાજળની લોટી બધાની માંડ માંડ વ્યવસ્થા કરી ને હવે તમે જીવવાની જીદે ચડ્યા છો? અરે, ICUમાં દાખલ કર્યા પછી ઈશ્વર બધાને કાનમાં કહે છે આઈ સી યુ. તમે સમજ્યા?'

'સમજ્યો પણ મને વિશ્વાસ છે કે સ્વજનોની દુઆ, ડોકટરની દવા, મારી જીવવાની ઈચ્છા ને જીવન સામે લડી લેવાની કળા મને હજી જીવાડશે ને મને હમણાં મરવાની ઉતાવળ નથી એટલે નથી.'

'પણ અમને તો હોયને, હવે અમે પૈસેટકે પૂરા ખંખેરાઈ ગયા છીએ. બધા દવામાં જ ખર્ચી કાઢશું તો કારજના તંબુરામાંથી કાઢશું? થોડું સમજો. તમે ન મરો તો અમારા આખા મરણ પ્રસંગનું પોપટ થઇ જાય' ચંબુ ભડક્યો

'અરે પોપટ થાય કે કબૂતર, મરણ પહેલાં મારા મરણનું ડિક્લેરેસન... શરમ નથી આવતી?' બાપુ પણ ભડક્યા

'અરે પણ તમારી હેડકી જોઈ એમ લાગ્યું કે હવે આ છેલ્લી..એટલે ડિકલેર થઈ ગયું. માફ કરો, બસ? પણ હવે મરણનું જાહેર કરી જીવતા દેખાડું તો ગામમાં ઈજ્જત ન જાય?'

'કમાલ છે તારી તો, ગઈ કાલે તું જ કહેતો હતો કે હમણાં મરશો નઈ, કફનના પૈસા નથી.'

'અરે કીધું હતું મારા બાપ, પણ હવે વ્યવસ્થા થઇ ગઈ. પ્લીઝ તમે વિચારો, હું આવું...' એટલું બોલી ચંબુ બહાર નીકળી ગામનો કોઈ ઢંઢેરો પીટતો હોય એમ બધાને નજીક બોલાવી બોલ્યો :

'મારા સ્વજનો, હમણાં સુધી રાહ જોવા બદલ સૌનો અંતરથી આભાર ને બધાને સોરી વેરી સોરી ને માફ કરો. જુઓ, ટપકવું કે ટકવું એ ઈશ્વરની અંતિમ ઈચ્છા હોવા છતાં હમણાં પૂરી થાય એવું લાગતું નથી ને આંસુ સાથે કબૂલ કે બાપુજી હજી જીવે છે. ગયા નથી પણ હવે તમે બધા આવી જ ગયા છો પણ હવે થોડી વારમાં ટપકી પડવાના એ નક્કી. એમનો અંદરનો જીવાત્મા પાપ- પુણ્યના પોટલાં બાંધીને બેઠો છે ને મરવા સિવાય બીજું કોઈ કામ પેન્ડિંગમાં નથી પડ્યું. છેલ્લાં ચાર દિવસથી ફેફસાંમાં કફ ભરાવાથી સીટીઓ વાગે છે ને પોતે જ ગાય છે 'ગાડી બુલા રહી હૈ સીટી બજા રહી હૈ' બસ, હવે ડૉક્ટર આવી એકવાર બોલે કે 'સોરી' કે તુર્ત જ આપણે વીડિયો કેમેરાની જેમ ઉપાડી સ્મશાન તરફ રવાના. આપ સૌએ અઢી કલાક રાહ જોઈ પણ હવે અઢી મિનિટથી વધુ નઈ કાઢે એવું લાગે છે.'

'અરે તને જે લાગવું હોય એ લાગે સાલું, આ પહેલાં પણ બે વાર બધાએ કપાતા પગારે રજા લીધેલી ત્યારે પણ બાપુજી બચી ગયેલા' કોઈ બોલ્યુ.

'અરે, તમારી જેમ અમારો પરિવાર પણ રાહ જુવે છે કે ડોહો ઉપડે તો અમને અને બાપુજીને મુક્તિ મળે પણ ઈશ્વર પાસે આવા કેટલાય કેસ પેન્ડિંગમાં પડ્યા હોય.. બસ , માત્ર અઢી મિનિટનો ખેલ બાકી છે...'

'અરે ટોપા, તો મર્યા પછી બધાને બોલાવવા જોઇએને?'

'મારામાં બુદ્ધિ છે સાવ ખાલી નથી, પણ ડૉકટરે કીધું કે જેને બોલાવવા હોય એને બોલાવી લો એટલે...'

'અરે ડૉક્ટર તો કહે બાપુજી તારા છે કે ડૉકટરના? આ પહેલાં પણ બે વાર..' બધા એકસાથે બોલ્યા

'અરે, એ બા વખતની વાત છે તમે ફરી એ વાત..'

ત્યાં રમણલાલ બોલ્યા 'ડોહો સાવ કાઢી નાખવા જેવો નહતો પણ સાલુ જેની ખબર કાઢવા આવ્યા એને જ કાઢી જવા પડશે એની ખબર જ ન પડી.'

'તો હજી પણ ક્યાં પડી છે, કોને કાઢવાના છે?' અચાનક બારણામાંથી બાપુજી પોતે જ બહાર આવી બોલ્યા :


'આટલા બધા ધોળાં કપડામાં... કોણ મરી ગયું?'

બધા ડઘાઈ ગયા પણ કોઈ બોલ્યું : 'તમે' પણ આખો મામલો શાંત પડી ગયો ને બાપુજી બોલ્યા 'ગભરાઓ નહી. હું એટલું જ કહેવા રોકાયો છું કે

'રખ્ખા કરો નજદીકિયા જિંદગીકા ભરોસા નહિ ફિર કહોગે ચુપચાપ ચલેં ગયે ઓર હમે બતાયા ભી નહી!'

શું કહો છો? ■

# પ્રકરણ-૧




'હે ભગવાન! શૉર્ટ કટના ચક્કરમાં નરકના માર્ગ પર આવી ગયો!'

કાર ડ્રાઈવ કરનારા સોહમ મામતોરાની નજર અંધારિયા રસ્તા પર હતી, પણ મગજમાં દોડતા વિચિત્ર અને ડરામણા વિચારોને કારણે તેનું ધ્યાન વારંવાર ભટકી રહ્યું હતું. કાર ચલાવવામાં તે એકાગ્રતા જાળવી શકતો નહોતો.

પત્ની જિજ્ઞાની સૂચના તેને યાદ આવી ગઈ: 'થોડું મોડું થશે તો ચાલશે, પણ જેવીએલઆરથી આવજો!'

સોહમ જાણતો હતો કે પત્નીની આ સૂચનામાં ભારોભાર ચિંતા હતી, પણ ઘરે પહોંચવાની ઉતાવળમાં તેણે પત્નીની વાતને અવગણી હતી.

અંધેરી નજીકના મરોલ પરિસરમાં આવેલી સેવન હિલ્સ હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ મિત્રના ખબરઅંતર જાણવા ગયેલા સોહમને ખાસ્સું મોડું થઈ ગયું હતું. જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ (જેવીએલઆર) પરના ટ્રાફિકની સ્થિતિ જાણવા તેણે ગૂગલ મેપમાં નજર કરી. મેટ્રો ટ્રેન માટેના પિલર પર ગર્ડર ગોઠવવાના કામને કારણે ભારે ટ્રાફિકજામ હોવાનું મેપમાં દર્શાવાયું હતું. એટલે સોહમે મનમાં ભય છતાં આરે કૉલોનીના માર્ગે જવાની હિંમત કરી હતી અને એ વાતની જાણ પત્નીને કરવાનું જાણીજોઈને તેણે ટાળ્યું હતું.

સોહમની કાર આરેના જંગલમાં દિનકર રાવ દેસાઈ રોડ પર પિકનિક પૉઈન્ટથી આગળ વધી રહી હતી. ગાઢ જંગલમાંથી ગોરેગામ તરફ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પહોંચવા માટેનો આ એકમાત્ર મુખ્ય માર્ગ.

સોહમે કાંડાઘડિયાળમાં જોયું: 'બાર વાગીને ચાલીસ મિનિટ...'

જંગલમાં છૂટાં ફરતાં હિંસક પ્રાણીઓ અને રાતના સમયે દેખાતાં ભૂત-પિશાચની વાતો સોહમને યાદ આવવા લાગી.

'ગીચ જંગલ વચ્ચેના સૂમસામ માર્ગ પર એકલી ફરતી સફેદ સાડીવાળી સ્ત્રી... વાહન રોકી લિફ્ટ માગે... પછી એકાએક ગાયબ! ક્યારેક બાળકના રડવાનો અવાજ પણ સંભળાય...' વિચાર માત્રથી ઍરકન્ડિશન્ડ કારમાં પણ તેના કપાળ પર પ્રસ્વેદનાં બિંદુ ફૂટી નીકળ્યાં. હાથ આછા ભીના થવા લાગ્યા અને ડરથી પગ ધ્રુજારી અનુભવવા લાગ્યા. એક્સિલરેટર પરના પગે સાથ આપવાનું બંધ કર્યું હોય તેમ સોહમ કારની ગતિ વધારી શકતો નહોતો. તેણે સ્ટિયરિંગ પરની પકડ વધુ મજબૂત કરી.

કારમાં હવે તેને ગૂંગળામણનો અનુભવ થવા લાગ્યો. મન બીજે વાળવા પત્નીને ફોન કરવાનું વિચાર્યું. કાર ડ્રાઈવ કરતાં કરતાં કૉલ કરવા માટે તેણે મોબાઈલ હાથમાં લીધો, પણ નેટવર્ક નહોતું.

'જંગલ પરિસરમાં મોબાઈલ નેટવર્કના ધાંધિયા હોવા સ્વાભાવિક છે.' તેણે વિચાર્યું.

તેણે બે વાર મોબાઈલ પર નજર ફેરવી. 'આ સાલું નેટવર્ક...' બબડી ગુસ્સામાં ફોન બાજુની સીટ પર ફેંક્યો અને ખુલ્લી હવામાં શ્વાસ લેવા દરવાજાનો કાચ નીચે કર્યો. કાર હવે પમ્પ હાઉસ પસાર કરી ચૂકી હતી.

'શહેરમાં આવેલી આ વનરાજી દિવસે જેટલી રળિયામણી લાગે રાતે એટલી જ બિહામણી.' સોહમની નજર કાર બહારના દૃશ્ય પર હતી.

રસ્તાની બન્ને બાજુ અંધકાર છવાયેલો હતો. કંઈ પણ સ્પષ્ટ જોવું મુશ્કેલ હતું. અંધારાનો અજગર કાર સાથે જ તેને ઓહિયાં કરી જશે, એવા ખયાલથી ભયનું લખલખું તેના શરીરમાંથી પસાર થયું અને બ્રેક પરના પગનું દબાણ વધ્યું. એકાએક બ્રેક મારવાને કારણે ટાયર ઘસાવાનો અવાજ આવ્યો. આ અવાજ તેને સ્ત્રીની ચીસ જેવો લાગ્યો... અચાનક હૃદયના ધબકારા વધવા લાગ્યા અને શ્વાસની ગતિ વધી. તેણે તરત ગિયર બદલીને એક્સિલરેટર દબાવ્યું. ઝાટકા સાથે કાર આગળ વધી.

આગળ રસ્તા પર એકલદોકલ વાહન પસાર થતાં હતાં. સોહમે કારના રિઅર વ્યૂ મિરરમાં જોયું. પાછળ એકેય વાહન નહોતું. તેણે કારની સ્પીડ વધારવાનો પ્રયાસ કરવા ફરી ગિયર બદલ્યું.

કાર આરેના યુનિટ-૧૬ નજીક પહોંચી ત્યારે એકાએક મોબાઈલ રણક્યો. નેટવર્કની રેન્જમાં આવતાં ફોન કનેક્ટ થયો હતો. ધ્રૂજતા હાથે સોહમે મોબાઈલ હાથમાં લીધો. કૉલ જિજ્ઞાએ કર્યો હતો. કૉલ રિસીવ કરતી વખતે સોહમે સામે જોતાં જ કારની આગળ એક પડછાયો દેખાયો.

ચોંકી ઊઠેલા સોહમના મોંમાંથી શબ્દો સરી પડ્યા: 'એએએ... કોણ છે?' ભયથી કાંપતાં તે બોલી ઊઠ્યો: 'ભૂભૂભૂત...'

હવે આંખો પહોળી થવાની સાથે સોહમ જાણે શ્વાસ લેવાનું ચૂક્યો. ભયના માર્યા એક્સિલરેટર પરનો પગ પૂરી તાકાતથી દબાયો એટલે કાર બેફામ બની. એ જ ઘડીએ હાથમાંથી છટકીને પગ પાસે પટકાયેલો મોબાઈલ બંધ થઈ ગયો અને સોહમે કાર પરનો કાબૂ ગુમાવવા માંડ્યો. ડરથી હાથ-પગ-મગજ વચ્ચેનું કો-ઑર્ડિનેશન જાણે તૂટ્યું. વનીચા પાડા ક્રોસ રોડની આગળ જઈ કાર મુખ્ય રસ્તા પરથી નીચે ઊતરીને ઝાડીઝાંખરાં વચ્ચે ઘૂસી. પાછળ કોઈ વાહન ન હોવાથી આ ઘટનાને જોનારું અને પોલીસને જાણ કરનારું પણ કોઈ નહોતું...

* * *

'દારૂ ઢીંચીને કાર ચલાવતો હશે... અરે, ના... ના... ભૂત જોયું હશે એટલે ડરથી મરી ગયો... ભટકતો આત્મા એનો જીવ લઈ ગયો... આ કંઈ પહેલો શિકાર નથી... આવું વારેઘડીએ બને છે... કલેજું કઠણ ન હોય તો રાતે જંગલથી પસાર શું કામ થાય છે આ લોકો?'

આરેમાં કોઈ ઘટના બને કે કોઈનું અકાળે મૃત્યુ થાય તો રહેવાસીઓમાં સૌપ્રથમ આવી જ ચર્ચાઓ ફૂટી નીકળે. મોબાઈલ પર વાત કરતી વખતે પત્ની જિજ્ઞાને સોહમના અસ્પષ્ટ શબ્દો સંભળાયા પછી કૉલ કટ થઈ ગયો હતો. બેચેન જિજ્ઞાએ પછી સોહમના મોબાઈલ પર વારંવાર કૉલ કર્યા હતા, પરંતુ નેટવર્કની સમસ્યાને કારણે સંપર્ક થઈ શક્યો નહોતો.

સોહમ છેલ્લે 'ભૂત...' બોલ્યો હોવાનું જિજ્ઞાને ફોન પર સંભળાયું હતું એટલે તેને અણસાર આવી ગયો હતો કે સોહમ આરેના માર્ગે નીકળ્યો હશે... પણ કૉલ કટ થયા પછી તેણે ફરી ફોન કેમ ન કર્યો? શું થયું હશે? કોઈ મુસીબતમાં તો નથી ફસાયોને? એવા બિહામણા વિચારો તેના મનમાં આવતા હતા. વિચારોની ગડમથલમાં જિજ્ઞાએ થોડો સમય ઉચાટ જીવે વિતાવ્યો. આખરે ધીરજ ખૂટતાં તેણે પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ કરી મદદ માગી હતી.

પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી વાયરલેસ મશીન પર મેસેજ ફરવા લાગ્યો, પણ પોલીસ કોઈ ઍક્શન લે તે પહેલાં આછા ઉજાસમાં પણ એક બાઈકસવારની નજર ઝાડીઝાંખરાં વચ્ચે ફસાયેલી કાર પર પડી અને તેણે પોલીસને જાણ કરી હતી.

> **શહેરમાં આવેલી આ વનરાજી દિવસે જેટલી રળિયામણી લાગે રાતે એટલી જ બિહામણી. રસ્તાની બન્ને બાજુ અંધકાર હતો. અંધારાનો અજગર કાર સાથે જ તેને ઓહિયાં કરી જશે એવા ખયાલથી ભયનું લખલખું તેના શરીરમાંથી પસાર થઈ ગયું અને...**

મેસેજ મળતાં જ સબ-ઈન્સ્પેક્ટર બંડગરના નેતૃત્વમાં આરે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હંમેશ મુજબ લાશ મળ્યાની વાત ફેલાતાં ગામવાસીઓ અને જંગલમાંથી પસાર થનારાઓ જમા થઈ ગયા અને ભૂત-પિશાચની ચર્ચા કરવા લાગ્યા હતા.

'રાતનો સમય ભૂતોનો ગણાય... એ કાળમાં જંગલમાંથી પસાર શા માટે થવાનું? ભરજુવાનીમાં જ ભૂતે ભોગ લીધો.'

ઘટનાસ્થળે એકઠા થયેલા ગામવાસીઓનાં આવાં વાક્યો સાંભળી આરે પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરનું મગજ છટક્યું. તેણે કોન્સ્ટેબલ નામદેવ દળવીને આદેશ આપ્યો: 'દળવી, બધાને અહીંથી દૂર ખસેડ અને પંચનામાની તૈયારી કર.'

આરેના જંગલમાં કોઈ વ્યક્તિનું શબ મળે એટલે ત્યાંથી પસાર થનારા અને સ્થાનિક રહેવાસીઓમાં ભૂત-પિશાચની વાતો ચર્ચાવા લાગે. આરે પોલીસ સ્ટેશનના અધિકારી-કર્મચારીઓ માટે આ નવાઈની વાત નહોતી, પણ મડદા નજીક ઊભા રહીને આવી ધડ-માથા વિનાની વાતો કરનારાઓનાં મોં બંધ થતાં નહોતાં એટલે બંડગરે નાછૂટકે આકરા બનવું પડ્યું.

'ચ્યા માયલા એ... કાય તમાશા લાવલાય...' લાકડી જમીન પર પછાડી દળવીએ કરડાકીભર્યા અવાજે કહ્યું: 'નીકળો અહીંથી. કોઈ કામ નથી કે? પોલીસને તેમનું કામ કરવા દો!'

દળવીના બદલાયેલા હાવભાવ જોઈ લોકો વીખેરાવા લાગ્યા. આમ તો દળવી મૃદુભાષી હતો અને નાગરિકો સાથે હળીભળી જતો, પણ આવી સ્થિતિમાં સંજોગો અનુસાર વર્તનમાં બદલાવ જરૂરી હોય છે.

સામાન્ય પોલીસ કર્મચારીઓ કરતાં દળવી કદે પાતળો હતો, જેને કારણે શારીરિક બાંધા કરતાં તેની મૂછ જાડી દેખાતી હતી. તેની યાદશક્તિ ઘણી જ તેજ હતી.

અકસ્માતગ્રસ્ત કારમાંથી મળેલા દસ્તાવેજો પરથી મૃતદેહ સોહમ મામતોરાનો હોવાની ખાતરી થઈ એટલે પોલીસે તેની પત્ની જિજ્ઞાને માહિતી આપી હતી. જરૂરી કાર્યવાહી કરી શબ પોસ્ટમોર્ટમ માટે કૂપર હૉસ્પિટલમાં મોકલી ટીમ પાછી પોલીસ સ્ટેશને પહોંચી.

'ચ્યા માયલા... રવિવારી પન આરામ નાહીં!' રજાના દિવસે ડ્યૂટી પર આવવું પડ્યું એની દળવીને દાઝ હતી.

'આજે ડ્યૂટી પર?' કોન્સ્ટેબલ સૂરજે લુચ્ચા હાસ્ય સાથે અમસ્તા દળવીને પ્રશ્ન કર્યો.

'અરે યાર! સાહેબ આવ્યા એટલે મારે આવવું પડ્યું!'

આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડનો ઑર્ડરલી અને વિશ્વાસુ કોન્સ્ટેબલ હતો દળવી. કોઈ પણ ઘટના બને ત્યારે ગાયકવાડ સાથે દળવીએ પણ દોડી જવું પડતું. છેલ્લાં પાંચ વર્ષથી તેની ડ્યૂટી આરે પોલીસ સ્ટેશનમાં હતી એટલે આરેનાં લગભગ દરેક યુનિટના આગેવાનો તેને ઓળખતા. આરેના જંગલ પરિસરમાં અલગ અલગ ઠેકાણે લોકવસતિ છે. આ મહોલ્લા-ફળિયાને પાડા તરીકે ઓળખવામાં આવે છે.

'ચાલ, ચા-નાસ્તો કરીએ.' દળવી અને સૂરજ પોલીસ સ્ટેશનનાં પગથિયાં ઊતરી રસ્તાની સામેની દિશામાં આવેલા આરે સરીતાના સ્ટૉલ તરફ આગળ વધ્યા.

'ન રજાનાં ઠેકાણાં કે ન તો સૂવા-ખાવાનાં... આ નોકરી હવે આફત લાગવા લાગી છે!'

રસ્તો ઓળંગતાં દળવીએ સૂરજ સામે બળાપો ઠાલવ્યો, પણ એ નહોતો જાણતો કે અણધારી મોટી આફત આસમાનથી આવવાની તૈયારીમાં હતી અને એ ઘટના પછી માત્ર આરે નહીં, દેશઆખો હચમચી ઊઠવાનો હતો...

* * *

વિલેપાર્લેના પવનહંસથી મુંબઈ દર્શન માટે ઊડેલું હેલિકૉપ્ટર દક્ષિણ મુંબઈના આકાશમાં આંટો મારીને ગોરાઈ બીચની દિશામાં જઈ રહ્યું હતું. હેલિકૉપ્ટર પવઈ નજીક પહોંચ્યું ત્યારે પાઈલટને તેમાં ખામી જણાઈ. એન્જિન યોગ્ય રીતે કામ કરતું ન હોવાનું પાઈલટને લાગ્યું. પાઈલટ અને હેલિકૉપ્ટરમાં હાજર ટેક્નિશિયનના પ્રયત્નો છતાં હેલિકૉપ્ટરમાં કોઈ સુધાર ન થયો.

આખરે પાઈલટે ઍર ટ્રાફિક કન્ટ્રોલ (એટીસી)ને હેલિકૉપ્ટરની સ્થિતિ અંગે જાણ કરી મદદ માગી. ઍરપોર્ટ પર આવતાં વિમાનો કે હેલિકૉપ્ટરના ઉડ્ડયન અને ઉતરાણનું સંચાલન કરવું, તેમના વ્યવહારનું નિયમન કરવું અને કટોકટીના સમયે પૂરતી મદદ કરવાની કામગીરી આ એટીસીમાં હાજર અધિકારી-નિષ્ણાતો બજાવતા હોય છે.

એટીસીએ આપેલી સૂચનાનું પાલન કરવા છતાં હેલિકૉપ્ટરને કાબૂમાં રાખવું મુશ્કેલ બનવા લાગ્યું અને ગણતરીની સેકન્ડોમાં જ તે હાલકડોલક થવા લાગ્યું.

'હેલિકૉપ્ટર કોઈ પણ ઘડીએ ક્રેશ થઈ શકે છે...' પાઈલટે એટીસીના અધિકારીને માહિતી આપી: 'હેલિપેડ સુધી પહોંચવું અશક્ય છે.'

શહેરી પરિસર પરથી પસાર થવું જોખમી હોવાથી પાઈલટે સમયસૂચકતા વાપરી હેલિકૉપ્ટરને જંગલ તરફ વાળવાનું મુનાસિબ માન્યું. પવઈને અડીને આવેલા આરે કૉલોનીના જંગલ પર હેલિકૉપ્ટર પહોંચ્યું ત્યાં સુધીમાં તો એટીસી સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. એટીસીના નિષ્ણાતો માર્ગદર્શન આપી શકે એમ નહોતા. ગીચ જંગલ પર પહોંચી હેલિકૉપ્ટર ચકરાવા લેવા માંડ્યું... પછી એકાએક સંતુલન ગુમાવી હેલિકૉપ્ટર આરેની વનરાજીમાં અદૃશ્ય થઈ ગયું... (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ફકરો | CAREFREE |
| ફક્ત | FIASCO |
| ફક્કડ | ONLY |
| ફજેતી | ALUM |
| ફટકડી | PARAGRAPH |

### ઓળખાણ પડી?



નૃત્ય અને મહોરાના ઉત્સવ રૂપે લદાખમાં ઉજવાતો સાંસ્કૃતિક પરંપરાનો તહેવાર કયા નામે જાણીતો છે એની ઓળખાણ પડી?

અ) પોંગલ ઉત્સવ બ) લોહરી ઉત્સવ ક) આરણપીટ ઉત્સવ ડ) હેમિસ મહોત્સવ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ સ | ર્જ | ૩ ન | ■ | ૪ અ | નુ | ૫ સ | ર્જ | ન |
| ૬ ગ | મા | ■ | ૭ કા | ય | મ | ■ | જ | ■ | ■ |
| ૮ ત | સ | ૯ વી | ર | ■ | ૧૦ ર | ૧૧ ઝ | ળ | ૧૨ પા | ૧૩ ટ |
| વા | ■ | રાં | ■ | ૧૪ સ | ફ | ર | ■ | ૧૪-અ પા | કો |
| ર | ■ | ગ | ■ | ૧૫ ક | ળ | ણ | ■ | ચા | ■ |
| ■ | ૧૬ સે | ના | ૧૭ દ | ળ | ■ | ■ | ૧૮ ગો | ર | ૧૯ સ |
| ૨૦ ધ | ર | ■ | સ | ■ | ૨૧ અ | પા | ર | ■ | ચ |
| ૨૨ ર | વી | ૨૩ પા | ક | ■ | વા | ■ | ૨૪ જ | ૨૫ બ | રા |
| ખ | ■ | ર | ■ | ૨૬ બ | ચ | ૨૭ વા | ■ | ૨૮ ના | ચ |
| ૨૯ મ | હા | સ | ત્તા | ■ | ૩૦ ક | રિ | યા | વ | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | |
| | ■ | ૭ | | ■ | ૮ | | | ■ | ■ |
| | ■ | ■ | ૯ | | ■ | ૧૦ | | | ■ |
| ■ | ૧૧ | | | ■ | ૧૨ | | | ■ | ૧૩ |
| ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | | ■ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | ૨૨ | | |
| | ■ | ૨૩ | | ■ | ■ | ૨૪ | | ■ | |
| ■ | ૨૫ | | | | ૨૬ | | ■ | ૨૭ | ■ |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

**આડી ચાવી**

૧. ---- માં બધા કાગવાસ નાખે (૪)
૪. શ્રાદ્ધ પક્ષમાં બધા --- કરે (૫)
૭. ગમવું તે (૨)
૮. ચોખ્ખું --- એટલે સાફ (૩)
૯. સ્મરણ (૨)
૧૦. ઊલટી કરવી તે (૩)
૧૧. રાવણનો મામો (૩)
૧૨. સૂગ કે અણગમાની કંપારી (૩)
૧૪. પંકાયેલું, કીર્તિ (૨)
૧૫. કહેવા ખાતર, કહેવા પૂરતું (૩)
૧૭. સ્થિતિ, દશા, પાયરી (૩)
૧૮. કંઇક (જો. છૂ.) (૩)
૧૯. ડાબું (૨)
૨૦. સ્ત્રી (૨)
૨૧. 'સરકવું'નું આજ્ઞાર્થ (૩)
૨૨. રામની રાજધાની (૩)
૨૩. સીધા (૨)
૨૪. ચિત્ત તું શીદને ચિંતા --- (૨)
૨૫. મહેસૂલ, સરકારનો કાયદો (૬)
૨૮. એક શાક (૪)
૨૯. આંખ મટકાવી વાત કરવી (૫)

**ઊભી ચાવી**

૧. ગોકુલાષ્ટમી --- માસમાં આવે (૩)
૨. કોઇના --- પકડવા નહીં (૨)
૩. માફી માગવી તે (૫)
૪. ક્રિકેટમાં --- મહત્ત્વની હોય (૨)
૫. ઘાસના તણખલા બરાબર (૪)
૬. એક જાતનાં બિયાં, ઔષધિ (૫)
૧૧. સમૃદ્ધ (૪)
૧૨. રેશમી કપડું (૪)
૧૩. શ્રાવણમાં બધા --- વધારે કરે (૩,૨)
૧૪. જાણીતું, પ્રખ્યાત (૪)
૧૬. એક રાશિ (૩)
૧૯. ફૂલનો પવન મારે લોચન --- (૨)
૨૧. હંમેશાં (૪)
૨૨. આશ્ચર્યોદગાર (૨)
૨૩. 'સારવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૪. ખોપરી (૩)
૨૫. સાહેબ (૨)
૨૬. પ્રભુનું---એટલે તીર્થ (૨)
૨૭. નર્યું, તદ્દન (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'હૈયામાં જો હોય હામ, તો હર મુશ્કિલ આસાન' પંક્તિમાં 'હામ' શબ્દનો અર્થ જણાવો.

અ) શ્વાસ બ) હિંમત ક) ધીરજ ડ) ઉત્સાહ

### માતૃભાષાની મહેક

જે જાય બંદર તે લાવે સોના પંદર. સોના એટલે સોનામહોર. રહેણાંક સ્થળે કમાણી કરવાની તક જૂજ હતી એ સમયમાં સાહસિક વૃત્તિ ધરાવતા લોકો બે પાંદડે થવા વહાણવટું કરતા. મતલબ કે વહાણમાં બેસીને પરદેશ જતા. આવા લોકો સારું રળી લેતા અને સોનામહોર ભેગી કરતા. એના પરથી આ પંક્તિ કહેવત બની ગઈ.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ONEIROLOGY નો અભ્યાસ કરે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ગણિત બ) સપનાં ક) સંખ્યા ડ) ક્રિયા

### ઈર્શાદ

*અહીં તરસ પણ વધી ઝાંઝવાં પણ વધ્યાં,*
*ચાલ એ બ્હાને રણમાંય વસ્તી તો થઈ.*

*મીરાંબાઈ*

### સુડોકુ-૯૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૩ | | ૪ | | | |
| ૬ | | ૯ | ૮ | | | | | |
| | | | ૬ | | | | | |
| | ૪ | ૧ | | | | | ૯ | ૩ |
| ૩ | | | | | | | | ૮ |
| ૫ | ૬ | | | | | ૧ | ૪ | |
| | | | | | ૧ | | | |
| | | | | | ૮ | ૩ | | ૭ |
| | | | ૪ | | ૯ | ૬ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૨ | ૯ | ૩ | ૭ | ૮ | ૫ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ |
| ૭ | ૮ | ૩ | ૧ | ૫ | ૪ | ૨ | ૯ | ૬ |
| ૫ | ૩ | ૪ | ૯ | ૬ | ૨ | ૮ | ૭ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૨ |
| ૮ | ૭ | ૨ | ૫ | ૩ | ૧ | ૬ | ૪ | ૯ |
| ૩ | ૫ | ૮ | ૪ | ૧ | ૬ | ૯ | ૨ | ૭ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ |

### માઈન્ડ ગેમ

પોસ્ટ ઓફિસ હવે લુપ્ત થઈ રહી છે. ભારતની સૌથી વધુ ઊંચાઈ પર સ્થિત પોસ્ટ ઓફિસ કયા સ્થળે છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) કલ્પા બ) મેક્ડોલગંજ ક) હિક્કિમ ડ) કૌમિક

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વકી | POSSIBILITY |
| વક્ર | BENT |
| વક્તા | ORATOR |
| વખ | POISON |
| વખાર | GODOWN |

ઓળખાણ પડી? ACACIA

ગુજરાત મોરી મોરી રે: કાદવ

ચતુર આપો જવાબ અર્થ જણાવો: પરવા

માઈન્ડ ગેમ: Aberdeen

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) હરીહર ભટ્ટ - ડલ્લાસ, યુએસએ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) અમીશી બંગાળી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) વિપીન શાહ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ સંઘવી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) હિનાબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) કિશોર સંઘરાજકા (૪૬) કમલ માતલિયા (૪૭) મહેશ દોશી (૪૮) અરવિંદ કામદાર

# એશિયા કપ ૨૦૨૫: આજે અફઘાનિસ્તાન સામે ટકરાશે હોંગકોંગ, રાશિદ ખાન પર રહેશે તમામની નજર

દુબઈ: એશિયા કપ ૨૦૨૫ની શરૂઆત અફઘાનિસ્તાન અને હોંગકોંગ વચ્ચેની મેચથી થશે. આ વખતે આ ટૂર્નામેન્ટ ટી-૨૦ ફોર્મેટમાં રમાશે. જો આપણે બંને ટીમોના રેકોર્ડ પર નજર કરીએ તો અફઘાનિસ્તાન હોંગકોંગ પર પ્રભુત્વ ધરાવે છે. બંને ટીમો વચ્ચે અત્યાર સુધી પાંચ ટી-૨૦ મેચ રમાઈ છે. અફઘાનિસ્તાને ત્રણ મેચ જીતી છે જ્યારે હોંગકોંગે ફક્ત બે મેચ જીતી છે. બંને ટીમો ટૂર્નામેન્ટમાં તેમના અભિયાનની શરૂઆત જીત સાથે કરવાનો લક્ષ્ય રાખશે.

આવી સ્થિતિમાં યાસીન મુર્તઝાની કેપ્ટનશિપ હેઠળની હોંગકોંગ ટીમ રાશિદ ખાનની કેપ્ટનશિપ હેઠળની અફઘાનિસ્તાન ટીમ સામે રેકોર્ડ સુધારવા પર નજર રાખશે. હોંગકોંગની ટીમ આ વખતે ટુર્નામેન્ટમાં વધુ સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. ટીમના ટોચના ક્રમના બેટ્સમેન પર મોટી જવાબદારી રહેશે. બાબર હયાત અને અંશુમાન રથ પર ઝડપી શરૂઆત આપવાની જવાબદારી રહેશે. મધ્યમ ક્રમમાં અનુભવી કિંચિન શાહ બેટિંગનો આધાર સાબિત થઈ શકે છે અને તેમને માર્ટિન કોટઝી અને ઝીશાન અલી જેવા બેટ્સમેન પાસેથી મદદની અપેક્ષા રહેશે. બોલિંગમાં નિઝાકત ખાન અને અહેસાન ખાન કેપ્ટન યાસીન મુર્તઝા સાથે સ્પિન સંભાળશે, જ્યારે મોહમ્મદ વાહિદ એકમાત્ર ઝડપી બોલર હશે.

અફઘાનની ટીમ ટૂર્નામેન્ટની શરૂઆત જીત સાથે કરવા માગશે. તાજેતરમાં પૂર્ણ થયેલી ત્રિકોણીય શ્રેણીમાં ટીમનું પ્રદર્શન મજબૂત રહ્યું હતું. રહેમાનુલ્લાહ ગુરબાઝ અને સિદિકુલ્લાહ અટલ અફઘાનિસ્તાન માટે ઓપનિંગ કરશે. બંને પાસેથી મજબૂત શરૂઆતની અપેક્ષા રાખવામાં આવશે. તાજેતરની શ્રેણીમાં ગુરબાઝ ફોર્મમાં ન હતો પરંતુ આ મેચમાં તે વાપસી કરવા માગશે. ઇબ્રાહિમ ઝદરાન, અઝમતુલ્લાહ ઉમરઝાઈ, કરીમ જનત અને ડાર્વિશ રસૂલી મિડલ ઓર્ડરમાં રમતા જોવા મળશે. ચારેય સારા ફોર્મમાં છે. બોલિંગમાં રાશિદ ખાન, નૂર અહેમદ, મુજીબ ઉર રહેમાન અને મોહમ્મદ નબી મહત્ત્વપૂર્ણ બોલર હશે જ્યારે ફઝલહક ફારૂકી એકમાત્ર નિષ્ણાત ફાસ્ટ બોલર હશે. ■

# ટ્રમ્પ ન્યૂ યોર્કમાં ટેરિફમાંથી બ્રેક લઈને ટેનિસ માણવા લાગ્યા!

## અમેરિકી પ્રમુખે મોંમાં ટેબ્લેટ રાખીને ફાઈનલ માણી: સિનરને હરાવી અલ્કરાઝ ફરી ચેમ્પિયન અને નંબર-વન

ન્યૂ યોર્ક: ભારત સહિત અનેક દેશો પર ટેરિફના વાર કરીને બદનામ થઈ ગયેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ફૂટબોલ અને રગ્બી ઉપરાંત ટેનિસની રમતનો પણ જબરો ક્રેઝ છે અને એની ઝલક તેમણે રવિવારે અહીં યુએસ ઓપન ફાઈનલ દરમ્યાન બતાવી હતી. ટ્રમ્પ અચાનક જ સ્પેનના કાર્લોસ અલ્કરાઝ અને ઈટલીના યાનિક સિનર વચ્ચેની ફાઇનલ જોવા આર્થર ઍશ સ્ટેડિયમમાં આવ્યા હતા.







### ચેમ્પિયન અલ્કરાઝ ફરી નંબર વન બન્યો

ફાઇનલમાં અલ્કરાઝે સિનરને ૬-૨, ૩-૬, ૬-૧, ૬-૪થી હરાવી દીધો હતો. બાવીસ વર્ષના અલ્કરાઝે બીજી વખત યુએસ ઓપનનું સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું છે. આ તેનું કુલ છઠ્ઠું ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ છે. આ પહેલાં તે ૨૦૨૨માં ૧૯ વર્ષની ઉંમરે આ ટાઈટલ જીત્યો હતો. અલ્કરાઝે સિનરને માત આપીને તેના કબજામાંથી નંબર-વનની રેન્ક પણ આંચકી લીધી છે. સિનર એક વર્ષથી ટેનિસમાં નંબર વન હતો.

### ટ્રમ્પના દાંત વચ્ચે ટેબ્લેટ

વિશ્વના બંને ટોચના ટેનિસ ખેલાડીઓ વચ્ચેની રોમાંચક ફાઈનલ દરમ્યાન વીવીઆઈપી સ્ટેન્ડમાં બેઠેલા ૭૯ વર્ષના ડોનલ્ડ ટ્રમ્પના મોંમાં એક તબક્કે દવાની ગોળી જોવા મળી હતી. તેઓ થોડી વાર સુધી દાંતની વચ્ચે એ ગોળી રાખીને બેઠા હતા. આંદ્રેસ કુડેકી નામના ટેનિસપ્રેમીએ ટ્રમ્પનો આ ફોટો પાડ્યો હતો અને આ ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

### ટ્રમ્પના દાંત વચ્ચેની ગોળી વિશે અટકળો

ટ્રમ્પે દાંત વચ્ચે ભરાવેલી આ ગોળી કઈ બીમારીની હતી એની ચર્ચા થવા લાગી છે. વાઈટ હાઉસમાંથી મળેલી જાણકારી મુજબ ટ્રમ્પ એસ્પીરિન લેતા હોય છે એટલે આ ગોળી એ જ હશે. કેટલાકના મતે ટ્રમ્પના મોંમાં જે ગોળી હતી એ પિપરમીન્ટ હશે. કેટલાકનું માનવું છે કે એ સુગર ફ્રી મીન્ટ હશે.

ટ્રમ્પનું ન્યૂ યોર્કના સ્ટેડિયમમાં આગમન થવાનું હતું એ અરસામાં ફાઈનલ ૩૦ મિનિટ મોડી શરૂ કરવામાં આવી હતી. ■

# વર્સ્ટેપ્પન ઇટાલિયન ગ્રાં પ્રિમાં શૂમાકરનો વિશ્વ વિક્રમ તોડીને ચૅમ્પિયન

મૉન્ઝોઃ રવિવારે એફ-વનની ઇટાલિયન ગ્રાં પ્રિ કાર રેસ યોજાઈ હતી જેમાં મૅક્સ વર્સ્ટેપ્પને વિશ્વ વિક્રમ સાથે વિજય મેળવ્યો હતો. વર્સ્ટેપ્પને ૧:૧૩.૨૩ના ટાઇમિંગ સાથે જર્મનીના માઇકલ શૂમાકરનો ફાસ્ટેસ્ટ-શૉર્ટેસ્ટ એફ-વન રેસનો વિશ્વ વિક્રમ તોડી નાખ્યો હતો.

લૅન્ડો નૉરિસ બીજા સ્થાને રહ્યો હતો. તે વર્સ્ટેપ્પનથી ફક્ત ૨૦ સેકન્ડના અંતરે રહી ગયો હતો અને બીજું સ્થાન મેળવ્યું હતું. ઑસ્કર પીઍસ્ટ્રી ત્રીજા નંબરે આવ્યો હતો. ■

# સેન્ટ્રલ ઝોનની ટીમમાં કરાયા ચાર ફેરફાર, દુલીપ ટ્રોફીની ફાઈનલમાં સાઉથ ઝોન સામે ટકરાશે

મુંબઈ: સેન્ટ્રલ ઝોને દક્ષિણ ઝોન સામેની દુલીપ ટ્રોફી ફાઇનલ માટે ટીમમાં ચાર ફેરફાર કર્યા છે, જેમાં વિદર્ભના ફાસ્ટ બોલર નચિકેત ભૂટે અને મધ્યપ્રદેશના કુમાર કાર્તિકેય સિંહને સામેલ કરાયા છે.

ભૂટે તેના વિદર્ભના પોતાના સાથી ખેલાડી યશ ઠાકુરનું સ્થાન લેશે જ્યારે હર્ષ દુબેના સ્થાને ડાબોડી સ્પિનર કાર્તિકેયની પસંદગી કરવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોનના પસંદગીકારોએ ખલીલ અહેમદ અને માનવ સુથારના સ્થાન પર મધ્યપ્રદેશના જમણા હાથના ફાસ્ટ બોલર કુલદીપ સેન અને રાજસ્થાનના ડાબોડી સ્પિનર અજય સિંહ કુકનાનો સમાવેશ કર્યો છે. ઠાકુર, દુબે, ખલીલ અને સુથારને ઇન્ડિયા એ ટીમમાં સામેલ કર્યા બાદ ટીમમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી.

ઈન્ડિયા-એ ટીમ લખનઉમાં ઓસ્ટ્રેલિયા-એ સામે બે ચાર દિવસીય મેચ રમશે જે ૧૬ થી ૧૯ સપ્ટેમ્બર અને ૨૩ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન રમાશે. સેન્ટ્રલ ઝોનની ટીમ ૧૧ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ ગ્રાઉન્ડ પર પાંચ દિવસીય દુલીપ ટ્રોફી ફાઇનલમાં દક્ષિણ ઝોનનો સામનો કરશે.

બંને ટીમોએ તેમના સેમિફાઇનલ મેચ ડ્રો કર્યા અને પ્રથમ ઇનિંગની લીડના આધારે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સેન્ટ્રલ ઝોને પશ્ચિમ ઝોન સામે મેચ ડ્રો મેચ રમી હતી જ્યારે દક્ષિણ ઝોન અને ઉત્તર ઝોન વચ્ચેની સેમિફાઇનલ પણ ડ્રોમાં સમાપ્ત થઈ હતી.

### સેન્ટ્રલ ઝોન ટીમ

રજત પાટીદાર (કેપ્ટન), આયુષ પાંડે, દાનિશ માલેવાર, શુભમ શર્મા, સંચિત દેસાઈ, યશ રાઠોડ, નચિકેત ભૂટે, કુમાર કાર્તિકેય સિંહ, આદિત્ય ઠાકરે, ઉપેન્દ્ર યાદવ, અજય સિંહ કુકના, અક્ષય વાડકર, દીપક ચહર, કુલદીપ સેન અને સારંશ જૈન. ■

# મનપ્રીત સિંહે એશિયા કપમાં ભારતની જીતને પંજાબના પૂર પીડિતોને કરી સમર્પિત

રાજગીર (બિહાર): અનુભવી મિડફિલ્ડર મનપ્રીત સિંહે ભારતીય પુરુષ હોકી ટીમની એશિયા કપ ટાઇટલની જીત તેના ગૃહ રાજ્ય પંજાબમાં આવેલા વિનાશક પૂરના પીડિતોને સમર્પિત કરી હતી.

મીઠાપુર ગામમાં ખેડૂત પરિવારમાં જન્મેલા ૩૩ વર્ષીય ખેલાડીએ એશિયા કપમાં ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના કારણે ટીમને આવતા વર્ષે બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં યોજાનાર એફઆઇએચ વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ મળ્યો હતો.

રવિવારે જીત બાદ ઓલિમ્પિક મેડલ વિજેતા મનપ્રીતે કહ્યું હતું કે, ''હું આ જીત પંજાબના લોકોને સમર્પિત કરવા માંગુ છું, જેઓ સંપૂર્ણ હિંમત અને દૃઢ નિશ્ચય સાથે વિનાશક પૂરનો સામનો કરી રહ્યા છે.''

ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું હતું કે, ''આ વિજય દરેક પીડિત માટે છે જે પોતાનું જીવન પાટા પર લાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આ વિજય તે નિઃસ્વાર્થ સ્વયંસેવકો માટે પણ છે જે જરૂરિયાતમંદોને બચાવવા, મદદ કરવા અને પુનર્વસન કરવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. તમારો જુસ્સો અમારી સાચી પ્રેરણા છે.''

પંજાબના અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે પૂરને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ૧.૭૬ લાખ હેક્ટર વિસ્તારમાં પાક નાશ પામ્યો છે. ■

# વર્લ્ડ આર્ચરી ચેમ્પિયનશિપ: ટીમ ગોલ્ડ બાદ ભારતીય પુરુષ ખેલાડીઓનું ખરાબ પ્રદર્શન, કમ્પાઉન્ડ ક્વાર્ટર ફાઈનલમાં હાર્યા

ગ્વાંગઝૂ : ભારતની ગોલ્ડ મેડલ વિજેતા કમ્પાઉન્ડ ટીમના સભ્યો ઋષભ યાદવ, અમન સૈની અને પ્રથમેશ ફુગે વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં પુરુષોની કમ્પાઉન્ડ વ્યક્તિગત ક્વાર્ટર ફાઇનલમાં હારીને બહાર થઈ ગયા. આ સાથે ભારત ભારત વિશ્વ ચેમ્પિયનશિપમાં પુરુષોની કમ્પાઉન્ડ કેટેગરીમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જાળવી રાખવામાં નિષ્ફળ ગયું છે. ઓજસ દેવતાલ ૨૦૨૩માં બર્લિનમાં વિશ્વ ચેમ્પિયન બન્યો હતો. આ વખતે ટ્રાયલ્સમાં કઠિન સ્પર્ધાને કારણે તે ભારતીય ટીમમાં સ્થાન મેળવી શક્યો ન હતો. મહિલા વ્યક્તિગત શ્રેણીની મેચો હજુ બાકી છે. પોતાના સારા પ્રદર્શનને ચાલુ રાખતા ત્રણેય ખેલાડીઓએ સોમવારે અહીં પુરુષોની કમ્પાઉન્ડ વ્યક્તિગત ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. એક દિવસ પહેલા આ ત્રણેય ખેલાડીઓએ દેશ માટે પ્રથમ ટીમ ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો હતો.

પુરુષોની કમ્પાઉન્ડ કેટેગરીમાં ૧૯મા ક્રમાંકિત અને સૌથી નીચલા રેન્કિંગ ધરાવતા ભારતીય ક્વોલિફાયર ફુગે દુનિયાના બીજા નંબરના ખેલાડી ડેન્માર્કના મથિયાસ ફુલેરટન સામે શૂટ-ઓફમાં ૧૪૮-૧૪૮ (૧૦-૯)થી હારી ગયો હતો. અગાઉ તેણે વિશ્વના પ્રથમ ક્રમાંકિત અને ૨૦૧૩ના વિશ્વ ચેમ્પિયન નેધરલેન્ડ્સના માઇક શ્લોસરને હરાવીને પોતાની કારકિર્દીનો સૌથી મોટો અપસેટ સર્જ્યો હતો. ૨૨ વર્ષીય ભારતીય તીરંદાજે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ૧૫૦માંથી ૧૫૦ પોઇન્ટ બનાવ્યા હતા. તેણે બધા ૧૫ તીરમાંથી ૧૦-૧૦ પોઇન્ટ બનાવ્યા હતા.

બંને તીરંદાજોએ પહેલા ત્રણ સેટમાં સંપૂર્ણ ૧૦ પોઇન્ટ બનાવ્યા હતા, પરંતુ શ્લોએસરે ચોથા સેટમાં એક પોઇન્ટ ગુમાવ્યો હતો. ફુગેએ અદ્ભૂત સંયમ બતાવ્યો અને મેચ જીતવા માટે તેની ૧૦-૧૦નો પોતાનો ક્રમ જાળવી રાખતા મેચ જીતી લીધી હતી. યાદવને ફ્રાન્સના વિશ્વ ચેમ્પિયન નિકોલસ ગિરાર્ડે ૧૪૬-૧૪૫થી હરાવ્યો હતો. રવિવારે ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતવા ઉપરાંત યાદવે જ્યોતિ સુરેખા વેન્નમ સાથે મિશ્ર ટીમ ઇવેન્ટમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો. તેણે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં એસ્ટોનિયાના રોબિન જાટમાને સરળતાથી ૧૪૮-૧૪૦થી હરાવ્યો હતો.

સૈનીનો અમેરિકાના કુર્ટિસ બ્રોડનેક્સે ૧૪૭-૧૪૪થી પરાજય કર્યો હતો. પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં પણ તેણે કઠિન પડકારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ શૂટ-ઓફમાં તેણે પોતાનું સંયમ જાળવી રાખ્યું હતું અને ફ્રાન્સના જીન ફિલિપ બાઉલ્ચને ૧૪૪-૧૪૩થી હરાવ્યો હતો. ■

# સાઉથ આફ્રિકાના બ્રીટઝકેએ કાઉન્ટી ટીમ પરથી પ્રેરણા લઈને સિદ્ધુનો વિશ્વવિક્રમ તોડ્યો

સાઉધમ્પ્ટન: સાઉથ આફ્રિકાનો નવો ઓપનર મેથ્યૂ બ્રીટઝકે ફેબ્રુઆરીમાં કરીઅરની પહેલી જ વન-ડે ઇન્ટરનેશનલમાં (ન્યૂ ઝીલેન્ડ સામે) સૌથી વધુ ૧૫૦ રન કરીને વર્લ્ડ રેકોર્ડ રચવા છતાં સાઉથ આફ્રિકાને જીતતું નહોતો જોઈ શક્યો, પરંતુ અહીં ઇંગ્લેન્ડના પ્રવાસમાં તે કારકિર્દીની પહેલી પાંચ વન-ડેમાં ૫૦-પ્લસ સ્કોરના અનોખા વિશ્વવિક્રમ સાથે સાઉથ આફ્રિકાને સિરીઝમાં (૨-૧થી) વિજય મેળવતું જોઈ શક્યો છે. બ્રીટઝકેએ કારકિર્દીની પહેલી પાંચ વન-ડેમાં ૫૦-પ્લસ સ્કોરના વિશ્વવિક્રમની સિદ્ધિ માટેનો શ્રેય ઇંગ્લેન્ડની નોર્ધમ્પ્ટનશર કાઉન્ટી ક્લબને આપ્યો છે.




### રવિ બોપારાની ઇનિંગ્સથી પ્રભાવિત

બ્રીટઝકે ટી-૨૦ બ્લાસ્ટ નામની ટૂર્નામેન્ટની છેલ્લી બે સીઝન રમ્યો છે જેમાં તેણે નોર્ધમ્પ્ટનશર વતી કુલ ૮૬૩ રન કર્યા છે. ત્રીજી સપ્ટેમ્બરે બ્રીટઝકે નોર્ધમ્પ્ટનશરની સરે સામેની મેચમાં નહોતો રમી શક્યો, પરંતુ એ મેચમાં નોર્ધમ્પ્ટનશરે રવિ બોપારાની સેન્ચુરી (અણનમ ૧૦૫, ૪૬ બોલ, પાંચ સિક્સર, બાર ફોર)ની મદદથી જે રીતે વિજય મેળવ્યો એના પરથી (ટીવી પર એ મેચ જોઈને) તેણે ચોથી સપ્ટેમ્બરે ઇંગ્લેન્ડ સામે સિરીઝની બીજી મેચમાં લાંબી ઇનિંગ્સ રમીને સતત પાંચમા ફિફ્ટી-પ્લસ સ્કોરનો નવો વર્લ્ડ રેકોર્ડ રચવા પ્રેરણા લીધી હતી. બ્રીટઝકે એ મેચમાં ૮૫ રન કરીને સિદ્ધુનો સતત ચાર હાફ સેન્ચુરીનો રેકોર્ડ તોડ્યો હતો.

### બ્રીટઝકેના પહેલી પાંચ વન-ડેના સ્કોર:

૨૬ વર્ષની ઉંમરના રાઈટ-હેન્ડ બેટ્સમેન અને વિકેટકીપર બ્રીટઝકેએ ફેબ્રુઆરી ૨૦૨૫માં વન-ડે ઇન્ટરનેશનલ (ઓડીઆઇ)માં ડેબ્યૂ કર્યું અને પહેલી પાંચ વન-ડેમાં તેના સ્કોર આ મુજબ રહ્યા: ૧૫૦, ૮૩, ૫૭, ૮૮ અને ૮૫ રન. રવિવારે કરીઅરની છઠ્ઠી વન-ડેમાં (ઇંગ્લેન્ડ સામે) તે ફક્ત ચાર રન કરીને આઉટ થઈ ગયો હતો. ઇંગ્લેન્ડે આ મેચ ૩૪૨ રનના વિક્રમજનક માર્જિનથી જીતી લીધી હતી.

### સિદ્ધુનો ચાર ફિફ્ટીનો વિક્રમ તોડ્યો

બ્રીટઝકેએ કરીઅરની પહેલી સતત પાંચ વન-ડેના ૫૦-પ્લસ સ્કોર સાથે નવજોત સિદ્ધુનો લાગલગાટ ચાર ફિફ્ટી-પ્લસનો ૩૮ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે. સિદ્ધુએ ૧૯૮૭ના વન-ડે વર્લ્ડ કપમાં સતત ચાર મેચમાં હાફ સેન્ચુરી ફટકારી હતી: ઑસ્ટ્રેલિયા સામે ૭૩ રન, ન્યૂ ઝીલેન્ડ સામે ૭૫ રન, ઑસ્ટ્રેલિયા સામે ૫૧ રન, ઝિમ્બાબ્વે સામે ૫૫ રન. ■

# સીપીએલની સૌથી નબળી ટીમને જોમ અપાવવા આવી ગયો વિશ્વનો સૌથી શક્તિશાળી પુરુષ!

કિંગસ્ટન: ૨૦૨૫ની સીઝનની કેરિબિયન પ્રીમિયર લીગ (સીપીએલ)માં રૉવમૅન પોવેલના સુકાનમાં રમી રહેલી બાર્બેડોઝ રૉયલ્સ (બીઆર) ટીમ તમામ છ ટીમમાં સૌથી નબળી હાલતમાં છે, પરંતુ વિશ્વના સૌથી શક્તિશાળી પુરુષ તરીકે ઓળખાતો માર્ક હેન્રી આ ટીમના ખેલાડીઓને મળવા આવ્યો એનાથી ખેલાડીઓને માનસિક દબાણમાંથી બહાર આવીને નવા જોમ સાથે રમવાની પ્રેરણા મળી છે.

### બાર્બેડોઝ ટીમના જાણીતા ખેલાડીઓ:

પોવેલની બાર્બેડોઝ ટીમના જાણીતા ખેલાડીઓમાં વિકેટકીપર-બૅટ્સમૅન ક્વિન્ટન ડિકૉક, બૅટ્સમૅન બ્રેન્ડન કિંગ, ઑલરાઉન્ડર શેરફેન રુધરફર્ડ, રૅસી વૅન ડર ડુસેન, અઝમતુલ્લા ઓમરઝાઈ, મુજીબ-ઉર-રહમાનનો સમાવેશ છે.

### કોણ છે શક્તિશાળી માર્ક હેન્રી?

માર્ક હેન્રી ૫૪ વર્ષનો છે. તે અમેરિકા વતી બે વખત ઑલિમ્પિકસમાં ભાગ લઈ ચૂક્યો છે, પાવરલિફ્ટિંગમાં ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન છે, વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઇનમેન્ટ (ડબ્લ્યૂડબ્લ્યૂઈ)માં પણ ભાગ લઈ ચૂક્યો છે તેમ જ ડબ્લ્યૂડબ્લ્યૂઈ હૉલ ઑફ ફેમમાં સ્થાન મેળવી ચૂક્યો છે. તે વિશ્વ સ્તરે તેમ જ વિવિધ ખંડની પાવરલિફ્ટિંગની હરીફાઈઓમાં કુલ ૧૪ ગોલ્ડ મેડલ જીતી ચૂક્યો છે. કાર ઊંચકવી માર્ક હેન્રી માટે સામાન્ય વાત છે.

૨૦૧૧ની સાલમાં અમેરિકન લશ્કરના એક મથક પર ભારેખમ ટૅન્કને ધક્કો મારીને તેણે અપ્રતિમ તાકાતનું પ્રદર્શન પણ કર્યું હતું. આર્નોલ્ડ શ્વાર્ઝેનેગર પછીના સૌથી સ્ટ્રૉન્ગ મૅન તરીકે માર્ક હેન્રીનું નામ લેવામાં આવે છે.

### બાર્બેડોઝ ટીમ કફોડી હાલતમાં

બાર્બેડોઝ રૉયલ્સ ટીમ વર્તમાન સીઝનમાં છમાંથી પાંચ મૅચ હારી છે અને એને એકમાત્ર પૉઇન્ટ અનિર્ણીત રહેલી મૅચ વખતે મળ્યો છે. ડેવિડ વિસના સુકાનમાં સેન્ટ લ્યૂસિયા કિંગ્સ ટીમ અને નિકોલસ પૂરનની કૅપ્ટન્સીમાં ટ્રિન્બૅગો નાઇટ રાઇડર્સ ટીમ હાલમાં સીપીએલમાં ૧૨-૧૨ પૉઇન્ટ સાથે મોખરે છે.

### હેન્રીનું ઇન્ડિયા કનેક્શન

ભૂતપૂર્વ સ્ટ્રૉન્ગેસ્ટ મૅન માર્ક હેન્રીએ રૉવમૅન પોવેલની ટીમની મુલાકાત લઈને ખેલાડીઓને કહ્યું, ' મેં ટીવી પર ક્રિકેટની અમુક મૅચો જોઈ છે. ખાસ કરીને હું ભારતમાં અને યુકેમાં હતો ત્યારે મેં ક્રિકેટની મૅચો ટીવી પર માણી હતી. આ મહાન રમતથી હું ખૂબ પ્રભાવિત થયો છું અને તમને સલાહ આપું છું કે તમે આવનારા દિવસોમાં પર્ફોર્મન્સ જરૂર સુધારી શકશો.' ■

# મોહમ્મદ સિરાજ આઇસીસી 'પ્લેયર ઓફ ધ મંથ' માટે થયો નોમિનેટ, આ દિગ્ગજો પણ રેસમાં સામેલ

દુબઈ: ભારતના ઝડપી બોલર મોહમ્મદ સિરાજને સોમવારે ઇંગ્લેન્ડ પ્રવાસની પાંચમી અને અંતિમ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન બદલ ઓગસ્ટ મહિના માટે આઇસીસીના 'સર્વશ્રેષ્ઠ ખેલાડી' એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યો હતો. આ યાદીમાં સિરાજ સાથે ન્યૂઝીલેન્ડના મેટ હેનરી અને વેસ્ટ ઇન્ડિઝના જેડન સીલ્સ પણ સામેલ છે.

સિરાજે ઇંગ્લેન્ડમાં પાંચ મેચની શ્રેણીની બધી મેચ રમી હતી અને ૨૩ વિકેટ લીધી હતી. જૂનના અંતમાં શરૂ થયેલી શ્રેણી ઓગસ્ટની શરૂઆતમાં સમાપ્ત થઈ હતી. સિરાજે પાંચેય ટેસ્ટમાં ૧૮૫.૩ ઓવર બોલિંગ કરી હતી અને યુવા અને ઓછા અનુભવી ભારતીય ટીમને ૨-૨થી ડ્રો કરવામાં મદદ કરી હતી.

આઇસીસીએ તેની વેબસાઇટ પર જણાવ્યું હતું કે, મોહમ્મદ સિરાજે ઓગસ્ટમાં ફક્ત એક જ મેચ રમી હતી, પરંતુ તે મેચમાં તેની શાનદાર બોલિંગ તેને નામાંકિત કરવા માટે પૂરતી હતી.'ધ ઓવલ' ખાતે ઇંગ્લેન્ડ સામે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીની અંતિમ ટેસ્ટમાં ભારતીય ઝડપી બોલરે ૨૧.૧૧ ની સરેરાશથી નવ વિકેટ લઈને ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આઇસીસીએ કહ્યું હતું કે અંતિમ ટેસ્ટમાં તેણે પ્રથમ ઇનિંગમાં ચાર વિકેટ લીધી અને પછી બીજી ઇનિંગમાં શાનદાર પાંચ વિકેટ લીધી. ■

# એશિયા કપ માટે મેચના અધિકારીઓની યાદી જાહેર, રિચર્ડસન અને પાઈક્રોફ્ટ પેનલના વડા રહેશે

દુબઈ: એશિયા કપ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં અનુભવી મેચ રેફરી રિચી રિચર્ડસન અને એન્ડી પાયક્રોફ્ટ અધિકારીઓની પેનલનું નેતૃત્વ કરશે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) એ સોમવારે ટૂર્નામેન્ટના ગ્રૂપ સ્ટેજ માટે મેચ અધિકારીઓની નિમણૂકની પુષ્ટી કરી હતી.

અમ્પાયરોની પેનલમાં ભારતના વીરેન્દ્ર શર્મા અને રોહન પંડિત ઉપરાંત શ્રીલંકાના રવિન્દ્ર વિમલસિરી અને રુચિરા પલ્લિયાગુરુગેનો સમાવેશ થાય છે. ગ્રૂપ સ્ટેજ માટે નિયુક્ત અન્ય અમ્પાયરોમાં અફઘાનિસ્તાનના અહમદ પાકતીન અને ઇઝાતુલ્લાહ સફી, પાકિસ્તાનના આસિફ યાકુબ અને ફૈઝલ આફ્રિદી અને બાંગ્લાદેશના ગાઝી સોહેલ અને મસુદુર રહેમાનનો સમાવેશ થાય છે.

પાયક્રોફ્ટ ૧૪ સપ્ટેમ્બરે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મહત્ત્વપૂર્ણ મેચમાં મેચ રેફરીની ભૂમિકા ભજવશે. પલ્લિયાગુરુગે અને રહેમાન આ મેચમાં ઓન-ફિલ્ડ અમ્પાયર રહેશે. ■

# એશિયા કપ માટે કોમેન્ટ્રી પેનલ જાહેર, ગાવસ્કર, શાસ્ત્રી અને સેહવાગને કરાયા સામેલ

નવી દિલ્હી : ભારતના દિગ્ગજ ખેલાડી સુનીલ ગાવસ્કર, રવિ શાસ્ત્રી અને વિરેન્દ્ર સેહવાગ તેમ જ ભૂતપૂર્વ બૉલિંગ કોચ ભરત અરુણ મંગળવારથી યુએઈમાં શરૂ થઈ રહેલા એશિયા કપ ટી૨૦ ટુર્નામેન્ટ માટે સોની સ્પોર્ટ્સ નેટવર્કના કોમેન્ટ્રી પેનલનો ભાગ બનશે. આ ટૂર્નામેન્ટની ૧૭મી સિઝનમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, યુએઈ, ઓમાન અને હોંગકોંગ આગામી વર્ષે યોજાનાર આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ પહેલા ટકરાશે. ભારત બુધવારે યુએઈ સામે પોતાનું અભિયાન શરૂ કરશે. ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ શાસ્ત્રી, ગાવસ્કર, સંજય માંજરેકર, રોબિન ઉથપ્પા, બાજિદ ખાન, વકાર યુનિસ, વસીમ અકરમ, રસેલ અર્નોલ્ડ અને સાઈમન ડૂલ ઉન એ કોમેન્ટ્રેટર્સમાં સામેલ છે જેમને બ્રોડકાસ્ટના વર્લ્ડ ફીડ માટે પસંદ કરાયા છે. હિન્દી કોમેન્ટેટર્સ પેનલમાં સેહવાગ, ઇરફાન પઠાણ, અજય જાડેજા, ભારતના ભૂતપૂર્વ બેટિંગ કોચ અભિષેક નાયર અને સબા કરીમ જેવા અગ્રણી નામોનો સમાવેશ થાય છે. ■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી


૫૦થી વધુ શહેરોમાં આયોજિત થઈ રહ્યો છે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ

યોગનિદ્રા



પરમ પૂજ્ય ગુરુદેવ

આનંદમૂર્તિ ગુરુમા

દ્વારા નિર્દેશિત વિશેષ અભ્યાસ સત્ર

રવિવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫

સવારે ૧૧.૩૦ વાગ્યે

યોગી સભાગૃહ, પહેલા માળે, દાદર (પૂર્વ), સેન્ટ્રલ રેલવે, મુંબઈ - 400014

7900180032, 9833799076

પ્રવેશ નિ:શુલ્ક

રજિસ્ટ્રેશન અનિવાર્ય

રજિસ્ટર કરો- www.gurumaa.com પર અથવા QR Code સ્કેન કરો

(બી-૧૬૪૫૪)


### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૨૪૬-બી)

### ૧૦. મહિલાઓ માટે

**પ્રીતી સાબુ દીવાળી ઓફર**

**ઓર્ડર બુક કરાવો અને વિવિધ ઉપયોગી આકર્ષક ભેટ મેળવો. ૦૨૨-૨૩૦૫૪૦૦૦. (૩૦૬)**

### ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ ટુરવાલે**

ગંગાસાગર જગન્નાથપુરી, નેપાળ મુક્તિનાથ, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, દક્ષિણ ભારત ૯૮૩૩૭૩૦૬૩૯. (૨૪૬-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી ઈસ્ટ**

2800' + 2800' બે ઓફિસો ભાડેથી/ વેચાણથી કોમર્શિયલ બિલ્ડિંગમાં નવામાં રેડી વિથ OC સ્ટેશને ગંગર- 8080524858. (બી-૧૬૪૨૪)

### ૩૩. ધંધાદારી

**FACTORY STOCK SALES (Wholesale / Retail) 1. Baby Rompers 2. Baby Footie 3. T-Shirts. 4. Fashion Pyjama. 5 Boxer Shorts. Amijit. E7, WICEL Compound, Opp. Seepz Main Gate 1, MIDC, Andheri East, Mumbai - 400093. 8779220090. (B-16387)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ગણપતિ મંડળોના પદાધિકારીઓ સામે ગુનો

થાણે: ગણેશોત્સવ દરમિયાન ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરવા તેમ જ નાગરિકોની અવરજવરમાં અવરોધ ઊભો કરવા પ્રકરણે નવી મુંબઈના નેરુળમાં અનેક ગણપતિ મંડળોના પદાધિકારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ અને એક્ઝેક્યુશન પ્રોફેશનલ ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 7,000/-, 3 બેડરૂમ 9,000/-. Helpline 8989282877. (૧૫૩૮૩/બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# ગણેશ વિસર્જન પછી ૫૦૮ ટન નિર્માલ્ય એકત્રિત કરાયું

મુંબઈ: ગણેશ વિસર્જન બાદ મુંબઈ મહાનગરપાલિકાએ કુદરતી જળાશયો અને ૨૯૦ થી વધુ કૃત્રિમ તળાવોમાંથી ૫૦૮ ટન ‘નિર્માલ્ય’ (ફૂલોનો પ્રસાદ) એકત્રિત કર્યો.

૧૧ દિવસના ગણપતિ ઉત્સવના સમાપન પછી રવિવારે જુહુ બીચ પર બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસ અને નાગરિક વડા ભૂષણ ગગરાણી ખાસ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.



(જયપ્રકાશ કેળકર)

શનિવારે અનંત ચતુર્દશી પૂર્ણ થયા પછી, બીએમસીએ દરિયાકિનારા અને અન્ય સ્થળોએ મોટા પાયે સફાઈ કામગીરી શરૂ કરી હતી, જેમાં કુદરતી જળાશયો અને શહેરમાં સ્થાપિત ૨૯૦ થી વધુ કૃત્રિમ તળાવોમાંથી ૫૦૮ મેટ્રિક ટન ફૂલહાર (નિર્માલ્ય) એકત્રિત કરાયા હતા.

બીએમસીના જણાવ્યા અનુસાર, ૧૧ દિવસના ઉત્સવ દરમિયાન ૧,૯૭,૧૧૪ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું, જેમાં ૧,૮૧,૩૭૫ ઘરગથ્થુ મૂર્તિઓ, ૧૦,૧૪૮ જાહેર મંડળની મૂર્તિઓ અને દેવી ગૌરીનો ૫,૫૯૧ મૂર્તિઓનો સમાવેશ થાય છે.

તેમાંથી, ઉત્સવના દોઢ દિવસ પછી ૬૦,૪૩૪ મૂર્તિઓનું, પાંચમા દિવસે ૪૦,૨૩૦, સાતમા દિવસે ૫૯,૭૦૪ અને ઉત્સવના છેલ્લા દિવસે ૩૬,૭૪૬ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. છેલ્લા દિવસે વિસર્જન કરાયેલી મૂર્તિઓમાંથી ૫,૯૩૭ જાહેર મંડળોની, ૩૦,૪૯૦ ઘરોની અને ૩૧૯ ગૌરીની મૂર્તિઓ હતી. મુંબઈ પોલીસ અને અન્ય સરકારી એજન્સીઓ સાથે સંકલન અને ગણેશ ભક્તો અને નાગરિકોના સહયોગને કારણે વિસર્જન પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ હતી, એમ પ્રકાશનમાં જણાવાયું હતું. ■

## ગણપતિ વિસર્જન વખતે પત્રકારની સતામણી: મ્યુઝિકલ ગ્રૂપના સભ્યો વિરુદ્ધ ગુનો

પુણે: પુણેમાં ગણપતિ વિસર્જન દરમિયાન ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મની મહિલા પત્રકારની સતામણી કરવા બદલ ‘ઢોલ તાશા’ ગ્રૂપના બે અજાણ્યા સભ્ય વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. પુણેના ફરાસખાના પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે મ્યુઝિકલ ગ્રૂપના બે સભ્ય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ન્યૂઝ પોર્ટલની બે પત્રકાર શનિવારે સાંજના ગણપતિ વિસર્જનની શોભાયાત્રાનું કવરેજ કરવા માટે ગયાં હતાં ત્યારે મ્યુઝિકલ ગ્રૂપના એક સભ્યએ મહિલા પત્રકારના પગ પર લોખંડની ટ્રોલીનું ટાયર ફેરવી દીધું હતું. મહિલા પત્રકારે આ અંગે મ્યુઝિકલ ગ્રૂપના સભ્યને પૂછતાં તેણે તેને અયોગ્ય સ્પર્શ કર્યો હતો અને તેની સતામણી કરી હતી. પત્રકારના સહકર્મીએ મધ્યસ્થી કરતાં તેને પણ ધક્કામુક્કી કરવામાં આવી હતી. ■

## અંબરનાથ ગણપતિ મંડળની ‘મોદક’ હરાજી: ૧.૮૫ લાખ રૂપિયાની બોલી લગાવાઈ

થાણે: થાણે જિલ્લાના અંબરનાથસ્થિત શ્રી ખાટુશ્યામ ગણપતિ મંડળમાં ‘‘શ્રદ્ધાની કોઈ સીમા નથી’’ કહેવત ચરિતાર્થ થતી જોવા મળે છે . જ્યાં એક ભક્તે હરાજીમાં ૧.૮૫ લાખ રૂપિયામાં ગણરાયાને પ્રિય એવો ‘‘મોદક’’ ખરીદ્યો હતો. મંડળના પ્રમુખ પ્રમોદ કુમાર ચૌબેએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૧ વર્ષથી ચાલી આવતી પરંપરા પ્રમાણે ૧૦ દિવસના ઉત્સવના અંતિમ દિવસે મૂર્તિના હાથમાં મુકેલા મોદકની હરાજી થાય છે. જે ભક્તોની ઇચ્છાઓ પૂર્ણ થઈ છે તેઓ કૃતજ્ઞતા દર્શાવવા માટે હરાજીમાં ભાગ લે છે. અગિયાર વર્ષ પહેલાં, એક ભક્તની પ્રાર્થના ફળી હતી, તેણે ગણરાયાના હાથમાં મોદક મૂક્યો હતો. બીજા વર્ષે, આભાર માનવા માટે, તે ૭,૦૦૦ રૂપિયામાં તે મોદક ખરીદવા પાછો ફર્યો, ત્યારથી આ પરંપરા શરૂ થઈ.મોદક ખાસ કરીને હરાજી માટે બનાવવામાં આવે છે જેમાં સૂકા મેવાનો ઉપયોગ થાય છે અને સામાન્ય રીતે તેનું વજન ૨.૨૫-૩.૨૫ કિલોગ્રામ હોય છે.■

## ૨૦૨૦ માં કોવિડ-૧૯ના આદેશોનું ઉલ્લંઘન કરવાના આરોપીને કોર્ટે નિર્દોષ છોડ્યો

થાણે: થાણેની એક કોર્ટે ૨૦૨૦માં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન જાહેર સેવકના કામમાં અવરોધ ઊભો કરવા અને લોકડાઉનના આદેશોનું ઉલ્લંઘન કરવાના આરોપમાં એક વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો છે, અને નોંધ્યું છે કે ફરિયાદીની એકમાત્ર જુબાની તેને દોષિત ઠેરવવા માટે અપૂરતી હતી. વધારાના સત્ર ન્યાયાધીશ વી.જી. મોહિતેએ આરોપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પુરાવાના અભાવનો હવાલો આપ્યો. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ક્લાર્ક જિતેન્દ્ર સાબલેની ફરિયાદ પર મુમ્બ્રા વિસ્તારના રહેવાસી અનવર મીર સૈયદ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સૈયદે ૯ અને ૧૦ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ તેમને અને તેમના સાથીદારોને પેટ્રોલિંગ કરતા અટકાવ્યા હતા. અધિકારીઓ વાઇરસના ફેલાવાને રોકવા માટે જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનર દ્વારા જારી કરાયેલા પ્રતિબંધક આદેશોનો અમલ કરી રહ્યા હતા. સૈયદ પર ભારતીય દંડ સંહિતા, રોગચાળા રોગો અધિનિયમ અને આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમની વિવિધ કલમો હેઠળ આરોપો મૂકવામાં આવ્યા હતા. ■

# અમારા લાડકા બાપ્પા



જીવરાજ મારુ - લોઅરપરેલ (વેસ્ટ)



નુરાની એપાર્ટમેન્ટ - બાંદ્રા (વેસ્ટ)



બેરેક રોડ મિત્ર મંડળ - મેટ્રો સિનેમાની પાછળ



અલ્પા પ્રફુલ નાઈક - ગોરેગાવ (વેસ્ટ)



ઓરિગે રેસિડન્સી ઠાકુર કોમ્પલેક્સ



બક્ષી પરિવાર - મલાડ વેસ્ટ



હાલાઈ લોહાણા બાલાશ્રમ - કાંદિવલી (પ.)



વૃષા ભાવિંદ આશર - ચીરાબજાર



આશ્રય ભાટિયા - બોરીવલી (વેસ્ટ)



વિરિકા દર્શન ખેરડિયા - કલ્યાણ (પ.)



ભાવિન મહેતા - અંધેરી ઈસ્ટ



ભાવના જોષી - વોર્ડન રોડ



ડૉ બિજલ થાણાવાળા



ચિરાગ પ્રફુલચંદ્ર શાહ - મલાડ (ઈસ્ટ)



અમિત એમ. પારેખ - કાંદિવલી વેસ્ટ



બાલાજી ગાર્ડન ટાવર-બી - માટુંગા



ચંપકભાઈ બી. ડોડિયા - ભાયંદર વેસ્ટ



સમીરભાઈ અઢિયા - વસઈ (વેસ્ટ)



નીતા પ્રદિપ લિમ્બાચિયા



શ્રી કંઠિ ભાટિયા મિત્ર મંડળ - ઘાટકોપર



અનિતા ભાવિક પંચાલ - મલાડ વેસ્ટ



યુગ સૌરિન સંજાણવાળા - કાંદિવલી ઈસ્ટ



વિનોદકુમાર રાણપુરા - ગિરગાંવ

# અમેરિકાના વ્યાજકાપની આશા વચ્ચે વિશ્વબજારના સુધારા પાછળ સ્થાનિક શૅરબજાર પોઝિટિવ ઝોનમાં ટકી રહ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાનો જોબ ડેટા નબળો આવ્યો હોવાથી ફેડરલ રિઝર્વ આ મહિને વ્યાજદરમાં ઘટાડો જાહેર કરશે એવી આશા વચ્ચે વિશ્વબજારમાં આવેલા સુધારા પાછલ સ્થાનિક શેરબજારમાં પણ સેન્સેક્સે આગેકૂચ કરી હતી. બેન્ચમાર્કે સતત ત્રીજા દિવસે છેલ્લા એક કલાકમાં પ્રોફિટ બુકિંગને કારણે પ્રારંભિક સત્રનો મોટાભાગનો સુધારો ગુમાવી દીધો હતો અને મામૂલી સુધારા સાથે પોઝિટીવ ઝોનમાં ટકી રહ્યો હતો.

સેન્સેક્સ ઊંચે મથાળે ખૂલ્યા બાદ દિવસ દરમિયાન ૪૬૦.૬૨ પોઇન્ટ અથવા તો ૦.૫૭ ટકા ઉછળીને ૮૧,૧૭૧.૩૮ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૪૬.૫૪ પોઇન્ટ અથવા તો ૦.૦૯ ટકાના ઘટાડા સાથે ૮૦,૭૮૭.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૩૫.૧૨ પોઇન્ટ અથવા તો ૦.૧૩ ટકાના સુધારા સાથે ૨૪,૭૭૩.૧૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૨.૭૬ લાખ કરોડથી રૂ. ૦.૦૪ લાખ કરોડ વધીને રૂ. ૪૫૨.૮૦ લાખ કરોડ રહ્યું હતું.

ઓટો, ઓઇલ અને પ્રાઇવેટ બેન્કના શેરમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ આઇટી અને એફએમસીજી શેરોમાં ધોવાણ જોવા મળ્યું હતું. ટાટા મોટર્સમાં ૩.૯૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૯૬ ટકા ઊછળ્યો હતો. અન્ય ટોપ ગેઇનર્સમાં મારુતિ, અદાણી પોર્ટસ બજાજ ફાઇનાન્સ અને અલ્ટ્રા ટેક સીમેન્ટનો સમાવેશ હતો. જોકે, ટ્રેન્ટમાં ૩.૮૧ ટકાનો કડાકો હતો. અન્ય ટોપ લુઝર્સ શેરોમાં ઓશિયન પેઇન્ટસ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો, ટીસીએસ, પાવર ગ્રીડ અને સન ફાર્માનો સમાવેશ હતો.

બ્રોકરેજ કંપનીએ જેએસડબલ્યુ સ્ટીલ અને ટાટા સ્ટીલ પરનું રેટિંગ ઇક્વલ વેઇટથી સુધારીને ઓવરવેઇટ કર્યું અને સેઇલનું અંડર વેઇટથી સુધારીને ઇક્વલ વેઇટ કર્યું છે. ત્રણેય કંપનીઓના શેરમાં ૦.૭ ટકાથી ત્રણ ટકા જેવો વધારો જોવા મળ્યો હતો. ઓટો શેરોએ સારો દેખાવ કર્યો, સેક્ટર ઇન્ડેક્સ ૧.૮ ટકા વધ્યો, ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા દ્વારા સંચાલિત, બંનેએ જીએસટીના ઘટાડાનો સંપૂર્ણ લાભ ખરીદદારોને આપવા માટે તેમની લાઇનઅપમાં કિંમતોમાં ઘટાડો કર્યા પછી ચાર ટકા જેવો ઉછાળો નોંધાવ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં ફેરોએલોય, ફાઉન્ડ્રી અને સ્ટીલ ઉદ્યોગો માટે લો એશ મેટલર્જિકલ કોકના ઉત્પાદનમાં વ્યસ્ત નીલાચલ કાર્બો મેટાલિક્સ લિમિટેડ આઠમી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ તેની રૂ. ૫૬.૧૦ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી છે.

આઇપીઓ માટે રૂ. ૮૫ પ્રતિ શેરનો ભાવ નક્કી થયો છે અને લોટ સાઇઝ ૧૬૦૦ શેર છે. એરફ્લોઆ રેલ ટેકનોલોજી લિમિટેડ ૧૧ સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે.

એલજી ઇલેક્ટ્રોનિક રૂ. ૧૫,૦૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે. જય અંબે સુપરમાર્કેટનો રૂ. ૧૮.૪૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સંપૂર્ણપણે રૂ. ૧૮.૪૫ કરોડના ૦.૨૪ કરોડ શેરનો નવો ઇશ્યૂ છે. આઇપીઓ દસમી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૭૪થી રૂ. ૭૮ છે. અરજી માટે લોટ સાઈઝ ૧,૬૦૦ છે. શેરની ફાળવણી ૧૫ સપ્ટેમ્બરે અને લિસ્ટિંગ ૧૭ સપ્ટેમ્બરે થશે.

સેબી પાસે ઘણી કંપનીઓએ ડીઆરએચપી જમા કરાવ્યા છે અને કરાવી રહી છે. મેડિકલ ડિવાઇસેસ, પ્લાસ્ટર ઓફ પેરિસ, બેન્ડેજ અને સર્જિકલ ડ્રેસિંગ્સની ઉત્પાદક, ટ્રેડર અને એક્સપોર્ટર ગેલેક્સી મેડિકેર લિમિટેડ દસમી સપ્ટેમ્બરે રૂ. ૨૨.૩૧ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે બજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૧થી રૂ. ૫૪ પ્રતિ શેર અને લોટ સાઇઝ ૨૦૦૦ શેરની છે. ભંડોળનો ઉપયોગ ઓડિશાના ભુવનેશ્વર પ્લાન્ટ માટે મશીનરી ખરીદવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

ટ્રમ્પ અને મોદીના વિધાનોથી ટેરિફની આફત હળવી થવાની આશા વચ્ચે પ્રારંભમાં સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો, જોકે, તે છેલ્લા એક કલાકની વેચવાલીમાં ધોવાઇ ગયો હતો. જીએસટીના ધરખમ ફેરફારની બજાર પર જોઇએ એવી અસર વર્તાઇ નથી. જીએસટીના લાભ છતાં ટેરીફની અસરને કારણે સાવચેતીનું માનસ રહ્યું હતું.

અહેવાલ અનુસાર ટ્રમ્પે કહ્યું કે અમેરિકા અને ભારત ખાસ સંબંધ ધરાવે છે અને ચિંતા કરવાની કોઈ વાત નથી, ત્યારબાદ બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જવાબ આપ્યો કે તેમણે તેઓ આ ટિપ્પણીને દિલથી આવકારે છે અને સંપૂર્ણપણે તેનો સ્વીકાર કરે છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, ખાસ કરીને તાજેતરની ટેરિફ જાહેરાતો પછી, નિવેદનોના આદાનપ્રદાનથી વેપાર તણાવ ઓછો થવાની આશા જાગી છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, નીતિગત સુધારાઓ અને સહાયક સ્થાનિક પરિબળો અંગે આશાવાદ હોવા છતાં, બજારો કોન્સોલિડેશન તબક્કામાં પ્રવેશી રહ્યા હોય તેવું લાગે છે, જે ટેરિફ ચિંતાઓ અને સતત વિદેશી સંસ્થાકીય આઉટફ્લોને કારણે છે.

એફઆઇઆઇની એકધારી વેચવાલી પણ સેન્ટિમેન્ટ બગાડી રહી છે. એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧૩૦૪.૯૧ કરોડના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧૮૨૧.૨૩ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૮૮ ટકા ઘટીને ૬૬.૭૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. શુક્રવારે, સેન્સેક્સ ૭.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકા વધીને ૮૦,૭૧૦.૭૬ પર અને નિફ્ટી ૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકા વધીને ૨૪,૭૪૧ પર બંધ થયો હતો.

તહેવારોની મોસમ પહેલા વપરાશ વધારવા અને અમેરિકામાં ભારે ટેરિફના દબાણને દૂર કરવા માટે સરકારે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માં કરેલા ફેરફાર અનુસાર રોટલી, પરાઠાથી લઈને વાળના તેલ, આઈસ્ક્રીમ અને ટીવી સુધીની સામાન્ય ઉપયોગની વસ્તુઓની કિંમત ઓછી થશે, જ્યારે વ્યક્તિગત સ્વાસ્થ્ય અને જીવન વીમા પર કરનો દર શૂન્ય કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા ભારતના જીએસટી ૨.૦ સુધારામાં ઓટો, એફએમસીજી, સિમેન્ટ, વીમા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એપેરલ, ફૂટવેર, હોટેલ્સ, એનબીએફસી, ફર્ટિલાઇઝર અને કાપડ પર કર ઘટાડાનો સમાવેશ થાય છે.

ઓટો અને કોમ્પોનન્ટ્સ ક્ષેત્રે ૩૫૦ સીસીથી ઓછી ક્ષમતાવાળા ટુ-વ્હીલર, નાની કાર અને ઓટો પાર્ટ્સ માટે જીએસટી ઘટાડીને ૧૮ ટકા થવાથી હીરો મોટોકોર્પ, બજાજ ઓટો, એમએન્ડએમ, મારુતિ, ટાટા મોટર્સ, એન્ડ્યુરન્સ ટેક, યુનો મિન્ડા, એક્સાઇડ, મધરસનને ફાયદો થશે. એફએમસીજી, એપેરલ, ફૂટવેર, સિમેન્ટ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં જીએસટી ઘટાડાથી આઇટીસી, બ્રિટાનિયા, એચયુએલ, નેસ્લે, બાટા, રિલેક્સો, અલ્ટ્રાટેક, અંબુજા, વોલ્ટાસ, હેવેલ્સને લાભ થશે. વીમા, એફએમસીજી, હોટલ, ખાતર અને કાપડ ક્ષેત્રોને લાભ થશે.

એક વિશ્લેષકે જણાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટના રોજ કરવેરા કાપની જાહેરાત થઈ ત્યારથી જ બજારમાં આ નિર્ણયની અસરો ડિસ્કાઉન્ટ થવા માંડી હતી. એફઆઇઆઇની એકધારી અને મોટી વેચવાલીને કારણે પણ બજારને નુકસાન થયું હતું. બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧,૬૬૬.૪૬ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૨,૪૯૫.૩૩ કરોડના શેર ખરીદ્યા હતા. ડીઆઇઆઇએ પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુના ઇક્વિટી ખરીદ્યા છે, જે ગયા વર્ષના સર્વકાલીન ઉચ્ચ સ્તરની નજીક છે. વિદેશી રોકાણકારોએ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભારતીય બજારોમાંથી ૧.૩ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ ઉપાડી લીધી છે.

## ખાંડમાં મર્યાદિત કામકાજે પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૪૪નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ પાંખાં કામકાજો વચ્ચે આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૭૨થી ૪૧૬૨માં થયા હતા.

## ટૅરિફ વોલેટાલિટીઃ આઇપ્રુ ડિવિડંડ યીલ્ડ ફંડનું મહત્તમ એક્સપોઝર લાર્જ કેપ સ્ટોક્સમાં

મુંબઇઃ ભૂરાજકીય મોરચે અનેક ઘટનાઓ અને ટ્રમ્પના ટેરિફ તાંડવને કારણે બજારનું સેન્ટિમેન્ટ ડહોળાયું છે. આ ઉપરાંત, કોર્પોરેટ કમાણીની સામાન્ય સીઝન અને એફઆઇઆઇના સતત આઉટફ્લો સાથે બેન્ચમાર્ક અટવાઇ ગયા છે. આ સંજોગોમાં ફ્લેક્સીકેપ્સ સ્પોટલાઇટમાં હતા. જોકે, સ્થિર કામગીરી અને વાજબી ઉપજની ક્ષમતા ધરાવતા ડિવિડંડ યિલ્ડ ફંડ પર પણ નજર રાખી શકાય. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ડિવિડન્ડ યીલ્ડ ઇક્વિટી ફંડ છે, જે ડિવિડન્ડ ઉત્પન્ન કરનારા શેરો પર ફોકસ્ડ છે. સામાન્ય રીતે, ડિવિડન્ડ યીલ્ડ વ્યૂહરચનાઓ એવા શેરો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેની ડિવિડન્ડ યીલ્ડ વધુ હોય છે. જોકે, તેમાં લાંબા ગાળે મૂડી મૂલ્યવૃદ્ધિનો ટ્રેક રેકોર્ડ નીચો હોય છે. પરિણામે, વ્યાપક બજાર વલણોની તુલનામાં વળતર ક્યારેક શ્રેષ્ઠ કરતાં ઓછું હોઈ શકે છે. આથી આઇપ્રુનો આ ફંડ એવી કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ટકાઉ ઉપજ સાથે લાંબા ગાળે વાજબી વૃદ્ધિ પણ આપે. ફંડ નોંધપાત્ર માર્જિનથી કેટેગરીમાં ટોચનું સ્થાન ધરાવે છે અને તેણે તેના બેન્ચમાર્ક નિફ્ટી ૫૦૦ ટીઆરઆઇ તેમજ અન્ટ ફંડો બંને કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, છેલ્લા એક, ત્રણ, પાંચ અને ૧૦ વર્ષના સમયગાળામાં, ફંડે તેના બેન્ચમાર્ક કરતાં ત્રણથી નવ ટકા વધુ અને કેટેગરી સરેરાશ કરતાં બેથી છ ટકા વધુ ડિલિવરી આપી છે.

વર્ષ ૨૦૧૪થી કાર્યરત આ ફંડમાં રૂ. ૧૦,૦૦૦ની માસિક એસઆઇપીનો સીએજીઆર ૧૮.૭૦ ટકા છે. ફંડે વર્ષોથી લાર્જ કેપ શેરોએ પોર્ટફોલિયોનો મુખ્ય ભાગ બનાવ્યો છે. ૨૦૨૦ની શરૂઆતથી ૨૦૨૪ ના મધ્ય સુધી, જ્યારે મિડ અને સ્મોલ કેપ્સમાં તેજી હતી, ત્યારે પોર્ટફોલિયોના ૩૦-૩૫ ટકામાં મિડ અને સ્મોલ કેપ્સનો સમાવેશ થતો હતો. જો કે, જૂન ૨૦૨૪થી શરૂ કરીને, ફંડે સ્મોલ અને મિડ કેપ્સમાં તેના એક્સપોઝરને ઘટાડ્યું અને સ્થિર લાર્જ કેપ કંપનીઓમાં ઉમેરો કર્યો. ક્ષેત્રોની દ્રષ્ટિએ, ફંડનો ૨૦૨૦માં આઇટી, ફાર્મા અને પાવર કંપનીઓમાં નોંધપાત્ર રોકાણ હતું, પાછળથી વૃદ્ધિ મધ્યમ થતાં આઇટી અને ફાર્મામાં રોકાણ ઘટાડ્યું. ત્યારબાદ બેંકોને ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો, જેના કારણે સપ્ટેમ્બર ૨૦૨૪થી બજાર કરેક્શન દરમિયાન પણ ફંડને આઉટપર્ફોર્મ કરવામાં મદદ મળી. ઓટોમોબાઇલ્સ, પાવર, તેલ, ગેસ અને ઉપભોજ્ય ઇંધણ એ ફંડના પોર્ટફોલિયોના કેટલાક અન્ય મહત્વપૂર્ણ ઘટકો છે. આ દરેક ક્ષેત્રોમાંથી વૃદ્ધિની સંભાવનાઓ અને વાજબી ડિવિડન્ડ યીલ્ડ ધરાવતી મૂળભૂત રીતે મજબૂત કંપનીઓ ઇક્વિટી ફાળવણીનો બાકીનો ભાગ બનાવે છે.

## સ્ટીલ પરની ૧૨ ટકા સેફગાર્ડ ડ્યૂટી પર્યાપ્ત, આયાત પડકાર વધશે તો ડ્યૂટી વધારાની માગ કરાશે

નવી દિલ્હીઃ સ્ટીલના અમુક ઉત્પાદનો પરની પ્રસ્તાવિત ૧૨ ટકા સેફગાર્ડ ડ્યૂટી પર્યાપ્ત છે અને જો ભવિષ્યમાં આયાતને લગતા પડકારો સર્જાશે તો ઉદ્યોગ પુનઃ સરકારને ડ્યૂટી વધારવા માટે અનુરોધ કરશે, એમ ઉદ્યોગના અગ્રણી અને ઈન્ડિયન સ્ટીલ એસોસિયેશનનાં પ્રમુખ નવીન જિન્દાલે આજે જણાવ્યું હતું.

તાજેતરમાં ઈન્ડિયન સ્ટીલ એસોસિયેશન દ્વારા કરવામાં આવેલી ડમ્પિંગની ફરિયાદને ધ્યાનમાં લેતા ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ સ્થાનિક ઉત્પાદકોનાં હિત જાળવવા માટે ફ્લેટ સ્ટીલના અમુક ઉત્પાદનો પર ત્રણ વર્ષ માટે સેફગાર્ડ ડ્યૂટી લાદવાની ભલામણ કરી છે. અમારા મતે જો ડીજીટીઆરએ ૨૫ ટકા સેફગાર્ડ ડ્યૂટી લાદવાની ભલામણ કરી હોત તો વધુ સારું હતું, પરંતુ ભલામણ કરવામાં આવેલી ૧૨ ટકા ડ્યૂટી પર્યાપ્ત છે, એમ તેમણે અત્રે યોજાયેલી આઈએસએ સ્ટીલ કોન્ક્લેવ ૨૦૨૫ દરમિયાન પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું. અમેરિકા જેવા દેશો જો ૫૦ ટકા ટૅરિફ લાદતા હોય તો તેની સરખામણીમાં લાદવામાં આવેલી ૧૨ ટકા ડ્યૂટી પૂરતી છે એવો પ્રશ્ન પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે ડીજીટીઆર ડ્યૂટી લાદવા અંગેનો નિર્ણય લેતા પૂર્વે ઉદ્યોગને કેટલી માત્રામાં હાનિ થઈ રહી છે તેની આકારણી કરે છે અને અમે તેનાં નિર્ણયનો આદર કરીએ છીએ. જો ભવિષ્યમાં કંઈ સમસ્યા સર્જાશે તો અમે પુનઃ સરકારનો સંપર્ક કરીશું, એમ તેમણે ઉમેર્યું હતું.

હાલમાં ટૅરિફના મુદ્દાને ધ્યાનમાં લેતા ઘણાં દેશોએ અમેરિકા ખાતે નિકાસ બંધ કરી હોવાથી તેની વૈશ્વિક ભાવ પર અસર પડી છે.

હાલમાં અમેરિકા ખાતે સ્ટીલની નિકાસ અટકી છે અને નિકાસકાર દેશો અન્ય બજારો તરફ નજર દોડાવી રહ્યા હોવાને કારણે ભાવ વધુ દબાણ હેઠળ જોવા મળે છે.

## ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સપ્તાહના આરંભે એકંદરે કામકાજો પાંખાં રહ્યા હોવાથી સ્ટોકિસ્ટોની લે-વેચ તથા ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે સ્થાનિકમાં નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. આઠનો અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો.

## પાંખાં કામકાજે વિશ્વ બજારથી વિપરીત આરબીડી પામોલિનમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૦ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિકમાં આજે ઈદ એ મિલાદની જાહેર રજાને કારણે બૅન્કો બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી વિશ્વ બજારથી વિપરીત આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય દેશી તેલમાં પણ નિરસ માગે સિંગતેલ અને સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૫ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑગસ્ટ મહિનાના સમાનગાળાની તુલનામાં ૨૯.૫૨ ટકા વધીને ૨,૯૦,૦૮૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, કારગિતના આરબીડી પામોલિનના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૨૭૦ અને નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૮૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૮, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૯ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૯ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૫માં થયાના અહેવાલ હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

વિજળી વિભાગ (પાવર)

ઈ-ટેન્ડર નોટીસ

નં. EL-૨૦૨૪-૨૫-૨૭R૨ તારીખઃ ૦૩.૦૯.૨૦૨૫

ડિવિઝન રેલવે મેનેજર (વિજળી / પાવર શાખા) પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે આપેલ કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ પ્રમાણે છેઃ ઈ-ટેન્ડરીંગ નં.: EL-૨૦૨૪-૨૫-૨૭R૨, **કામનું નામઃ** રતલામ ડિવિઝન - દાહોદ સ્ટેશન ખાતે ૩ લિફ્ટોની જોગવાઈ (ઈલેક્ટ્રિકલ), **અંદાજિત લાગતઃ** ₹ ૧૧૭૨૭૦૭૦.૫૯, **બાનારકમઃ** ₹ ૨૦૮૬૦૦.૦૦, **કામની સમાપન અવધિઃ** ૧૨ મહિના, **સમકક્ષ કાર્ય** (કામનો સમાન પ્રકાર): કામનો સમાન પ્રકારનું વર્ણનઃ લિફ્ટોની વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ / રિપેર / રિહેબિલિટેશન / સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ (SITC). **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૦૨.૦૯.૨૦૨૫, **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૩૦.૦૯.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ અન્ય શર્તો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝન રેલવે મેનેજર (વિજળી/પાવર)
પશ્ચિમ રેલવે, રતલામ

ADM/7/1/229

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નાયર હોસ્પિટલ ડેન્ટલ કોલેજ

નં.: DC/૪૯૯૨/STR તારીખઃ ૦૪.૦૯.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટીસ

| નં. | બીડ નંબર | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|
| ૧ | DC/૪૯૯૨/STR તારીખઃ ૦૪.૦૯.૨૦૨૫ નાયર હોસ્પિટલ ડેન્ટલ કોલેજ માટે પ્રોગ્રેસીવ ટેપર નીતિ રોટરી એન્ડોડોન્ટિક સાધનોની ખરીદી બીડ નં.:- ૨૦૨૫_MCGM_૧૨૧૫૫૧૯_૧ | ૦૯.૦૯.૨૦૨૫ સ. ૧૦.૦૦ | ૨૩.૦૯.૨૦૨૫ સ. ૧૧.૦૦ |
| વેબસાઈટઃ http://www.mahatenders.gov.in | | | |
| ઈ-મેલ ID:- cl02.nairdental@mcgm.gov.in | | | |

સહી/-
ડીન
નાયર હોસ્પિટલ ડેન્ટલ કોલેજ

PRO/1486/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

શહાજી નગર (ચીતા કેમ્પ) મેટર્નીટી હોમ, માનખુર્દ

HO/444/CCMH, તા. ૦૫.૦૯.૨૦૨૫

જાહેરાત

**વિષયઃ-** કોન્ટ્રાક્ટ ધોરણે શહાજી નગર (ચીતા કેમ્પ) મેટર્નીટી હોમ, M/E વોર્ડ ખાતે ૮ (આઠ) લેબર & સહાયક સ્ટાફની જોગવાઈ.

M/E વોર્ડ હેઠળ શહાજી નગર (ચીતા કેમ્પ) મેટર્નીટી હોમ દ્વારા ૬ મહિના માટે કોન્ટ્રાક્ટ ધોરણે મેટર્નીટી હોમમાં અનુભવી ૮ લેબર (હમાલ, સ્વીપર) & સહાયક સ્ટાફની જોગવાઈ કરવા M/E વોર્ડમાં નોંધાયેલ અધિકૃત સ્થાનિક NGOS પાસેથી દરખાસ્તો મંગાવાય છે. રસ ધરાવતી NGOS નીચે આપેલા સરનામે રજાઓ સિવાય ઓફીશીયલ કામકાજના દિવસે સ. ૧૦.૩૦ ક. થી બ. ૩.૦૦ ક. સુધી તા. ૦૯.૦૯.૨૦૨૫ થી તા. ૧૮.૦૯.૨૦૨૫ સુધી કુલ રૂા. ૪૨૮૩/- (અરજી ફી રૂા. ૩૬૩૦/ + ૧૮% GST ૬૫૩/-) સાથે તમામ આવશ્યક દસ્તાવેજો સાથે અરજીપત્રો સુપ્રત કરી શકે છે. આ અરજીપત્રો મેડીકલ ઓફીસર શહાજી નગર (ચીતા કેમ્પ) મેટર્નીટી હોમની ચેમ્બરમાં લોટરી પદ્ધતિ તરીકે ખોલવામાં આવશે.

સરનામુંઃ- મેડિકલ ઓફિસર
શહાજી નગર (ચીતા કેમ્પ)
મેટર્નીટી હોમ, ૨જો માળ, ચીતા કેમ્પ, ટ્રોમ્બે,
મુંબઈ - ૪૦૦૦૮૮.

સહી/-
મેડીકલ ઓફિસર
શહાજી નગર (ચીતા કેમ્પ)

PRO/1504/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પશ્ચિમ રેલવે**

સિગ્નલિંગ વર્ક

Sr. DSTE/S/Mumbai Central, Mumbai - 400 008 આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ SG_217_2_308_WA તારીખઃ 04.09.2025. કાર્યનું નામઃ** પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનના અંધેરી યાર્ડના પ્લેટફોર્મનું એક્સટેન્શન સાથે ઓપરેશનમાં આવતી હાલની અડચણો દૂર કરવા કંટ્રોલ ટાવરો નવા લોકેશનમાં ખસેડવા બાદ યાર્ડના રીમોડેલીંગના સંદર્ભમાંનું સિગ્નલિંગ વર્ક. **કાર્યનો ખર્ચ અંદાજેઃ** રૂ. ૧,૯૩,૧૩,૪૪૭.૨૭. **ઈએમડીઃ** રૂ. ૨,૪૬,૬૦૦/-. **ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ સુપરત કરવાનું બંધ કરવાની તારીખ અને સમયઃ** ૨૬-૦૯-૨૦૨૫ના ૧૫.૦૦ કલાક સુધી. **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** ૨૬-૦૯-૨૦૨૫ના ૧૫.૩૦ કલાકે. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0580

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કમર્શિયલ ડિપાર્ટમેન્ટ, એનએફઆર સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮.

કામઃ મુંબઈ ડિવિઝનમાં વિવિધ એનએફઆર માધ્યમ મારફતે જાહેરખબર દર્શાવવી

| ઑક્શન કેટલોગ નંબર | ઑક્શનનો પ્રારંભ (ઓલ લોટ્સ) |
|---|---|
| MMCT-ADVT-25-35 | 25-09-25 ૧૫:૦૦ કલાકે |

| સિ. નં. | લોટ નંબર | લોકેશન / એરિયા | દિવસો | ઈ-ઑક્શન બંધ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-BCT-BYR-OSN-429-25-1 (સ્ટેશનના પરિસરમાં જાહેરખબર (નોન-ડિજિટલ)) | ભાયંદર (BYR) સ્ટેશનના ફૂટ ઓવર બ્રિજ (FOB) પર ત્રણ વર્ષ માટે મોટા પાયે જાહેરખબરના અધિકાર. | ૧૦૯૬ | ૨૫-૦૯-૨૫ ૧૫:૩૦:૦૦ |

**સંપર્ક માટેની વિગતોઃ લેન્ડલાઈન નં. ૦૨૨૬૭૬૪૪૨૧૨, ઈમેલ ID: acmadvtgbct@gmail.com**
**નોંધઃ** ઈચ્છુક બિડરોને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઑક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી. ઉલ્લેખ કરાયેલા કેટલોગ હેઠળ લોટ પ્રમાણેની વિગતો ઉપલબ્ધ. 0582

અમને અહીં લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને અહીં ફોલો કરોઃ X.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ACRC/૧૬૪૭/Gen/AEM તા. ૦૪.૦૯.૨૦૨૫

ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે.

| ક્ર.નં. | કામનું નામ | બારડી (રૂ.માં) | ટેન્ડર સ્ક્રુટીની ફી (રૂ.માં) | કામ પૂર્ણતાની મુદત | બીડની ડાઉનલોડીંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટે પાકતી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૧૩૬૭૧_૧ R/સેન્ટ્રલ વોર્ડમાં રાજેન્દ્ર નગર મ્યુનિસિપલ ચોકી, બોરીવલી (પૂ) ખાતે ૨જી અને ૩જી શિફ્ટમાં રોજિંદા ઉપયોગ માટે ૦૧ નં.ની ક્રૂ કેબ વાહન ભાડે. | રૂ. ૧૪,૯૦૦/- | રૂ. ૧,૪૫૨/- + ૧૮% GST | ૨૩૦ શિફ્ટ | ૦૯.૦૯.૨૦૨૫ ૧૧.૦૦ ક.થી | ૦૯.૦૯.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |

ઉપરોક્ત વિષયવસ્તુ સંબંધીત માહિતી મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) http://mahatenders. gov.in પર ઉપલબ્ધ છે. તેમજ ઉપરોક્ત વિષય વસ્તુ સંબંધીત માહિતી BMC પોર્ટલ (http://portal.mcgm.gov.in/tenders) પર ઉપલબ્ધ છે.

સહી/-
(શ્રીમતી સંધ્યા નાંદેડકર)
આસી. કમિશનર, R/C વોર્ડ

PRO/1492/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

પબ્લિક નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે ૪૦૨-૪૦૭, ૪થો માળ, ટ્રાફિક લાઈટ બિઝનેસ પાર્ક, બેંક ઓફ બરોડા પાસે, M. G. રોડ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૮૬ ખાતે ઓફિસ ધરાવતા અય્યપ્પા ડેવલપર્સ પ્રા. લિ., જેઓ તમામ બોજાઓ, ગીરો (વર્ધમાન ટ્રસ્ટીશીપ પ્રાઈવેટ લિમિટેડની હદમાંની સિવાય), લીટીગેશનથી મુક્તપણે અને માર્કેટેબલ ટાઈટલ સાથે અમારા અસીલોને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ સ્ટેક પાર્કિંગમાં ચાર બેઝમેન્ટ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે નીચે ઉલ્લેખેલ ફ્લેટ્સ વેચવા અને / અથવા ટ્રાન્સફર કરવા સંમત થયા છે. કોઈપણ શખ્સ કે શખ્સો જે સદર ફ્લેટ્સ અને સદર પાર્કિંગ જગ્યાઓ કે તેના કોઈપણ ભાગ સામે કે તેમાં લીઝ, સબ-લીઝ, લાયસન્સ, ઓક્યૂપેન્સી, વેચાણ, અદલાબદલી, વ્યવસ્થા, ગીરો, ઈક્વિટેબલ ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, બિક્વેસ્ટ, કબજો, લીઅન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, વિકાસ કરાર, સંયુક્ત સાહસ, ભાગીદારી, મર્યાદિત જવાબદારી ભાગીદારી વગેરે કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં તેના દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેણીની ઓફિસ ૨૦૫ (૨૨A), ૨જો માળ, સર યુસુફ બિલ્ડિંગ કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફ્લોરા ફાઉન્ટેન, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, નહીંતર સદર ફ્લેટ્સના વેચાણ અને / અથવા ટ્રાન્સફર આવા દાવા કે હિતના કોઈપણ સંદર્ભ વિના પૂર્ણ કરવામાં આવશે અને જો કોઈ હોય તો, તમામ ઉદ્દેશ્યો અને હેતુઓ માટે ત્યજી દીધેલ તરીકે ગણાશે.

ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ

S. V. રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૬૪ ખાતે આવેલ, પડેલ અને રહેલ સહિત મુંબઈ પરાં જિલ્લામાં ગામ મલાડ, તાલુકા બોરીવલીના ગામ મલાડ (પશ્ચિમ)નો સંબંધીત CTS નં. ૬૫૩, ૬૫૩/૮-૧૭, સર્વે નં. ૩૫૩, હિસ્સા નં. ૨ ધરાવતી જમીન પર બાંધવામાં આવનાર સેલેસ્ટિયલ હાઈટ્સ ફેઝ-II (સેલ બિલ્ડિંગ નં. ૨) તરીકે જાણીતી બિલ્ડિંગના બેઝમેન્ટમાં સ્ટેક પાર્કિંગમાં ચાર કાર પાર્કિંગ જગ્યાઓ નં. ૧, ૨, ૩ & ૪ સાથે (૧) ભરતમાં ૧૬૨૯ ચો. ફૂટ રેરા કાર્પેટ એરિયા ૧૭મા માળ પર માલિકીનો **ફ્લેટ નં. ૧૭૦૧** અને (૨) ભરતમાં ૧૬૨૯ ચો. ફૂટ રેરા કાર્પેટ એરિયા ૧૮મા માળ પર માલિકીનો **ફ્લેટ નં. ૧૮૦૧.**

આજ તારીખ ૦૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

વિમલા એન્ડ કું.,
સહી/-
પ્રોપરાઈટર
એડવોકેટ્સ એન્ડ સોલીસીટર્સ



**નિરભ્ર આકાશઃ** મુંબઈ-મહારાષ્ટ્રમાં છેલ્લાં કેટલાક દિવસથી વાદળછાયું વાતાવરણ પ્રવર્તી રહ્યું હતું, સોમવારે રાજ્યના અત્યાર સુધીના સૌથી મોટા આંદોલનના સાક્ષી આઝાદ મેદાનનું આકાશ કાળા વાદળોમુક્ત થયું ત્યારે રાજ્યની સ્થિતિ આગામી દિવસોમાં સ્પષ્ટ થવાની આશા જન્મી હતી. (જયપ્રકાશ કેળકર)

# જરાંગેએ આઠ મહિના પછી ફરી કેમ આંદોલન કર્યું?

## આંદોલનકારી સાથે નવી મુંબઈની મુલાકાત અંગે એકનાથ શિંદેનો ખુલાસો

મુંબઈઃ મનોજ જરાંગે પાટીલ છેલ્લાં કેટલાક વર્ષોથી મરાઠા અનામત માટે આંદોલન ચલાવી રહ્યા છે. તેમણે અત્યાર સુધીમાં અનેક આંદોલન અને ઉપવાસ કર્યા છે. અનામતની માગણી કરી રહેલા હજારો દેખાવકારો સાથે ગયા અઠવાડિયે તેઓ મુંબઈ આવી આઝાદ મેદાનમાં ઉપવાસ પર ઉતર્યા હતા. ભૂખ હડતાળ બાદ સરકારે તેમની કેટલીક માંગણી સ્વીકાર્યા બાદ ઉપવાસ છોડી તેઓ પોતાના ગામ આંતરવાલી - સરાટી (જાલના) પાછા જતા રહ્યા હતા.

આઠ મહિના પહેલા પણ જરાંગે મુંબઈના આંગણે આવી પહોંચ્યા હતા. એ વખતે નવી મુંબઈના વાશીમાં તેમનું આંદોલન ચાલતું હતું ત્યારે તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વાશીમાં જરાંગેને મળી તેમની કેટલીક માગણીઓ સ્વીકારવાનું વચન આપ્યું હતું. ત્યારબાદ જરાંગેએ આંદોલન પાછું ખેંચી લીધું હતું.

(જુઓ પાનું ૪) ▶▶

## ફડણવીસ સીએમ બન્યા પછી ભાજપ શિંદેની અવગણના કરી રહ્યો છે?

મુંબઈઃ જૂન ૨૦૨૨માં મહારાષ્ટ્રના રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો હતો. ૪૦ વિધાન સભ્યો સાથે એકનાથ શિંદેએ બળવો કરી અલગ જૂથ બનાવી ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડી સરકાર ઉથલાવી દીધી હતી. ઠાકરે સરકારનું પતન થયા પછી શિંદેએ ભારતીય જનતા પાર્ટીના ટેકાથી રાજ્યમાં મહા યુતિ સરકાર સ્થાપી હતી. શિંદેએ મુખ્ય પ્રધાન તરીકે અઢી વર્ષ રાજ્યનું નેતૃત્વ કર્યું.

આ દરમિયાન ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિએ ૨૩૮ સીટ પર જીત મેળવી રાજ્યમાં સત્તા મેળવી. જોકે મુખ્ય પ્રધાન પદ માટે ભાજપે દેવેન્દ્ર ફડણવીસની પસંદગી કરી હતી. શિંદે અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી

(જુઓ પાનું ૪) ▶▶

# સરકારી ઠરાવ લાગુ કરી મરાઠાઓને ૧૭ સપ્ટેમ્બર પહેલાં કુણબી સર્ટિફિકેટ આપવાનું શરૂ કરોઃ જરાંગે

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્ર સરકાર ૧૭ સપ્ટેમ્બર પહેલા મરાઠાઓને કુણબી જાતિના સર્ટિફિકેટ આપવા માટે ગયા અઠવાડિયે જારી કરવામાં આવેલા જીઆર (સરકારી ઠરાવ)નો અમલ કરે એવી માંગણી સોમવારે મરાઠા અનામતના આંદોલનકારી મનોજ જરાંગેએ કરી ચેતવણી ઉચ્ચારી છે કે જો એમ નહીં કરવામાં આવે તો પોતે ફરી આકરો નિર્ણય લેશે.

સરકારે મરાઠા સમુદાયના સભ્યોને કુણબી જાતિના સર્ટિફિકેટ આપવા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કરતા જરાંગેએ બીજી સપ્ટેમ્બરે મુંબઇમાં અનામત માટે તેમના પાંચ દિવસના ઉપવાસ છોડ્યા હતા. સરકારે એક ઠરાવમાં આ જાહેરાત કર્યા બાદ રાજ્યના પ્રધાનો અને જરાંગે વચ્ચે વ્યસ્ત વાટાઘાટો થઈ હતી.

રાજ્યના ખેડૂત સમુદાયના કુણબીઓને નોકરી અને શિક્ષણમાં સરકારી અનામત માટે પાત્ર બનાવવા માટે મહારાષ્ટ્રમાં ઓબીસી કેટેગરીની સૂચિમાં શામેલ કરવામાં આવ્યા છે. સામાજિક ન્યાય અને વિશેષ સહાયતા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા સરકારી ઠરાવ (જીઆર)માં પણ હૈદરાબાદ ગેઝેટિયર લાગુ કરવાનો ઉલ્લેખ કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ ઍરપોર્ટ પર ૧૩.૮૩ કરોડનો ગાંજો પકડાયોઃ બે પ્રવાસીની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર બે દિવસમાં ૧૩.૮૩ કરોડ રૂપિયાની કિંમતનો હાઇડ્રો ગાંજો જપ્ત જપ્ત કર્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે બે અલગ અલગ કેસમાં ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો અને આ પ્રકરણે બે પ્રવાસીની ધરપકડ કરાઇ હતી. બેંગકોકથી આવેલા બંને પ્રવાસી પોતાની ટ્રોલી બેગમાં ગાંજો છુપાવીને મુંબઈ લાવ્યા હતા.

બેંગકોક ખાતેથી રવિવારે ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા પ્રવાસીને કસ્ટમ્સના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો. પ્રવાસીની તલાશી લેવાતાં તેની પાસેથી કશું મળ્યું નહોતું. જોકે તેની ટ્રોલી બેગની તપાસ કરવામાં આવતાં તેમાંથી બે કરોડ રૂપિયાનો ૨.૦૦૨ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

દરમિયાન સોમવારે બેંગકોકથી આવલા અન્ય એક પ્રવાસીની ટ્રોલી બેગમાંથી પણ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મહારાષ્ટ્રમાં વિઝન ડોક્યુમેન્ટ ૨૦૪૭ જાહેર

## ફડણવીસે કહ્યુંઃ વિકસિત રાજ્ય બનવા માટે માર્ગદર્શક માળખું

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મુખ્યપ્રધાન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં યોજાયેલી એક બેઠકમાં મહારાષ્ટ્ર રાજ્ય માટે ૨૦૪૭ના વર્ષને લક્ષ્યમાં રાખીને વિઝન ડોક્યુમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. સોમવારે અહીં એક સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું કે, વિઝન ડોક્યુમેન્ટ ૨૦૪૭ મહારાષ્ટ્રના વ્યૂહાત્મક નીતિગત નિર્ણયો માટે માર્ગદર્શક માળખા તરીકે કામ કરશે અને વિકસિત રાજ્યના સ્વપનને સાકાર કરવામાં મદદ કરશે. જેમ ગીતા, બાઇબલ, કુરાન અને બંધારણ માનવતા શીખવે છે, તેમ વિઝન ડોક્યુમેન્ટ ૨૦૪૭ ભવિષ્ય માટે આપણો માર્ગદર્શક રહેશે. રાજ્યના તમામ નીતિગત નિર્ણયો આ દ્રષ્ટિકોણ સાથે સુસંગત હોવા જોઈએ, ફડણવીસે જણાવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, મુખ્ય સચિવ રાજેશ કુમાર અને વિવિધ વિભાગોના

(જુઓ પાનું ૪) ▶▶

# વેનગંગા - નળગંગા નદીનો પ્રોજેક્ટ રિપોર્ટ ૧૫ ઓક્ટોબર સુધીમાં આપોઃ ફડણવીસ

મુંબઈઃ વેનગંગા - નળગંગા નદીઓને જોડતી પરિયોજનાનો વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) ૧૫ ઓક્ટોબર સુધીમાં રાજ્ય સરકારને સુપરત કરવાનો આદેશ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે અધિકારીઓને આપ્યો હતો.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે વિદર્ભ અને મરાઠવાડામાં પાણીની તંગી દૂર કરવા અને ખાતરીપૂર્વક સિંચાઈ પૂરી પાડવાની અપેક્ષા ધરાવતો આ પ્રોજેક્ટ નાણાકીય સહાય માટે કેન્દ્ર સમક્ષ પણ મૂકવામાં આવશે.

ફડણવીસે માહિતી આપી હતી કે 'કેન્દ્ર સરકાર પાસેથી ઓછામાં ઓછું ૨૫ ટકા

(જુઓ પાનું ૪) ▶▶




# લાડકી બહિણના ઑગસ્ટના ૧૫૦૦ રૂપિયા ક્યારે મળશે?

મુંબઈઃ ઓગસ્ટ મહિનો પૂરો થઈ ગયો છે, હવે સપ્ટેમ્બરનો પહેલો અઠવાડિયું પસાર થઈ ગયું છે, પરંતુ ઓગસ્ટ મહિનાનો ૧૫૦૦ રૂપિયાનો હપ્તો હજુ સુધી વહાલી બહેનોના ખાતામાં આવ્યો નથી. મુખ્યપ્રધાનની માજી લાડકી બહિણ યોજના હેઠળ, જુલાઈ સુધીના તમામ હપ્તા મહિલાઓના ખાતામાં જમા થઈ ગયા છે. જોકે, હવે ઓગસ્ટ મહિનાનો હપ્તો બાકી હોવાનું સામે આવ્યું છે.

મુખ્યમંત્રી માજી લાડકી બહિણ યોજના હેઠળ શરૂઆતમાં પૈસા સમયસર બેંક ખાતામાં જમા થતા હતા. જોકે, છેલ્લા બે થી ત્રણ મહિનાથી એવું

(જુઓ પાનું ૪) ▶▶

# કૉંગ્રેસ નેતા ઉદ્ધવની મુલાકાતે

મુંબઈઃ કોંગ્રેસના નેતાઓ સોમવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને તેમના નિવાસસ્થાને મળ્યા હતા, આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અને રાજ્ય વિધાનસભામાં વિપક્ષી નેતાઓ (એલઓપી)નાં ખાલી પદો અંગે ચર્ચા કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસના વરિષ્ઠ રાજકારણી બાળા સાહેબ થોરાત, વિધાનસભા પક્ષ (સીએલપી)ના નેતા વિજય વડેટ્ટીવાર અને ચીફ વ્હિપ અમીન પટેલનો સમાવેશ થાય છે.

'અમે આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અમે વિધાન પરિષદ અને

(જુઓ પાનું ૪) ▶▶

# મરાઠા દેખાવકારો સામેના ૮૨૬માંથી માત્ર ૮૬ કેસ પાછા ખેંચાયા

મુંબઈઃ રાજ્યમાં મરાઠા આંદોલનના દેખાવકારો સામેના પડતર કેસો પાછા ખેંચવાનું મુખ્ય પ્રધાને વારંવાર વચન આપ્યું છે. જોકે, વહીવટી તંત્ર દ્વારા છેલ્લા બે વર્ષમાં વિવિધ સ્થળોએ મરાઠા દેખાવકારો સામે નોંધાયેલા ૮૨૬ કેસોમાંથી માત્ર ૮૬ જ પાછા ખેંચવામાં આવ્યા છે. સરકારી સંપત્તિને નુકસાન અને પોલીસ પરના હુમલાને લગતા ૩૮ કેસ પાછા ન ખેંચવાની ભલામણ સમિતિએ ગૃહ વિભાગને કરી છે. આ અંગે મુખ્ય પ્રધાન શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

મનોજ જરાંગે પાટીલ મરાઠા સમુદાય માટે અનામત અને અન્ય માગણીઓ માટે દબાણ કરવા માટે જાલના જિલ્લાના આંતરવલી સરાટી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. એ સમયે

(જુઓ પાનું ૪) ▶▶


# વર્સોવા - બાંદ્રા સી-લિંક બાંધકામ ખર્ચમાં ૬ હજાર ૭૮૮ કરોડનો તોતિંગ વધારો

મુંબઈઃ મુંબઈમાં વર્સોવા-બાંદ્રા સી બ્રિજ એટલે કે સી લિંકના બાંધકામ ખર્ચમાં તોતિંગ વધારો થયો છે. માછીમારોની માગ મુજબ આ સી-લિન્કમાં કેટલાક ફેરફાર કરવામાં આવશે. જુહુ અને વર્સોવામાં ટ્રાફિકની સમસ્યા ટાળવા માટે આ ફેરફાર જરૂરી છે.

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)એ સ્વાતંત્ર્યવીર વીર સાવરકર વર્સોવા - બાંદ્રા સી લિંકના બાંધકામ ખર્ચમાં ૬ હજાર ૭૮૮ કરોડ રૂપિયાનો તોતિંગ વધારો કર્યો

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**